પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૫-૦૨-૨૦૨૬-ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૪૭ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# મોદીના પ્રતિભાવ વગર લોકસભામાં આભાર પ્રસ્તાવ પાસ

## યુએસ ડીલ અને પૂર્વ આર્મી ચીફ નરવણેના પુસ્તક સંદર્ભે વિપક્ષી દળોએ ગૃહમાં ધમાલ કરતા વારંવાર સભા મોકૂફ

નવી દિલ્હી, તા. ૫

સંસદના બજેટ સત્રમાં સાતમા દિવસે પણ યુએસ ડીલ અને ભૂતપૂર્વ આર્મી ચીફ એમએમ નરવણેના અપ્રકાશિત પુસ્તક પર હોબાળો ચાલુ રહ્યો. રાહુલ ગાંધીને લોકસભામાં બોલતા અટકાવવા પર વિપક્ષી સાંસદોએ હોબાળો ચાલુ રાખ્યો.

લોકસભા શરૂ થતાં જ સાંસદોએ સૂત્રોચ્ચાર કર્યા. ૬૫ સેકન્ડમાં જ કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી. બાદમાં કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યે ફરી શરૂ થઈ, પરંતુ માત્ર પાંચ મિનિટ પછી બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી.

રાહુલ ગાંધીને બોલતા અટકાવવાનો મુદ્દો રાજ્યસભામાં પણ ઉઠાવવામાં આવ્યો હતો. સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજુએ એલઓપી ખડગેને કહ્યું, "ચાર દિવસ થઈ ગયા છે. રાહુલ ગાંધી નિયમોનું પાલન કરતા નથી, તમે તેમને કેમ સમજાવતા નથી?"

રાજ્યસભાના નેતા જેપી નડ્ડાએ ખડગેને કહ્યું કે રાજ્યસભામાં લોકસભાની કાર્યવાહી પર ચર્ચા થઈ શકતી નથી. તેમણે કોંગ્રેસને એક અબોધ (માસૂમ) બાળકનું બંધક ન બનવા દેવા વિનંતી કરી.

હોબાળા બાદ, વિપક્ષી સાંસદો રાજ્યસભામાંથી વોકઆઉટ કરી ગયા. અહેવાલો સૂચવે છે કે વડાપ્રધાન આજે રાજ્યસભામાંસંબોધન કરી શકે છે. લોકસભાએ તેમના પ્રતિભાવ વિના આભાર પ્રસ્તાવ પસાર



કર્યો.પીએમ મોદી આજે સાંજે ૫ વાગ્યે રાજ્યસભામાં આભાર પ્રસ્તાવનો જવાબ આપી શકે છે. રાજ્યસભામાં ભાજપના સાંસદ સદાનંદ માસ્ટર દ્વારા આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.બીજેપી સાંસદ જગદંબિકા પાલે કહ્યું, "રવનીત બિટ્ટુને દેશદ્રોહી મિત્ર કહીને રાહુલ ગાંધીની ટિપ્પણીથી શીખ સમુદાયનું ચોક્કસપણે અપમાન થયું છે."રાહુલ ગાંધી જે નિવેદનો આપી રહ્યા છે તે જોતાં શું ખરેખર તેઓ દેશના દુશ્મન છે? તેઓ સંસદ અને લોકશાહી મૂલ્યોના દુશ્મન છે."

આ કદાચ પહેલી વાર બન્યું છે કે રાહુલ ગાંધીની એક મુદ્દા પરની જીદને કારણે રાષ્ટ્રપતિના ભાષણ પર ચાર દિવસની ચર્ચા સંપૂર્ણપણે બરબાદ થઈ ગઈ હોય.

રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ લોકસભામાં પસાર કરવામાં આવ્યો હતો. બજેટ સત્રમાં ૈન્ના જવાબ વિના પસાર કરવામાં આવ્યું હતું.હોબાળા વચ્ચે લોકસભાની કાર્યવાહી ફરી એકવાર બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી.

લોકસભાની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યે ફરી શરૂ થઈ. જોકે, વિપક્ષી સાંસદો ફરી એકવાર સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. તેઓ પ્લેકાર્ડ લઈને પહોંચ્યા. ઓમ બિરલાએ જવાબ આપતા કહ્યું, "જો તમે ગૃહમાં પ્લેકાર્ડ લાવશો, તો તમને બોલવા દેવામાં આવશે નહી."

# 'ભારતને ડરાવી શકશો નહીં' ટ્રેડ ડીલ મુદ્દે અમેરિકાને જણાવી દેવાયું હતું

## ભારતે ડોનાલ્ડ ટ્રમ્પની મુદત પુરી થાય ત્યાં સુધી રાહ જોવા તૈયાર હોવાનો અગાઉ જ આકરો સંદેશ આપી દીધો હતો

નવી દિલ્હી, તા. ૫

ભારત અને અમેરિકા વચ્ચે થયેલી વ્યાપાર સમજુતીમાં ભારતે રશિયન ક્રુડ તેલ નહીં ખરીદવા સહિતની જે શરતો સ્વીકારી છે તેવા દાવા સાથે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની ટેરીફ નીતિનો વિજય થયો છે તેવું પણ સાબિત કરવા પ્રયત્ન કરે છે પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે.

મહત્વનું એ છે કે, ભારત આ વ્યાપાર સમજુતીમાં ટ્રમ્પની શરતો અને જે રીતે અમેરિકી કૃષિ અને ડેરી પ્રોડકટ દેશમાં નહીં પ્રવેશવા દેવા મકકમ હતું તે સંદેશો ૨૦૨૫માં જ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને પહોંચાડી દેવાયો હતો.

બ્લુબર્ગના રીપોર્ટ મુજબ સપ્ટેમ્બર-૨૦૨૫માં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભલએ અમેરિકાના વિદેશ મંત્ર માર્ક રૂબીયો સાથેની બેઠકમાં સ્પષ્ટપણે કહી દીધુ હતું કે જો અમેરિકા આ વ્યાપાર કરાર માટે કોઈ દુરાગ્રહ રાખશે અને ભારતને તેની શરતો માન્ય રાખવા દબાણ લાવશે તો પણ ભારત તે સ્વીકારશે નહીં.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુદત પૂરી થવાની રાહ જોશે. અમેરિકાએ જે ૫૦ ટકા ટેરીફ ભારત પર ગત ઓગષ્ટ માસમાં લાદયા હતા તે પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્પષ્ટપણે વલણ અપનાવ્યું હતું.

અમેરિકી પ્રમુખ અને તેમના સાથીદારો ભલે આ ટ્રેડ ડીલને તેમનો વિજય ગણાવી રહ્યા હોય પણ વાસ્તવિકતા એ છે કે ભારતના મકકમ વલણથી અમેરિકાને પોતાના વલણમાં પીછેહઠ કરવાની ફરજ પડી છે એટલું જ નહીં ૫૦ ટકા ટેરીફના બદલે ચીન અને અન્ય દેશો કરતા ઓછા ૧૮ ટકા ટેરીફથી ભારતને સાથે રાખવા પ્રયત્ન કર્યો છે. બ્લુબર્ગ ૨૦૨૫ના સપ્ટેબર માસમાં રૂબિયો અને ડોભલની મુલાકાત સમયે પણ અહેવાલ આપ્યો હતો કે ભારતે તેનો આકરો સંદેશો અમેરિકાના પ્રમુખને પહોંચાડી દીધો છે.તે સમયે ટ્રમ્પ તંત્રના અધિકારીઓએ સતત ૫૦ ટકા ટેરીફના મુદ્દે

અનુસંધાન પાના ૭ પર

# વાટાઘાટો શરૂ કરવા પૂર્વે જ ટ્રમ્પે ઈરાનને ધમકી આપી

## શુક્રવારે મસ્કતમાં થનારી બેઠક પહેલા વોશિંગ્ટન -તહેરાન વચ્ચે તણાવ

વોશિંગ્ટન, તા. ૫

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીને ખુલ્લી ધમકી આપી છે. તેમણે કહ્યું કે, ખામેનીએ આ ક્ષેત્રમાં અમેરિકન સૈનિકોના નિર્માણ અંગે ચિંતા કરવી જોઈએ. તેમણે એવો પણ સંકેત આપ્યો કે જો તેહરાન પોતાનો પરમાણુ કાર્યક્રમ ફરી શરૂ કરવાનો પ્રયાસ કરશે તો તેને નવા હુમલાઓનો સામનો કરવો પડી શકે છે.

ટ્રમ્પની આ ધમકી ત્યારે આવી છે જ્યારે વોશિંગ્ટન અને તેહરાન આ અઠવાડિયે શુક્રવારે ઓમાનના મસ્કતમાં પરમાણુ વાટાઘાટો ફરી શરૂ કરવા માટે મળવાના છે. ટ્રમ્પએ એવો આગ્રહ રાખ્યો કે, "હું કહીશ કે તેમને ખૂબ ચિંતા હોવી જોઈએ. હા, તેમણે ચિંતા કરવી જોઈએ." તેમણે એમ પણ કહ્યું કે તેઓ તેમની સાથે વાતચીત કરી રહ્યા છે પરંતુ વધુ વિગતો આપી નથી.

અગાઉ, એવા અહેવાલો હતા કે અઠવાડિયાના અંતમાં યોજાનારી પરમાણુ વાટાઘાટો મુલતવી રાખવામાં આવી શકે છે. અમેરિકા વાટાઘાટોમાં ઈરાનના મિસાઈલ કાર્યક્રમનો સમાવેશ કરવા માંગતું

અનુસંધાન પાના ૭ પર

# વડાપ્રધાન મોદી અને શી જિનપિંગ સાથે ટ્રમ્પની ટેલીફોનિક વાતચીત

## ત્રણેય નેતાઓ વચ્ચે ઈરાન અને તાઈવાન સહિત અનેક મુદ્દાઓ પર લંબાણ પૂર્વકની ચર્ચા

નવી દિલ્હી, તા. ૫

ન્યુ દિલ્હી : બુધવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે લાંબી ફોન વાતચીત થઈ. ટ્રમ્પે કહ્યું કે તેમણે ઈરાનની પરિસ્થિતિ પર ચર્ચા કરી, કારણ કે અમેરિકા ઈચ્છે છે કે ચીન અને અન્ય દેશો તેહરાન સાથેના સંબંધો તોડી નાખે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર કહ્યું કે, તેમના શી સાથે ખૂબ સારા સંબંધો છે. તેમણે એપ્રિલમાં બેઈજિંગની તેમની આયોજિત મુલાકાતનો પણ ઉલ્લેખ કર્યો, જોકે ચીનના નિવેદનમાં આ યાત્રાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

ચીને ફક્ત ભવિષ્યના શિખર સંમેલનો વિશે વાત કરી. આ ઉપરાંત સોયાબીનનો ટ્વીટમાં ઉલ્લેખ કર્યો છે. ટ્રમ્પ દ્વારા લખાયું છે કે ચીન ૨૦ મિલિયન ટન



સોયાબીનની ખરીદી કરશે અને જે આવતા વર્ષે ૨૫ મિલિયન ટન સુધી પહોંચી જશે.

ઈરાનને લઈને બંને દેશો વચ્ચે તણાવ છે. ટ્રમ્પ વહીવટીતંત્ર ઈરાનના પરમાણુ કાર્યક્રમને રોકવા માટે દબાણ કરી રહ્યું છે. રિપબ્લિકન વહીવટીતંત્રનું કહેવું છે કે જૂનમાં ઈઝરાયલ સાથેના ૧૨ દિવસના યુદ્ધ અને અમેરિકાના બોમ્બમારાથી ઈરાનના પરમાણુ સ્થળોને નુકસાન થયું છે.

ટ્રમ્પે ધમકી આપી છે કે અમેરિકા ઈરાન સાથે વેપાર કરતા દેશોના માલ પર ૨૫ ટકા ટેક્સ લાદશે. ચીન હજુ પણ ઈરાનનો સૌથી મોટો વેપારી ભાગીદાર

અનુસંધાન પાના ૭ પર

# સેવામાં રહીને યુપીએસસીની પરિક્ષા આપવાનો રસ્તો બંધ

## રેન્ક સુધારવાની તક ફકત એકજ વાર મળશે : નવા નિયમો ૨૦૨૬થી લાગુ

નવી દિલ્હી, તા. ૫

સંઘ લોકસેવા આયોગ (UPSC) એ સિવિલ સેવા પરીક્ષા ૨૦૨૬નું નોટિફિકેશન બુધવારે જાહેર કર્યું છે. આયોગે આ વખતે ૯૩૩ પદો માટે ભરતી જાહેરાત બહાર પાડી છે. અરજી કરવાની છેલ્લી તારીખ ૨૪ ફેબ્રુઆરી છે.પરીક્ષા કેન્દ્રમાં ફેસ ઓથેન્ટિકેશન પછી જ પ્રવેશ આપવામાં આવશે. આ વખતે પ્રયાસ અને પાત્રતા સંબંધિત નિયમોમાં પણ મોટો ફેરફાર કરવામાં આવ્યો છે.આ મુજબ, હવે સિલેક્શન પછી ફરીથી પરીક્ષા આપવાની સ્વતંત્રતા પહેલા જેવી રહેશે નહીં. નવા નિયમોમાં સેવામાં રહેતા વારંવાર પરીક્ષા આપવાનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે.જ્યારે, IAS અને IFSને લઈને જૂના નિયમો યથાવત રાખવામાં આવ્યા છે. પસંદ કરાયેલા અધિકારીને એકવાર પરફોર્મન્સ સુધારવાની તક મળશે.જેમ કે, જો કોઈનું ૨૦૨૬માં IPSમાં સિલેક્શન થયું હોય, તો તે ૨૦૨૭માં પરફોર્મન્સ સુધારવા માટે પરીક્ષા આપવા પાત્ર બનશે. તે પછી જો તે પરીક્ષા આપવા માગે છે, તો તેને સેવામાંથી રાજીનામું આપવું પડશે.પહેલેથી જ IPSમાં પસંદ થયેલા અથવા નિયુક્ત ઉમેદવારો CSE ૨૦૨૬થી ફરીથી

અનુસંધાન પાના ૭ પર

# સોના-ચાંદીમાં રોકાણ સમજદારી નથી : મુકેશ અંબાણી

## ઉત્પાદકતા દ્વારા જ વાસ્તવિક સંપતિનુ સર્જન થાય છે : રિલાયન્સના વડા

નવી દિલ્હી, તા. ૫

સોના અને ચાંદીના ભાવ ફરી એકવાર રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગયા છે. પરંતુ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માલિક મુકેશ અંબાણીએ નિર્દેશ કર્યો છે કે ફક્ત આ ધાતુઓમાં પૈસા રોકવા એ મૂર્ખામી છે. તેમનું કહેવું છે કે ભારત જેવા ઝડપથી વિકસતા દેશમાં વાસ્તવિક સંપત્તિ સર્જનનો માર્ગ ઉત્પાદક સંપત્તિઓ, ખાસ કરીને શેરબજાર દ્વારા રહેલો છે.




જિયોની બ્લેકરોક પહેલની ચર્ચા કરતી વખતે, અંબાણીએ ચોંકાવનારા આંકડા રજૂ કર્યા. તેમના મતે ભારતે ગયા વર્ષે આશરે ૬૦ બિલિયન સોનું અને ૧૦-૧૫ બિલિયન ચાંદીની આયાત કરી હતી.આનો અર્થ એ થયો કે, અબજો ડોલર એવી ચીજવસ્તુઓમાં ફસાયેલા છે જે અર્થતંત્રમાં સીધા ઉત્પાદનમાં વધારો કરતા નથી. અંબાણીની સરળ દલીલ એ હતી.કે સોનું અને ચાંદી સુરક્ષા પૂરી પાડે છે પરંતુ વિકાસને વેગ આપતા નથી.મુકેશ અંબાણીએ કહ્યું કે, જો ભારતીય બચતનો નોંધપાત્ર હિસ્સો મૂડી બજારોમાં નાખવામાં આવે તો તે નાણાં કંપનીઓ, માળખાગત સુવિધાઓ અને નવી ટેકનોલોજીમાં રોકાણ કરવામાં આવશે.આનાથી વ્યવસાયોને વેગ મળશે, નોકરીઓનું સર્જન થશે અને સમય જતાં રોકાણકારોની સંપત્તિમાં વધારો થશે. તેમનો સંદેશ સ્પષ્ટ હતો- પૈસા તિજોરીઓમાં નહીં, અર્થવ્યવસ્થામાં કામ આવવા જોઈએ.આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે લોકો ફરી એકવાર સોના અને ચાંદીને સુરક્ષિત સ્વર્ગ તરીકે વિચારી રહ્યા છે. પરંતુ અંબાણીએ આ વિચારને પડકાર્યો. તેમણે કહ્યું કે કિંમતી ધાતુઓ મૂલ્ય જાળવી શકે છે પરંતુ તે નવું મૂલ્ય બનાવતા નથી. તેનાથી વિપરીત શેરબજારમાં રોકાણ કરાયેલા નાણાં કંપનીઓના વિકાસ સાથે જોડાયેલા છે અને તે જ સાચી સંપત્તિનું સર્જન છે.ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે ધ્યેય રાતોરાત સિસ્ટમ બદલવાનો નથી, પરંતુ લાખો ભારતીયો માટે રોકાણને સરળ, સુલભ અને વિશ્વસનીય બનાવવાનો છે. અંબાણીએ ભારતની અર્થવ્યવસ્થાને ફળદાયી વૃક્ષ તરીકે વર્ણવી જ્યાં સ્થિર નીતિઓ, મજબૂત નેતૃત્વ અને ઝડપી વિકાસ દર વૈશ્વિક ધ્યાન આકર્ષિત કરી રહ્યા છે. ભારત લાંબા ગાળે ૮-૧૦% વૃદ્ધિ દર પ્રાપ્ત કરી શકે છે અને ટકાવી શકે છે.

# બદરીનાથમાં માઈનસ ૧૫ ડિગ્રી તાપમાનમાં કઠોર યોગ સાધના

## સાધના કરી રહેલા સાધુ પર બેથી ત્રણ ફુટ બરફના થર

નવી દિલ્હી, તા. ૫

સાધના કરી રહેલા સાધુ પર બેથી ત્રણ ફુટ બરફના થર છવાઈ ગયા : ૧૫ સાધુઓ કરી રહ્યા છે યોગસાધના

આપણે સામાન્ય ઠંડીમાં થથરી ઉઠીએ છીએ અને ગરમ વો પહેરી લઈએ છીએ પણ હિમાલયની ઉંચાઈઓ પર હાડ કંપાવી દેતી ઠંડી સામે ૧૫ સાધુઓની આસ્થા અડગ છે. બદરીનાથમાં ૧૧ હજાર ફીટ ઉંચે માઈનસ ૧૫ ડીગ્રી સેલ્સીયસ તાપમાનમાં ૧૫ સાધુઓ કઠિન યોગ સાધનામાં લીન છે.

તસવીરોમાં જોવા મળે છે કે, તેમની આસપાસ બરફના થર જામી ગયા છે. બદરીનાથમાં બે થી ત્રણ ફુટ બરફની ચાદર છવાઈ ગઈ છે. સાંજ પડતા જ અહીં માઈનસ ૧૫ ડીગ્રી સેલ્સીયસ તાપમાન થઈ જાય છે.

આવી વિકટ સ્થિતિમાં સાક્ષાત ભૂ-વૈકુંઠ તરીકે ઓળખાતા બદરીનાથધામમાં સાધુઓની આસ્થાની અગ્નિ સામે ઠંડી પણ પીગળી ગઈ છે! સ્વામી અરઆનંદજી મહારાજ છેલ્લા ૪ વર્ષથી અહીં ૧૨ મહિના રહીને ભગવાન બદરીનાથના ધ્યાનમાં રહે છે. પ્રશાસનની મંજુરીથી આ સાધુઓ શીતકાલમાં ધ્યાન-યોગ કરી રહ્યા છે. પ્રશાસને તેમને સુરક્ષા, દવા, રાશનની વ્યવસ્થા કરી છે.

# ભારત કોઈ પણ દેશ પાસેથી તેલ ખરીદવા સ્વતંત્ર છે : રશિયા

## રશિયન તેલની ખરીદી સમાપ્ત કરી હોવાની કોઈ માહિતી નથી : દિમિત્રી પેસ્કોવ

નવી દિલ્હી, તા. ૫

રશિયાએ બુધવારે જણાવ્યું હતું કે ભારત કોઈપણ દેશ પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે સંપૂર્ણપણે સ્વતંત્ર છે. રશિયાના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું કે રશિયા ક્યારેય ભારતનો એકમાત્ર ઊર્જા ભાગીદાર રહ્યું નથી અને પુરવઠામાં ફેરફારને અસામાન્ય કે ખોટો ગણી શકાય નહીં.

પેસ્કોવે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે મોસ્કોને ભારત તરફથી રશિયન તેલની ખરીદી સમાપ્ત કરવા અંગે કોઈ સત્તાવાર સંદેશ મળ્યો નથી. તેમણે એક દિવસ પહેલા પણ આ જ વાતનું પુનરાવર્તન કર્યું હતું કે નવી દિલ્હી તરફથી આવા કોઈ સંકેત મળ્યા નથી.

પેસ્કોવનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે ભારતે અમેરિકા સાથે થયેલી ટ્રેડ ડીલ હેઠળ રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવા પર સહમતિ દર્શાવી છે.ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે જાહેરાત કરી હતી કે અમેરિકા અને ભારત વચ્ચે એક વેપાર કરાર થયો છે. આ હેઠળ અમેરિકાએ ભારતીય સામાન પર લાગતો ટેરિફ ૫૦%થી ઘટાડીને ૧૮% કરવા પર સહમતિ આપી છે.

તેના બદલામાં ટ્રમ્પનો દાવો છે કે ભારત, રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશે અને વેપાર સંબંધિત અવરોધો પણ ઘટાડશે. ભારતે તેમની આ જાહેરાતને ન તો સ્વીકારી છે કે ન તો નકારી છે.

આ દરમિયાન, રશિયાના ઉર્જા વિશ્લેષકોએ જણાવ્યું હતું કે ભારતીય રિફાઈનરીઓ માટે રશિયન ક્રૂડને સંપૂર્ણપણે બદલવું વ્યવહારુ નથી.નેશનલ એનર્જી સિક્યુરિટી ફંડના નિષ્ણાત ઈગોર યુશકોવે જણાવ્યું હતું કે અમેરિકન તેલ મોટે ભાગે હળવા ગ્રેડનું

અનુસંધાન પાના ૭ પર

# ૩૧ કલાક જામ બાદ મુંબઈ-પૂણે હાઈવે ખુલતા લાખો વાહન સવારોનો છુટકારો

નવી દિલ્હી, તા. ૫

મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર લગભગ ૩૧ કલાક બાદ ગુરુવારે સવારે ટ્રાફિક જામ ખુલી ગયો. અહીં ૩ ફેબ્રુઆરીથી દોઢ લાખ વાહનોમાં લોકો ફસાયા હતા. ગાડીઓની ૨૫ કિમી લાંબી કતારો લાગી ગઈ હતી. જામમાં ફસાયેલા લોકોને ભોજન, પાણી અને શૌચાલયની સુવિધાઓના અભાવે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો.

આ જામમાં ફસાયેલા લોકોમાં ઉદ્યોગપતિ અને પિનેકલ ગ્રુપના ચેરમેન ડો. સુધીર મહેતા પણ સામેલ હતા. તેઓ એક્સપ્રેસવે પર લગભગ આઠ કલાક સુધી ફસાયેલા રહ્યા અને બાદમાં તેમને હેલિકોપ્ટર દ્વારા પુણે લઈ જવામાં આવ્યા.



મહેતાએ બાદમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર હેલિકોપ્ટરથી લીધેલી જામની તસવીર શેર કરી.મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ખંડાલા ઘાટ સેક્શનમાં ૩ ફેબ્રુઆરીની સાંજે લગભગ ૫ વાગ્યે અડોશી ટનલ પાસે એક ગેસ ટેન્કર પલટી ગયું હતું. ટેન્કરમાંથી પ્રોપાઈલિન ગેસ લીક થઈ રહ્યો હતો. આ પછી સુરક્ષા કારણોસર એક્સપ્રેસવેના ઘણા ભાગો બંધ કરવા પડ્યા હતા.મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (MSRDC) અનુસાર, ટેન્કરમાં રહેલા પ્રોપિલિન ગેસને અન્ય ટેન્કરોમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો

અનુસંધાન પાના ૭ પર

## ગાડીઓની ૨૫ કિમી લાંબી કતારોમાં દોઢ લાખથી વધુ લોકો દોઢ દિવસ સુધી ફસાયા

# ટેક્સટાઈલ્સ માર્કેટ વિસ્તારમાં બાકી વેરા વસુલ કરવા ઝુંબેશ

## વેરો નહીં ભરનાર કાપડના ૧૭૭ વેપારીઓની દુકાનો સીલ





સુરત, તા.૫

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના ડે.મ્યુ.કમિશ્નરશ્રી નિલેશભાઇ એચ. પટેલની સુચના મુજબ મે.આસી.કમિશ્નરશ્રી દિપક એમ. રાઠોડના માર્ગદર્શન હેઠળ આકારણી અધિકારીશ્રી એ. વી. જગતાપ અને આકારણી વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજ ધ પલેસ માર્કેટ, રાજહંસ માર્કેટ, આર્શિવાર્દ માર્કેટ, પોલારીસ માર્કેટ તથા અન્ય માર્કેટોમાં આવેલ કોર્મર્શિયલ મિલકતોના કુલ બાકી વેરાના આશરે રૂ.૧૪૦૨,૩૪,૨૩૫/- સામે વેરા વસુલાતની કામગીરી ઘનિષ્ઠ બનાવવામાં આવતા લાંબા સમયથી વેરો ભરપાઇ ન કરતા કરદાતાઓમાં ફફડાટ ફેલાયો હતો. જેમાં પાછલી બાકી ધરાવતી મિલ્કતોને ટાંચમાં લઇ કુલ ૧૦૭ દુકાનો સીલ કરવામાં આવેલ છે. આથી ઘણાં કરદાતાઓએ સ્થળ પર જ રૂ.૪૩,૭૪,૦૦૦/- રકમની વસુલાત સહિત લિંબાયત ઝોન દ્વારા કુલ રૂ.૮૭,૫૦,૦૦૦/- વસુલાત કરવામાં આવેલ છે. વધુમાં તા.૦૪/૦૨/૨૦૨૬ સુધીમાં લિંબાયત ઝોન દ્વારા કુલ ૩૩૭.૨૧ કરોડ ડિમાન્ડની સામે કુલ ૨૦૮.૩૭ કરોડ, ૬૧.૭૯% ની વસુલાત કરવામાં આવેલ છે. વધુમાં આગામી દિવસોમાં પણ સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઇ ન કરતા કરદાતાની મિલ્કતોને ટાંચમાં લઇ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે. તથા રેસીડેન્સ એરીયામાં બાકીદારોની મિલકતોમાં નળ કનેકશન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની ઝુંબેશ કરવામાં આવનાર છે. આથી જે કરદાતાઓનો મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી તાત્કાલિક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

# બહેજમાં દીપડાનો ૫ વર્ષની બાળકી પર હુમલો



### વન વિભાગે પાંજરું ગોઠવ્યું

આ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાનો ત્રાસ વધ્યો છે, અગાઉ પણ દીપડાએ મરઘાંનું મારણ કર્યું હોવાની ફરિયાદો ઊઠી હતી. આ ઘટનાની જાણ થતાની સાથે જ ખેરગામ તાલુકા પંચાયતના પ્રમુખ રાજેશભાઈ પટેલે વન વિભાગને જાણ કરી હતી. વન વિભાગે ઘટનાની ગંભીરતા પારખી તાત્કાલિક પાંજરું ગોઠવ્યું હતું.

### આગલા દિવસે પટેલ ફળિયામાં દીપડો દેખાયો હતો

સોમવારે રાત્રે બહેજના પટેલ ફળિયામાં એક દીપડો નહેરની પાળી પર આરામ ફરમાવતો જોવા મળ્યો હતો. જો કે, લાઈટનો પ્રકાશ પડતાની સાથે જ દીપડો ઝાડીઓમાં પલાયન થઈ ગયો હતો. જેનો વિડીયો એક કાર ચાલકે કેમેરામાં કેદ કર્યો હતો અને તે સોશિયલ મીડિયા પર વાયરલ પણ થયો હતો. આ વિડીયો વાયરલ થયાના ગણતરીના કલાકોમાં જ બાળકી પર હુમલો થતાં ગ્રામજનોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. હાલમાં સમગ્ર બહેજ પંથકમાં ભયનો માહોલ છે અને લોકો ખેતરે જતા કે રાત્રે બહાર નીકળતા ગભરાઈ રહ્યા છે.

### વાડાના ભાગે રમી રહેલી રૂહી પર એકાએક દિપડો ત્રાટક્યો

ખેરગામ, તા.૫

ખેરગામ:ખેરગામના બહેજ ગામમાં દીપડાના સતત વધી રહેલા આંટાફેરાને કારણે ગ્રામજનોમાં ભારે દહેશતનો માહોલ ફેલાયો છે. મંગળવારે સાંજે આશરે ૫:૩૦ વાગ્યાના સુમારે બહેજ ગામના ઝરા ફળિયામાં જતીનભાઈ પટેલની ૫ વર્ષીય પુત્રી રૂહી પર દીપડાએ ઓચિંતો હુમલો કર્યો હતો. જે સમયે આ ઘટના બની ત્યારે માસૂમ રૂહી ઘરના પાછળના વાડામાં અન્ય બાળકો સાથે રમી રહી હતી. દરમિયાન રૂહીની માતા લાકડાં લેવા જતાં એ પાછળ પાછળ ગઈ હતી. દરમિયાન ઓચિંતા ધસી આવેલા દીપડાએ બાળકી પર હુમલો કર્યો હતો.દીપડાના હુમલાને પગલે બાળકોએ ચીસાચીસ કરી મૂકતાં આસપાસના લોકો તરત જ દોડી આવ્યા હતા, જેને જોતાં દીપડો બાળકીને છોડી ઝાડીઓમાં ભાગી છૂટ્યો હતો. લોહીલુહાણ હાલતમાં રૂહીને તાત્કાલિક ખેરગામ રેફરલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી, જ્યાંથી પ્રાથમિક સારવાર બાદ તેને વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડાઈ હતી.

# સુરત કચેરીમાં કાયમી સંયુક્ત ચેરીટી કમિશનરની નિમણૂંક કરવા માંગ

### ૧૫ વર્ષથી ઇન્ચાર્જ કમિશનર દ્વારા ચાલતી કામગીરીથી હજારો ટ્રસ્ટોની કામગીરીમાં વિલંબ : દર્શન નાયક

સુરત, તા.૫

દક્ષિણ ગુજરાતની ૭ જિલ્લાની એકમાત્ર સંયુક્ત ચેરિટી કમિશનર જી.સુરત ની કચેરીમાં કાયમી અધિકારીની નિમણુંક કરવા અંગે તથા નાયબ ચેરિટી કમિશનર તથા મદદનીશ ચેરિટી કમિશનરની કચેરીમાં કાયમી નિમણુંક કરવા બાબતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનેપ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા કરાયેલી લેખિત ફરિયાદમાં જણાવાયું છે કે, સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ૭ જિલ્લા જેમ કે સુરત, નવસારી, વલસાડ, ડાંગ ,નર્મદા અને તાપી મળીને આશરે ૪૦,૦૦૦ થી ૪૫,૦૦૦ જેટલા ટ્રસ્ટો નોંધાયેલા છે. જેમાં મુખ્યત્વે શૈક્ષણિક, મેડિકલ, મંદિરો, પારસી ટ્રસ્ટો, ક્રિશ્યન ટ્રસ્ટો જુદા જુદા સામાજિક ટ્રસ્ટો નોંધાયેલા છે અને તેવા ટ્રસ્ટો ઘણી સારી રીતે લોક ઉપયોગી પ્રવૃત્તિ કરી રહ્યા છે. આ ૭ જિલ્લાની એપેલેટ ઓથોરિટી તરીકે એક માત્ર કચેરી સુરત ખાતે સંયુક્ત ચેરિટી કમિશનર કચેરી સુરત ની આવેલ છે. સદર કચેરીમાં છેલ્લા ૧૫ વર્ષથી સંયુકત ચેરિટી કમિશનર

અનુસંધાન પાના ૭ પર

# એમેઝોન દ્વારા આઈઆઈટી રુરકી સાથે ભાગીદારી કરાઈ

### એગ્રીકલ્ચરલ વેસ્ટમાંથી નવીન પેકેજિંગ ઉકેલો IITરુરકી સાથે ભાગીદારી કરી

સુરત, તા.૫

અમદાવાદ, ૪ ફેબ્રુઆરી, ૨૦૨૫:એમેઝન ઇન્ડિયાએ આજે એગ્રીકલ્ચરલ વેસ્ટ (કૃષિ બગાડ)માંથી નવીન પેકેજિંગ મટીરિયલ વિકસાવવા માટે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (IIT) રુરકી સાથે ભાગીદારી કરી હોવાની ઘોષણા કરી છે. આ પ્રોજેક્ટનો હેતુ નોન-વુડ (લાકડાવિહીન) પેપર ટેકનોલોજીનું સર્જન કરવાનો છે જે એગ્રીકલ્ચર વેસ્ટને બાળવાને બદલે વર્જિન વુડ પલ્પ પરના દબાણમાં ઘટાડો કરે છે. આ વજનમાં હળવા છે પરંતુ મજબૂત પેકેજિંગ મટીરિયલ છે જે પરંપરાગત વુડ પલ્પ પેપર અથવાપ્લાસ્ટિક બેગ્સ સામે રિસાયક્લેબલ અને હોમ-કોમ્પોસ્ટેબલ વિકલ્પ પ્રદાન કરે છે.

આ સંશોધન ઘઉંની દાંડી અને બેગાસ જેવા પાકના અવશેષોને કાગળના મેઈલર્સ માટે ઉચ્ચ ગુણવત્તાવાળા પલ્પમાં રૂપાંતરિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે જે પરંપરાગત કાગળ પેકેજિંગની તુલનામાં કાર્યક્ષમ હશે. આ એગ્રીકલ્ચરલ વેસ્ટને મૂલ્યવાન પેકેજિંગ સામગ્રીમાં ફેરવીને ભારતમાં સ્ટ્રોબલ (લણણી પછી રહેલ શેષ પાક) બાળવાનું ઘટાડવામાં મદદ કરે છે. તે આયાતી વર્જિન લાકડાના પલ્પ પર નિર્ભરતા પણ ઘટાડે છે અને કૃષિ અવશેષો માટે બજાર પૂરું પાડીને ખેડૂતો માટે વધારાની આવક બનાવી શકે છે. IIT રુરકીના પેપર અને પેકેજિંગ ટેકનોલોજી વિભાગ સાથે સહયોગ ૧૫ મહિનાના સમયગાળામાં લેબ-સ્કેલ વિકાસ અને પરીક્ષણ સાથે શરૂ થશે. સફળ પ્રદર્શન પરીક્ષણોને આધિન, એમેઝોન આગામી વર્ષના મધ્યથી અંત સુધીમાં ઔદ્યોગિક પરીક્ષણો, પ્રક્રિયા માન્યતા અને વ્યાપારી ઉત્પાદનમાં પ્રગતિ માટે સમર્થન પૂરું પાડશે.

# પશ્ચિમ રેલ્વે ઉધના-ચારલાપલ્લી માટે સ્પેશિયલ ટ્રેન દોડાવશે

### સાપ્તાહીક સ્પેશિયલટ્રેન છ ટ્રિપ્સ મારશે

સુરત, તા.૫

પશ્ચિમ રેલ્વે મુસાફરોની સુવિધા અને વધારાના ભીડના કલાકોને પહોંચી વળવા માટે ખાસ ભાડા પર ખાસ ટ્રેનો ચલાવશે. પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી મુજબ, આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે: (૧) ટ્રેન નં. ૦૭૫૦૯/૦૭૫૦૮ ઉધના-ચારલાપલ્લી સાપ્તાહિક સ્પેશિયલ ચ૬ ટ્રિપ્સૃ ટ્રેન નં. ૦૭૫૦૯ ઉધના-ચારલાપલ્લી સ્પેશિયલ દર શુક્રવારે ઉધનાથી ૨૨:૪૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૯:૦૦ વાગ્યે ચારલાપલ્લી પહોંચશે. આ ટ્રેન ૬ ફેબ્રુઆરીથી ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૭૫૦૮ ચારલાપલ્લી-ઉધના સ્પેશિયલ દર ગુરુવારે ચારલાપલ્લીથી ૨૩:૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૨૦:૩૦ વાગ્યે ઉધના પહોંચશે. આ ટ્રેન ૫ ફેબ્રુઆરીથી ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ચાલશે. આ ટ્રેન બંને દિશામાં નંદુરબાર, જલગાંવ, ભુસાવલ, મલકાપુર, અકોલા, વાશિમ, હિંગોલી ડેક્કન, બાસમત, પૂર્ણા, નાંદેડ, મુદખેડ, ધર્માબાદ, બાસર, નિઝામાબાદ, કામારેડ્ડી અને મેડચલ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી-૨ ટાયર, એસી-૩

અનુસંધાન પાના ૭ પર



# અંધજન શાળામાં મફત સર્વાઈકલ કેન્સરની વેકસીનનો કેમ્પ યોજાયો

### શ્રી સુરતી મોઢ વણિક મહિલા સંગઠન દ્વારા સેવા કાર્ય

સુરત, તા.૫

અંધ જન શાળા માં ઘાએલ પરિવાર નો પુત્ર વ્યોમ ની બર્થ ડે નિમિત્તે સુ મો વ સંગઠન ના સંચાલન મીનાક્ષી બોડાવાલા ની ટીમ ડો. શાલીની હલવાવાલા. (પેથોલોજી) યુનીવર્સલ હોસ્પીટલ ના ડોક્ટર સ્ટાફ તેમજ નર્સીંગ સ્ટાફ અંધ જન શાળા ના પ્રિન્સિપાલ મનીષાબેન અને શાળા ની કન્યાઓ ના સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે સ્વાઈકલ કેન્સર ની વેકસીન (h p c) મફત રસી સુપુત્ર વ્યોમ ની બર્થ ડે નિમિત્તે મમ્મી મૈત્રીબેન પપ્પા જેનીસ ઘાયલ ની કોસ્મિક પ્રા.લિ.સદરહું કેમ્પ માંશાળા ની ૫૨ કન્યાઓને રસી મુકવામાં આવી હતી. ધો. ૧૦અને ૧૨ ના વિઘાથીઓને ટ્રાન્સફરન બોર્ડ(પાટિયુ) અને બોલપેન નો સેટ આપી પરિક્ષા મા સફળ થવા માટે સૌએ શુભેચ્છા પાઠવવામાં આવી.શાળાના સર્વે બાળકો ને સ્ટાફ ને કેક. વેફર ચોકલેટ આપી સૌને શુભેચ્છા પાઠવી. તેમજ શાળા માટે પાણી ના મોટા જગ ભેટ માં આપી આથિક મદદ નહી પરંતુ દિકરીઓના સુરક્ષિત ભવિષ્ય માટે નુ વેકસીન કવચ છે. આત્મ વિશ્વાસ સાથે આગળ વધી રહી છે.



# જહાંગીરાબાદ પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ભવ્ય કલા પ્રદર્શન યોજાયું

## પ્રદર્શનમાં વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા ઉજાગર

સુરત, તા.૫

પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, જહાંગીરાબાદ, સુરત ખાતે તારીખ ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને કલાપ્રતિભાને ઉજાગર કરતું ભવ્ય કલા પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય અતિથિ શ્રી કૃણાલભાઈ સેલરની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ઉપરાંત માનનીય મહેમાન તરીકે શ્રીમતી જિગીશા ચોલેરા, શ્રી પ્રશાંત મારુ તથા શ્રીમતી કૃષ્ણપ્રિયા સ્માર્ટ પણ ઉપસ્થિત રહ્યા હતા. પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી મનીષકુમાર પુરાણી તથા આમંત્રિત મહેમાનોએ કલા પ્રદર્શનની મુલાકાત લીધી અને વિદ્યાર્થીઓના કલાત્મક કાર્યોની પ્રશંસા કરી. તેમણે વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરી તેમની સર્જનાત્મકતા સતત વિકસાવતા રહેવા પ્રેરણા આપી.પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલા વિવિધ પ્રકારના કલાત્મક કાર્ય રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં તેમની કલ્પનાશક્તિ, સર્જનાત્મકતા અને અભિવ્યક્તિ સ્પષ્ટ દેખાતી હતી. આ ઉપરાંત પેરન્ટ ગેલેરી પણ પ્રદર્શિત કરવામાં આવી હતી, જેમાં માતા-પિતાની સહભાગિતા અને વિદ્યાર્થીઓના કાર્ય પ્રત્યેની પ્રશંસા દર્શાવવામાં આવી હતી.આ કલા પ્રદર્શન વિદ્યાર્થીઓ, માતા-પિતા તથા મુલાકાતીઓ માટે યાદગાર અનુભવ સાબિત થયું અને શાળાની સર્વાંગી શિક્ષણ તથા કલા-સર્જનાત્મકતાના પ્રોત્સાહન પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવ્યું.




# ખેરગામ ખાતેની જનતા માધ્યમિક શાળામાં ઈનામ વિતરણ કાર્યક્રમ

### સમારંભમાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અતિથિ બન્યા

ખેરગામ, તા.૫

ખેરગામ તાલુકાની સૌથી જૂની અને પ્રસિદ્ધ શાળા જનતા માધ્યમિક શાળા,ખેરગામ ખાતે વાર્ષિક પુરસ્કાર વિતરણ સમારંભનું આયોજન તારીખ : ૪/૨/૨૦૨૬ ના બુધવાર રોજ કરવામાં આવ્યું હતું. શાળા મંડળના પ્રમુખશ્રી અરવિંદભાઈ પટેલની અધ્યક્ષતામાં વાર્ષિક પુરસ્કાર વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં સંચાલક મંડળના ચેરમેનશ્રી પ્રશાંતભાઈ, મંત્રીશ્રી મુસ્તાનભાઈ, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને એન્જિનિયરિંગ કોલેજ, વલસાડમાં અધ્યાપક તરીકે ફરજ બજાવતા નિરલભાઈ પટેલ અને ખેરગામના નેશનલ કોમ્પ્યુટર સેન્ટરના હાર્દિક પટેલ ઉપરોક્ત કાર્યક્રમમાં હાજરી આપી હતી. દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી,શાળાના આચાર્યશ્રી ચેતનભાઈ કે.પટેલ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ પુષ્પો દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. શાળામાં પ્રાથમિક વિભાગ માધ્યમિક વિભાગ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં જે વિદ્યાર્થીઓએ શૈક્ષણિક ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરી હતી એ તમામને શાળાના ભૂતપૂર્વ શિક્ષકો દ્વારા સ્કોલરશીપ આપવામાં આવી હતી, તેના થકી તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામો આપવામાં આવ્યા હતા. શાળામાં વર્તમાનમાં ફરજ બજાવતા તમામ વિષય શિક્ષકોએ પોતાના વિષયને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને શીલ્ડ તેમજ રોકડ પુરસ્કારો પોતાના તરફથી એનાયત કર્યા હતા. નેશનલ કોમ્પ્યુટર્સ સ્થાપક હાર્દિક પટેલ દ્વારા ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષા ૨૦૨૫માં ઉત્તીર્ણ થયેલ પ્રથમ,દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા,શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી નીરલભાઈ પટેલ તરફથી ધોરણ ૧૨ બોર્ડ પરીક્ષા ૨૦૨૫માં સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યું હતું. સમગ્ર વર્ષ દરમિયાન શાળામાં સાંસ્કૃતિક તેમજ રમતગમત ક્ષેત્રે જે વિદ્યાર્થીઓએ વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરી તે બદલ પ્રમાણપત્રો એનાયત કરી બિરદાવામાં આવ્યા હતા.શાળાના સુપરવાઇઝરશ્રી મહેશભાઈ પટેલ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નો શૈક્ષણિક તેમજ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ સંદર્ભે વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો અને અંતે શાળાના શિક્ષકશ્રી યોગેશભાઈ લાડ દ્વારા આભાર વિધિ દ્વારા સમગ્ર કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યું હતો. સમગ્ર કાર્યક્રમને ખૂબ જ સફળતાપૂર્વક પરિપૂર્ણ કરવા શાળામાં બનાવેલી વિવિધ સમિતિઓ ખૂબ જ ખંતપૂર્વક કાર્ય કર્યું હતું. જેની નોંધ શાળા સંચાલક મંડળ અને ઉપસ્થિત તમામ મહેમાનશ્રીઓ લીધી હતી અને તમામ શિક્ષકોને બિરદાવ્યા હતા, ઉપરોક્ત કાર્યક્રમનું સમગ્ર સંચાલન શાળાના શિક્ષકશ્રી વિપુલભાઈ પવાર અને ડિમ્પલબેન આહીર દ્વારા કરવામાં આવ્યું હતું.

# ચેમ્બર દ્વારા સરસાણા ખાતે ત્રિદિવસીય પ્રદર્શન યોજાશે

### આવતી કાલથી એનર્જી-પાવર-ઇલેક્ટ્રિકલ એક્ષ્પો ૨૦૨૬'નું ભવ્ય આયોજન



સુરત, તા.૫

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના સંયુકત ઉપક્રમે તા. ૬, ૭ અને ૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ કલાક દરમ્યાન સુરત ઈન્ટરનેશનલ એકિઝબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે 'એનર્જી–પાવર–ઈલેકિટ્રકલ એક્ષ્પો ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા ઊર્જા, પાવર અને ઈલેકિટ્રકલ ક્ષેત્રના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને 'એનર્જી–પાવર–ઈલેકિટ્રકલ એક્ષ્પો ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. આ એક્ષ્પો માત્ર એક એકિઝબિશન નથી, પરંતુ ઊર્જા ક્ષેત્રની અદ્યતન ટેકનોલોજી, નવીન ઉત્પાદનો અને સસ્ટેનેબલ સોલ્યુશન્સ માટે એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડશે. સરકારની નીતિઓ, પીએસયુઝની ક્ષમતા અને ઔદ્યોગિક એકમોની નવીનતા – આ ત્રણેય વચ્ચે અસરકારક જોડાણ સ્થાપિત કરવાનો અમારો મુખ્ય હેતુ છે. 'પાવરીંગ ધ ફયુચર – ટુડે'ના થીમ હેઠળ આ એકિઝબીશન દ્વારા ગ્રીન એનર્જી, સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર અને આત્મનિર્ભર ભારતના વિઝનને મજબૂતી મળશે.

તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે એકિઝબિશન ડોમમાં ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે, જેમાં ઉદ્‌ઘાટક તરીકે બિહારના માનનીય રાજયપાલ શ્રી આરીફ મોહમ્મદ ખાન પધારશે અને તેમના વરદ્‌ હસ્તે એકિઝબિશનનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. આ સમારોહમાં કે.પી. ગૃપના ડિરેકટર શ્રી અફાન ફારૂક પટેલ અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવશે.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, સુરતના ૨૯ તથા અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, પૂણે, મુંબઇ અને ગાઝિયાબાદના મળી કુલ ૬૦ એકિઝબિટર્સ દ્વારા એક્ષ્પોમાં ભાગ લેવામાં આવ્યો છે, જેમાં ૬૫ ટકા મેન્યુફેકચરર્સ અને ૩૫ ટકા ટ્રેડર્સ અને ડિસ્ટ્રીબ્યુટર્સનો સમાવેશ થાય છે. એકિઝબિટર્સ દ્વારા રિન્યુએબલ એન્ડ કિલન એનર્જી સેકટર, સપોર્ટ'ગ સર્વિસિસ એન્ડ સોલ્યુશન્સ, ઈલેકિટ્રકલ ઈકિવપમેન્ટ અને કોમ્પોનન્ટસ અને સસ્ટેનેબિલિટી અને ગ્રીન ટેક સેગમેન્ટમાં વિવિધ પ્રોડકટનું પ્રદર્શન કરાશે. આ એક્ષ્પોમાં વિવિધ રાજ્યોના ગવર્નમેન્ટ

અનુસંધાન પાના ૭ પર



# સુરતના ઘણા આશિક છે, હું પણ એમાંથી એક : એમ. નાગરાજન

### ચેમ્બર દ્વારા સુરતના નવ નિયુકત મ્યુનિસિપલ કમિશનરનો સ્વાગત સમારોહ

સુરત, તા.૫

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સુરતના નવ નિયુકત મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજન માટે સ્વાગત સમારોહ યોજાયો હતો, જેમાં મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજને ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને નાગરિકો સાથે સંવાદ સાધ્યો હતો. સુરતના નવ નિયુકત મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજને જણાવ્યું હતું કે, સુરતના ઘણા આશિક છે, હું પણ એમાંથી એક પોતાને ગણું છું. સુરતમાં જે એક વખત આવી જાય એ સુરતી થઇ જાય છે. અધિકારીઓને પણ સુરતમાં કામ કરવાનું ગમે છે. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે સુરતને નવી દિશામાં આગળ લઈ જવાની મને જે જવાબદારી સોંપી છે, તે સુરતના નાગરિકો સાથે મળીને પૂર્ણ કરવાની

અનુસંધાન પાના ૭ પર

# દમણમાં વાહનની અડફેટે કોલેજની વિદ્યાર્થીનીનું મોત

દમણ, તા.૫

સંઘ પ્રદેશ દમણ ના મશાલ ચોક થી ત્રણ બત્તી જતા માર્ગ ઉપર એક પૂરપાટ ઝડપે ચાલી રહેલા ભારેખરેખમ વાહન ની અડફટે એક છાત્રા આવી જતા તેનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. એક દમણ ની પોલિટેકિનક કોલેજ માં અભ્યાસ કરતી છાત્રા નામ અંશુ ઉપાધ્યાય ઉંમર વર્ષ ૨૦ નું ઘટના સ્થળે મોત થતા અકસ્માત ની ઘટના ને પગલે પુરા પંથક માં શોક ની લાગણી પ્રસરી જવા પામી,ટ્રક ચાલક ઘટના સ્થળે થી ગાડી મૂકી ભાગી જવા માં સફળ બન્યો. ઘટના સ્થળે પોલીસ અધિકારી આવી ફરાર ગાડી ચાલક ની શોધખોળ હાથ ઘરી હતી. ટ્રક ચાલક ની શોધ ખોળ આદરી તેને જેલ ના સળીયા પાછળ ધકેલવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા. પોલીસ દ્વારા મૃતક ની લાશ નો કબ્જો લઇ નજીક ના સરકારી દવાખાને પી એમ માટે લઇ જવામાં આવી.

# મહિલાઓમાં પ્રિય રેડી બ્લાઉઝ

મહિલાઓમાં પ્રિય રેડી બ્લાઉઝ



સાડી સાથે જયારે સારા ફિટિંગ વાળું બ્લાઉઝ પહેરીયે ત્યારે જ ઓવરઓલ લુક સારો આવે છે. પ્રસંગ અને સાડીને અનુરૂપ તમે બ્લાઉઝની પસંદગી કરી શકો એટલેકે, કોન્ટ્રાસ્ટ કલરનું બ્લાઉઝ પહેરવું કે પછી સેલ્ફ ટુ સેલ્ફ જ કલર રાખવો છે. આ બધા સાથે બ્લાઉઝનું 'ફિટિંગ' પણ સારું હોવું ખૂબ જ જરૂરી છે. જો બ્લાઉઝ સીવડાવવાનું હોય તો બ્લાઉઝના કારીગર પાસે જ સીવડાવવું. બ્લાઉઝ જયારે સ્ટિચિંગમાં આપીયે ત્યારે જ ખ્યાલ આવે છે કે સીવવા આપવું કે નહીં. બધી જ મહિલાઓને બ્લાઉઝ સીવડાવવા એ સૌથી મોટો ત્રાસ લાગે છે.

દરેક મહિલાઓમાં એક હાથના માપ કરતા બીજા હાથના માપમાં થોડો તફાવત હોય છે. જેથી કરી ફિટિંગમાં થોડો ઘણો ફેરફાર થાય છે. બીજું જો તમારે આ બધી માથાઝીકમાં ન પડવું હોય તો તમે રેડીમેડ બ્લાઉઝ પહેરી શકો. રેડીમેડ બ્લાઉઝમાં પણ ઘણા ઓપશન આવે છે. કોટન ફેબ્રિકમાં, સિલ્ક ફેબ્રિકમાં અને સૌથી લોકપ્રિય છે સ્ટ્રેચેબલ હોઝિયરી બ્લાઉઝ છે. તમે પ્રસંગ અને સાડીને અનુરૂપ રેડીમેડ બ્લાઉઝની પસંદગી કરી શકો. અચાનક જ ક્યાંક પ્રસંગમાં જવાનું આવે તો રેડીમેડ બ્લાઉઝના હિસાબે અટકાવાતું નથી, બ્લાઉઝની કિંમત પોકેટ ફ્રેન્ડલી હોવાથી ૧ સાડી સાથે ૨ બ્લાઉઝ પણ વસાવી શકાય છે. ચાલો તો જાણીયે રેડીમેડ બ્લાઉઝ કયા પ્રકારના હોય અને તે કઈ રીતે પહેરી શકાય.

કોટન ફેબ્રિક- કોટન પ્રિન્ટેડ ફેબ્રિકમાં બ્લાઉઝના ઘણા ઓપશન આવે છે. સ્લીવ લેસ, હોલ્ટર, ફૂલ સ્લીવ્ઝ, શોર્ટ સ્લીવ્સ વગેરે વગેરે. કોટન પ્રિન્ટેડ બ્લાઉઝ સાડી સાથે મિક્સ એન્ડ મેચ કરવા માટે સારા લાગે છે. યન્ગ યુવતીઓ પ્રિન્ટેડ હોલ્ટર સ્કર્ટ કે ડેનિમ સાથે પણ મિક્સ એન્ડ મેચ કરે છે. જયારે તમે પ્રિન્ટેડ રેડીમેડ બ્લાઉઝ લેવા જાવ છો ત્યારે તમને ઘણા ઓપશન મળે છે. તમારી બોડી ટાઈપ મુજબ તમે બ્લાઉઝની પસંદગી કરી શકો.

જેમકે, જે યુવતી કે મહિલાનું સુડોળ શરીર હોય તેમણે, હોલ્ટર, શોર્ટ લેન્થ કે પછી સ્લીવલેસ બ્લાઉઝ પહેરી શકાય. જે મહિલાનું શરીર થોડું ભરેલું છે તેઓ એલ્બો સ્લીવ્ઝ પહેરી શકે. જેઓ ખૂબ જ પાતળા હોય તેઓ ફૂલ લીવ્ઝ પણ પહેરી શકે. કોટન પ્રિન્ટ ડબ્લૂઝની એ ખાસિયત હોય છે કે, તેની પ્રિન્ટ ખૂબ જ સુંદર હોય છે અને પ્લેન સાડી સાથે આ બ્લાઉઝ પહેરવાથી આખો લુક ચેન્જ થઇ જાય છે. જો તમારું શરીર ભરેલું હોય તો તમે ઝીણી પ્રિન્ટવાળા ફેબ્રિકમાંથી બનેલા બ્લાઉઝની પસંદગી કરી શકો. જો તમારું શરીર સુડોળ હોય તો તમે મોટા બુટ્ટાવાળી પ્રિન્ટ કે પછી બોલ્ડ જાલ પ્રિન્ટવાળું બ્લાઉઝ પણ પહેરી શકો.

સિલ્ક રેડીમેડ બ્લાઉઝ- પ્યોર સિલ્કમાં જે રેડીમેડ બ્લાઉઝ મળે છે તેમાં પ્રાઈઝમાં વેરિએશન હોય છે. બ્લાઉઝની કિંમત તેની પેટર્ન પરથી નક્કી થાય છે જેમકે, જો રો સિલ્કનું પ્લેન બ્લાઉઝ હોય અને તેમાં માત્ર ગોલ્ડન પાઈપિન હોય તો તેની કિંમત ઓછી હોય છે. સિલ્ક બ્લાઉઝમાં વર્ક પણ હોય છે. આવા બ્લાઉઝ ખાસ કરીને પ્રસંગોમાં જ પહેરવાંના હોય છે તેથી તેમાં વર્કવાળા બ્લાઉઝના ઓપશન વધારે હોય છે.







આ બધા બ્લાઉઝમાં કલર ઓપશન પણ ઘણા હોય છે જેથી સાડી સાથે મેચિંગ પણ આસાનીથી થઈ જાય છે. તમારા પ્રસંગને અનુરૂપ તમે ઓછા કે વધારે વર્કવાળા બ્લાઉઝની પસંદગી કરી શકો.

આ બ્લાઉઝની કિંમત પણ રિઝનેબલ હોય છે. જયારે રેડી બ્લાઉઝમાં કલર ઓપશન તમારી સામે હોય ત્યારે પસંદગી કરવી બહુ આસાન બની જાય છે. સિલ્ક ફેબ્રિકમાં સ્ટ્રેચેબલ ઈફેક્ટ નથી હોતી તેથી જયારે બ્લાઉઝ લેવા જાવ ત્યારે ખાસ કરીને બ્લાઉઝ માપીને લેવું. રેડી બ્લાઉઝમાં પેડેડ અને નોન પેડેડ પણ હોય છે. તમારા બોડીને અનુરૂપ તમે પેડેડ અને નોન પેડેડ બ્લાઉઝની પસંદગી કરી શકો.

સ્ટ્રેચેબલ બ્લાઉઝ- સ્ટ્રેચેબલ બ્લાઉઝ ખૂબ જ પ્રચલિત છે. સ્ટ્રેચેબલ બ્લાઉઝ ખાસ કરીને કોટન હોઝિયરી ફેબ્રિકમાંથી બનાવવામાં આવે છે તેથી પહેરવાંમાં ખૂબ જ કમ્ફર્ટેબલ લાગે છે. સ્ટ્રેચબલ બ્લાઉઝમાં બટન નથી હોતા, આવા બ્લાઉઝ ઉપરથી જ પહેરવાના હોય છે. કોટન હોઝિયરી ફેબ્રિકમાંથી બનેલા હોવાથી શરીર પર બરાબર બેસે છે. આ બ્લાઉઝમાં ઓપન નેક, કલોઝ નેક, સ્લીવ લેસ, શોર્ટ સ્લીવ્ઝ, અને ફૂલ સ્લીવ્ઝ એવા ઘણા ઓપશન આવે છે.

આ બ્લાઉઝ ખાસ કરીને પ્લેન ફેબ્રિકમાં વધારે હોય છે. કોટન પ્રિન્ટેડ સાડી સાથે સ્ટ્રેચેબલ બ્લાઉઝ એક ફેન્સી અને અટ્રેક્ટિવ લુક આપે છે. આ બ્લાઉઝ પહેર્યા પછી એક ટી શર્ટ જેવો લુક આપે છે. કલર ઓપશન પણ સારા એવા હોવાથી તમારી સાડી સાથે કોઈ તો મિક્સ એન્ડ મેચ થઇ જ જાય છે. એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે, જો તમારું શરીર વધારે ભરેલું હશે અને જો તમે સ્ટ્રેચેબલ બ્લાઉઝ પહેરશો તો, વધારાની ચરબી હાઈલાઈટ થશે. તેથી સ્થૂળ શરીર વાળી મહિલા કે યુવતીએ સ્ટ્રેચેબલ રેડીમેડ બ્લાઉઝ પહેરવાનું ટાળવું.

# બંગાળી વધૂની પરંપરાગત યાત્રા













ઋદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતાઃ- બંગાળી લગ્ન માત્ર એક વિધિ નથી, પરંતુ તે ભાવના, પરંપરા અને સંસ્કૃતિનું એક અનોખું સંમિશ્રણ છે. પેઢીદર પેઢીથી રચાયેલી બંગાળી કન્યાની સાજસજ્જા, રીવાજો અને આચાર આજેય આપણા મૂળની કહાણી વહન કરે છે. આ અહેવાલમાં એક વિશેષ કન્સેપ્ચ્યુઅલ ફોટોશૂટ દ્વારા બંગાળના વિવિધ પ્રદેશોની પરંપરાગત વધૂસજ્જા અને લગ્ન સંસ્કૃતિની વિવિધતા રજૂ કરવામાં આવી છે—જ્યાં ભૂતકાળની પરંપરા અને આધુનિક વિચારધારાનો સુંદર સહઅસ્તિત્વ જોવા મળે છે.

આ કાર્યક્રમના આયોજક તરીકે ચિત્રકાર રાજ ચક્રવર્તી અને પ્રખ્યાત મોડેલ ટીના પાત્ર હાજર હતા. આ કાર્યક્રમમાં મોડેલ્સ તરીકે હાજર હતા ટીના પાત્ર, મિનાશ્રી પોદ્દાર, રિયા સાહા, દિશાની રાય, સાયંતી માઈતી, સુસ્મિતા રાય, મૌલિસા કુંડુ, પાયલ માઝી, સૃજિતા સાહા અને રાઈમા આચાર્ય્ય. મેકઅપ આર્ટિસ્ટ્સમાં હતા તાનિયા સાઉ, અમૃતા ચૌહાન, અનુશ્રી બાસક, અર્પિતા પાલ, રિતા દાસ, તનુશ્રી મંડલ નાન, પોમ્પા દાસ મંડલ, પાયલ સાહા અને પાયલ હેલા. મુખ્ય અતિથિ તરીકે જયંત દાસગુપ્ત હાજર રહ્યા.

બંગાળી સંસ્કૃતિ સિવાય અહીં દિશાની રાયને રાધા રૂપે પણ જોવા મળ્યા. આ કન્સેપ્ચ્યુઅલ શૂટનો મુખ્ય ઉદ્દેશ બંગાળની લગ્ન સંસ્કૃતિ અને વધૂસજ્જાની વિવિધતાને સર્જનાત્મક રજૂઆત દ્વારા સંરક્ષિત કરવો, દસ્તાવેજીકરણ કરવું અને આધુનિક પેઢી સુધી નવી રીતે પહોંચાડવાનો હતો, જેથી પરંપરા અને સમકાલીન વિચાર વચ્ચે એક સેતુ રચાઈ શકે.કુલ મળીને આ કન્સેપ્ચ્યુઅલ ફોટોશૂટ સાબિત કરે છે કે બંગાળી લગ્ન માત્ર ભૂતકાળની યાદ નથી—તે આજેય સમાન રીતે જીવંત, રંગીન અને પ્રાસંગિક છે. પરંપરાને નવી ભાષામાં રજૂ કરવાનો આ પ્રયાસ બંગાળની સંસ્કૃતિને ભવિષ્ય તરફ વધુ ગર્વ સાથે આગળ લઈ જશે.



# શુભ મંગલમ્ વેડિંગ બજેટ વિશેષ ટિપ્સ

જ્યારે લાડલી દીકરીનાં લગ્નની વેળા આવે છે ત્યારે પોતાના બજેટમાં સારામાં સારી વ્યવસ્થા કરવાની ઈચ્છાની સાથે મનમાં ક્યાંક એક ડર હોય છે કે કોઈ ભૂલ થઈ ન જાય.

ઘણી વખત પૂરતી માહિતીના અભાવમાં લોકો બિનજરૂરી ખર્ચા કરી બેસે છે. આ પ્રકારની પરિસ્થિતિ ઊભી ન થાય તે માટે વૅડિંગ બજેટ નક્કી કરવું બહુ જરૂરી બની જાય છે.

લગ્નની તૈયારી શરૂ કરતી વખતે આટલું ધ્યાન રાખવુંઃ લગ્નની તૈયારી શરૂ કરતાં પહેલા એક વીક માર્કેટ સર્વેમાં લગાવો. આ કામ માટે તમે તમારાં સગાં-સંબંધી અથવા કોઈ મિત્રની સલાહ લઈ શકો છો. જેમને ત્યાં થોડા સમય પહેલાં જ લગ્નપ્રસંગ યોજાયો હોય તેમની મદદ લઈ શકાય.

કંકોતરી હોય કે લગ્નસ્થળ.

બેન્ડ હોય કે પછી આઉટફિટ લગ્નથી જોડાયેલી નાની-નાની વસ્તુઓના બુકિંગ પહેલાં તેના ભાવ જાણી લો કે કઈ જગ્યાએ મળે છે.

લગ્ન માટેની ખરીદી કરવા માટે રિટેલ માર્કેટને બદલે હોલસેલ માર્કેટમાં ખરીદી કરવા જાવ તેમજ તમારા લગ્નના બજેટનો અડધો ભાગ તમારી દીકરીની જ્વેલરી માટે રાખો.

૫અને વહાલી લાડકી પૂર્તિની વાચક બહેન દીકરીઓ!છેલ્લે સૌથી જરૂરી વાત, જેના કારણે મોટાભાગના લોકોના બજેટમાં વધારો થઈ જતો હોય છે અને પાછળથી અફસોસ કરવાનો જ રહે છે.

ક્યારેક બીજા લોકોની વાતમાં આવી બિનજરૂરી ખર્ચ ન કરો.

કાયમ પોતાની આર્થિક પરિસ્થિતિ જોઈને જ ખર્ચો કરવો જોઈએ જેથી કોઈ પાસે હાથ લાંબો કરવાની જરૂર ન પડે.

કારણ

જ્વેલરી શૃંગારની સાથે સાથે તમારી દીકરીને આર્થિક સુરક્ષા પણ આપે. તમારા લગ્નનું બજેટ લિમિટેડ હોય તો તમે લગ્નના બજેટમાં ડીજે ફ્લોરિસ્ટ બ્યુટિશિયન

મેંદી આર્ટિસ્ટ અને ટૂરના ખર્ચમાં આરામથી કાપ મૂકી શકો છો તેમ જ તમારી જરૂર મુજબ તમારા બજેટમાં નાના-મોટા ફેરફાર કરી બજેટનું બેલેન્સ જાળવી શકો છો. વૅડિંગ બજેટ માટે આ વિશેષ ટિપ્સ શુભ મંગલમ્ બને એવી સૌ વાચક બહેનોને શુભેચ્છા.

**છેલ્લે સૌથી જરૂરી વાત, જેના કારણે મોટાભાગના લોકોના બજેટમાં વધારો થઈ જતો હોય છે અને પાછળથી અફસોસ કરવાનો જ રહે છે.**

# તન-મનને તાજગીથી ભરી દેતી મૂલ્યવાન 'કેસર'





તારીખ ૨૩મી જાન્યુઆરી, ૨૦૨૬ને શુક્રવારના દિવસે વસંત પંચમીની ઊજવણી આપણે સર્વેએ ઉત્સાહપૂર્વક કરી. વિવિધતામાં એકતા ધરાવતો આપણો દેશ છે. ભારત તહેવારોના દેશ તરીકે વિશ્રવમાં લોકપ્રિય બનતો જાય છે. પ્રત્યેક ભારતીય ઉત્સવ પ્રિય જોવા મળે છે. વસંત પંચમીનો તહેવાર પ્રકૃતિને તાજગી બક્ષતો ગણાય છે. જીવનમાં નવીન ઉત્સાહ-ઉમંગ ભરી દે છે. ભારતના પ્રત્યેક મંદિરોમાં આ દિવસે ખાસ પીળા (કેસરિયા) વસ્ત્રો ધરાવવામાં આવે છે. એવું કહેવાય છે કે પીળો રંગ મા સરસ્વતીને અત્યંત પ્રિય છે. તેથી જ પીળા રંગનું આ દિવસે ખાસ મહત્ત્વ છે. પીળાં ગલગોટાના પુષ્પ-પીળી વાનગીનો નૈવેદ્ય ધરાવવામાં આવે છે. જેમાં કેસરનો ઉપયોગ અચૂક કરવામાં આવે છે. કેસરિયા પેંડા, બુંદીના લાડુ, ખીર, કેસરિયો ભાત, કેસરિયો શીરો કે લાપસી વગેરેનો સમાવેશ થાય છે. જ્ઞાનની દેવી મા સરસ્વતીની વર્ષગાંઠ હોવાથી તેમની ખાસ આરાધના કરવામાં આવે છે. એવું કહેવાય છે કે બ્રહ્માએ પંચમીના દિવસે વિશ્રવનું સર્જન કર્યું હતું. તેથી જ વસંત પંચમીના દિવસે શુભ કાર્યનો પ્રારંભ કરવામાં આવે છે. કોઈ ચોઘડિયા કે મુહૂર્ત જોવાની આવશ્યક્તા રહેતી નથી.

તો ચાલો આપણે પણ આજે પ્રભુની સેવામાં વારંવાર ઉપયોગમાં લેવાતી તેવી મૂલ્યવાન કેસરના સ્વાસ્થ્યવર્ધક ગુણો જાણી લઈએ.

આયુર્વેદમાં કેસરનું અત્યંત મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. કેસરનું સેવન નાના-મોટા બધાના સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી ગણાય છે. કેસર તન-મનને તાજગીપૂર્ણ બનાવવાની સાથે અનેક રોગથી રાહત આપવામાં મદદરૂપ બને છે. કેસર યાદશક્તિ વધારવામાં ગુણકારી ગણાય છે. સામાન્ય રીતે કેસરનું નામ સાંભળતાની કે વાંચતાની સાથે મોંઘી વસ્તુમાં તેની ગણતરી કરવામાં આવે છે. જેથી અનેક લોકો તેનો લાભ લેવાનું ટાળે છે. તેઓ રેસ્ટોરાંમાં કે રસ્તા ઉપરના ફાસ્ટફૂડ પાછળ ખર્ચો કરીને સ્વાસ્થ્યને જોખમમાં નાખવામાં કચવાતાં નથી, પરંતુ આરોગ્ય માટે ખર્ચો કરવાનું ટાળતાં હોય છે. નવા વર્ષમાં સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપીને આરોગ્યવર્ધક આહારને પ્રાધાન્ય આપવાનું લક્ષ્ય રાખવાની શરૂઆત કરીએ.

કેસરનો છોડ અનેક વર્ષો સુધી તાજગીભર્યો રહે છે. તેનાં મૂળ કંદમૂળ જેવી ગાંઠ ધરાવે છે. પર્ણ ઘાસ જેવાં લાંબા તેમજ પાતળાં હોય છે. કેસરનાં ફૂલો લાલ-નારંગી-જાંબુડી-ભૂખરા રંગના જોવા મળે છે. ફૂલના આગળના ભાગમાં રહેતાં સૂકા ભાગને કેસર કહેવામાં આવે છે. પ્રત્યેક ફૂલમાં ત્રણ કેસરના તાંતણા કેસર જોવા મળે છે.સામાન્ય રીતે ત્રણ પ્રકારની જોવા મળે છે. પ્રત્યેક કેસરના ગુણો અલગ-અલગ જોવા મળે છે.કાશ્મીરી કેસર, બ્લાહીકજ કેસર, પારસીકજ કે પારસ કેસર. સૌથી શ્રેષ્ઠ કેસર કાશ્મીરી કેસર ગણાય છે. જેનો રંગ લાલ હોય છે. અત્યંત પાતળાં રેસા ધરાવતી હોવાની સાથે તેની સુગંધ કમળના પુષ્પ જેવી મીઠી હોય છે. બાલ્હીકજ કેસર આ બલખ-બુખારા દેશની કેસર ગણાય છે. તેની સોડમ મધ જેવી હોય છે. કાશ્મીરી કેસરની તુલનામાં થોડી ઊતરતાં ક્રમાંકે આવે છે. પરસીકજ-પારસ કેસર આ ઈરાની કેસર તરીકે ઓળખાય છે. તેનો રંગ આછો પીળો જોવા મળે છે. તેની સુગંધ મધ જેવી જ આવે છે. કાશ્મીરી કેસરની તુલનામાં પારસ-કેસર પણ નીચલો નંબર ધરાવે છે. કેસરનું વાનસ્પતિક નામ ક્રોક્સ સૈટાઈવસ છે. સંસ્કૃતમાં કેસરને કુંકુમ, કેશર, કાશ્મીરજ ઘુસૃણ, હિન્દીમાં જાફરાન, કેસર, બંગાળીમાં જાપૈરાન, કશ્મીરમાં કોંગ, તમિળમાં કુંગમપુ, તેલુગુમાં કુન્કુમાપુવુ, પંજાબીમાં કેશલ તરીકે ઓળખવામાં આવે છે.દુનિયાના સૌથી મોંઘા મસાલા તરીકે કેસર ઓળખાય છે. વળી કેસરનો છોડ દુનિયાનો સૌથી મોંઘા છોડ તરીકે ઓળખાય છે. બજારમાં ૧ કિલો કેસરની કિંમત અઢી લાખ થી ત્રણ લાખની આસપાસ જોવા મળે છે. સુવર્ણની જેટલી કિંમત ધરાવતી હોવાથી કેસરની બીજી ઓળખ 'રેડ ગૉલ્ડ' બની ગઈ છે. એવું કહેવાય છે કે લગભગ ૨૩૦૦ વર્ષ પહેલાં ગ્રીસમાં સિકંદરની સેનાએ તેની ખેતી કરી હતી. એવું પણ કહેવાય છે કે મિસ્રની રહસ્યમય રાણી તરીકે લોકપ્રિય ક્લિયોપેટ્રાની સુંદરતાનું રહસ્ય કેસરમાં છુપાયેલું છે. કેમ કે રાણી સુંદરતા વધારવા માટે કેસરનો ઉપયોગ કરતાં હતાં. કેસરની ખેતી ભારત સહિત ફ્રાંસ, સ્પેન, ઈરાન, ઈટલી, ગ્રીસ, જર્મની, જાપાન, રશિયા. તુર્કિસ્તાન, પાકિસ્તાન, ચીન, ઑસ્ટ્રિયા તથા સ્વિટ્ઝર્લેન્ડમાં થાય છે. ભારતમાં ૫૭૦૭ હૅક્ટર જમીન ઉપર કેસરની ખેતી કરવામાં આવે છે. ૫૭૦૭માંથી ૪૪૯૬ હૅક્ટર જમીન ઉપર કેસરની ખેતી એકલી જમ્મૂ-કાશ્મીરમાં થાય છે. કેસરનો પાક વાવેતર બાદ ત્રણ માસમાં તૈયાર થતો હોય છે. વાર્ષિક ઉત્પાદન ૧૬૦૦૦ કિલોગ્રામની આસપાસ જોવા મળે છે. જમ્મુના કિશ્તવાડ તથા પંપોરના કેટલાંક ક્ષેત્રોમાં મુખ્યત્ત્વે કરવામાં આવે છે. હવે તો પૉલીહાઉસ તથા ઈન્ડોર ટેકનીક દ્વારા ગરમ રાજ્યો જેવા કે રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત, તેલંગાના, કર્ણાટક વગેરે રાજ્યોમાં સફળ ઉત્પાદન થવા લાગ્યું છે. ઓહોપહો..હોપ કેસરનો ભાવ આટલો બધો કેમ છે. તો ચાલો તેનું મુખ્ય કારણ જાણી લઈએ, કેસરના બે લાખ પુષ્પમાંથી લગભગ ૧ કિલો સૂકી કેસર પ્રાપ્ત થાય છે. આપને જાણીને નવાઈ લાગશે કે કેસરના એક ફૂલમાંથી ફક્ત ૩ કેસરના તાંતણા જ મળતાં હોય છે.કેસરનો ઉપયોગ આયુર્વેદમાં વિવિધ ઉપચારમાં થતો આવે છે. કેસરને શુભતાનું પ્રતીક ગણવામાં આવે છે. વિવિધ વ્યંજનોમાં કેસરનો ઉપયોગ કરવાથી પ્રત્યેક વ્યંજનનો સ્વાદ લાજબાવ બનાવી દે છે. મંદિર-દેરાસરમાં ખાસ કેસરના પાણીથી પ્રભુને સ્નાન કરાવવામાં આવે છે. કેસરનું તિલક પ્રભુને અત્યંત પ્યારથી કરવામાં આવે છે. કેસરનું તિલક ભક્તો પણ કરવાનું પસંદ કરે છે. કેસરનો ઉપયોગ હવે તો પાન-મસાલા તેમજ ગુટખામાં થતો જોવા મળે છે. તેથી જ કેસર માટે એવું કહેવાય છે કે તે એક મસાલો નહીં, પરંતુ ભારતીય પરંપરાનું પ્રતીક છે. કેસરનું મહત્ત્વ ધાર્મિક, સાંસ્કૃતિક, ઔષધીય તથા આર્થિક સ્તર ઉપર વિશેષ છે.કેસરમાં વિવિધ પોષક તત્ત્વો સમાયેલાં જોવા મળે છે. જેમ કે કૅલ્શિયમ, ઝિંક, પોટેશિયમ, આયર્ન, સોડિયમ, પ્રોટીન, ડાયેટરી ફાઈબર, મેગ્નેશ્યિમ, વિટામિન એ, વિટામિન સી વિટામિન બી-૬, ફોસ્ફરસની સાથે ક્રોસેટીન, સૈફરૈનલ, પાઈક્રોકોસિન નામક પિગમેન્ટ હોય છે.કેસર લૉ બ્લડ પ્રેશરને સુધારનાર, કફ નાશક ગણાય છે. સુંદરતા વધારવા માટે ઉપયોગી તેવા સૌંદર્ય-પ્રસાધન બનાવવા માટે કેસરનો ઉપયોગ ખાસ કરવામાં આવે છે. કેસરને ફક્ત હાથથી ચૂંટવામાં આવે છે. કેસરની ખેતી તથા તેને ચૂંટવાની પ્રક્રિયા અત્યંત અઘરી હોય છે. કેસરની તાસીર ગરમ હોય છે. તેથી ઠંડા પ્રદેશોમાં તથા શિયાળામાં તેનો ઉપયોગ ખાસ કરવામાં આવે છે. કેસરનો ઉપયોગ પ્રખ્યાત કાશ્મીરી કાઢો, કેસરિયા મસાલા દૂધમાં કરવાથી અત્યંત સ્વાદિષ્ટ લાગે છે. રોગપ્રતિકારક શક્તિ વધારવાની સાથે બળવર્ધક છે.કેસર અત્યંત મૂલ્યવાન હોવાથી બજારમાં બનાવટી કેસર મળવા લાગી છે. કેસર અસલી છે તે તપાસવા માટે ગરમ પાણી કે દૂધમાં તેના ૨-૩ તાંતણા ઉમેરવા. જો અસલી હશે તો ધીમે ધીમે રંગ છોડશે.

## તંત્રી લેખ...-

**ગુરૂવાર, તા. ૫ ફેબ્રુઆરી ૨૦૨૬**

# ભારત-અમેરિકા વચ્ચે સંધિ સાથે ખટાશ ધોવાઇ

આર્થિક મોરચે અમેરિકાએ ભારતની સામે તાણેલી તલવાર હવે મ્યાન કરી હોવાનું અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ઉત્સાહજનક જાહેરાત પરથી જણાઈ રહ્યુંઅ છે. એક તરફ ટ્રમ્પે ભારતની સામે લદાયેલા આકરા ટેરિફમાં ઘટાડો જાહેર કર્યો છે, તો લાંબા સમયથી અટવાયેલી વેપાર સમજૂતી માટે ભારત અને અમેરિકા વચ્ચે સમંતિ સધાઈ છે. આમ છેલ્લા થોડા સમયથી બન્ને દેશો વચ્ચે વ્યાપાર મોરચે સર્જાયેલી તંગદિલીનો અંત આવી રહ્યો છે. સોમવારે અમેરિકાના વડાપ્રધાને સોશિયલ મીડિયા પર દાવો કર્યો હતો કે, ભારત સાથે વેપાર સમજૂતી માટે સંમતિ સધાઈ છે તે મુજબ ૫૦ ટકા જકાતને ઘટાડીને ૧૮ ટકા કરી દેવાશે. સાથોસાથ ટ્રમ્પની આ જાહેરાતના પ્રતિસાદમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાની વસ્તુઓની સાથે જકાત અને તે સિવાયના નિયંત્રણોને દૂર કરવાનાં પગલાં લેવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે. રશિયાના ક્રૂડતેલની આયાત સહિતના મુદ્દે ભારત પર દબાણ લાવવા ટ્રમ્પે ૫૦ ટકા ટેરિફ લાદવાનું પગલું લીધું હતું. ત્યારથી બન્ને દશો વચ્ચેના સંબંધમાં ખટાશ આવી ગઈ હતી, પણ સોમવારના ઘટનાક્રમે આ ખટાશને ધોઈ નાખીને સંબંધોમાં નવી આશાનો સંચાર કર્યો છે. સાથોસાથ ભારતે અમેરિકાના ટેરિફના તોડ માટે દુનિયાભરમાં વિકલ્પ શોધવા શરૂ કરેલા પ્રયાસો સફળ થઈ રહ્યા છે તેની વચ્ચે આ અહેવાલે ભારતના આર્થિક ચિત્રને વધુ ઉજળું બનાવી મૂક્યું છે. અમ તો અમેરિકાએ ૫૦ ટકા ટેરિફ લગાવ્યો હેવા છતાં ભારતે રશિયા પાસેથી ક્રૂડ તેલની ખરીદી યથાવત્ રાખી હતી. હવે જે રીતે ટ્રમ્પે દાવો કર્યો છે કે, ભારત હવે રશિયાના ક્રૂડની ખરીદી બંધ કરીને અમેરિકા પાસે વધુ પ્રમાણમાં ખરીદી કરશે. અમેરિકાના રાષ્ટ્રપતિની વાત માનીએ તો ભારત કદાચ પોતાની ક્રૂડની જરૂરત પૂરી કરવા વેનેઝુએલા પાસેથી પણ ક્રૂડની ખરીદી કરી શકે છે. આ બધા વચ્ચે ભારતના રશિયા સાથેના સંબંધને જોતાં મોદી રશિયન ક્રૂડની ખરીદી સાવ અટકાવે છે કે કેમ તે જોવાનું રહેશે. ભારત અને અમેરિકા વચ્ચેના વેપારી સંબંધોમાં રશિયન ક્રૂડની સાથોસાથ ભારત પોતાના કૃષિ ક્ષેત્રને અમેરિકા માટે ખોલવા તૈયાર ન હોવાનો મુદ્દો પણ અંતરાય બની રહ્યો હતો. આમ તો ટ્રમ્પે ભારત સામેનો ટેરિફ ઘટાડવા કરેલી જાહેરાતથી જાગેલા આશાસ્પદ માહોલમાં હજી બન્ને દેશ વચ્ચેની વેપાર સમજૂતી આખરી સ્વરૂપ કેવું હશે તેની ઉપર સૌની નજર મંડાયેલી છે. આ સમજૂતીમાં કયા મુદ્દા પર કેવું વલણ લેવાય છે તે જોવાનું રહેશે. ભારતે અત્યાર સુધી અમેરિકાના હઠાગ્રહની સામે સાવધાની રાખીને મક્કમ વલણ લીધું છે તે આ સમજૂતીમાં પણ પ્રતિબિંબિત થાય એવી અપેક્ષા દેશવાસીઓ રાખી રહ્યા છે. ખાસ તો દેશના કિસાનો અને કૃષિક્ષેત્રના હિતોને જાળવવાનો પડકાર હજી ભારતે પાર પાડવાનો રહેશે. એક વાત નક્કી છે કે, ટ્રમ્પની સોમવારની જાહેરાત માત્રએ ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોને ફરી પાટે ચડાવી દીધા છે.

**સાથોસાથ ભારતે અમેરિકાના ટેરિફના તોડ માટે દુનિયાભરમાં વિકલ્પ શોધવા શરૂ કરેલા પ્રયાસો સફળ થઈ રહ્યા છે તેની વચ્ચે આ અહેવાલે ભારતના આર્થિક ચિત્રને વધુ ઉજળું બનાવી મૂક્યું છે. અમ તો અમેરિકાએ ૫૦ ટકા ટેરિફ લગાવ્યો હેવા છતાં ભારતે રશિયા પાસેથી ક્રૂડ તેલની ખરીદી યથાવત્ રાખી હતી.**

## રાજ્યપાલ-સરકારો વચ્ચે ઘર્ષણ

ભારતીય લોકશાહીમાં સરકારની સાથે વિપક્ષનું ઘર્ષણ ગંભીર અને અપ્રિય કડવાશ ઊભી કરી રહ્યુંઅ છે. મતમતાંતરથી વધુ આગળ વધી રહેલા આ સંઘર્ષમાં વિપક્ષ શાસિત રાજ્યોમાં કેન્દ્ર સરકારના બંધારણીય પ્રતિનિધિ રાજ્યપાલોને નિશાન બનાવવાનું ચલણ હવે સામાન્ય બની રહ્યુંઅ છે. વિપક્ષ શાસિત તામિલનાડુ અને કેરળની વિધાનસભાઓમાં જે રીતે રાજ્યપાલોને તેમના સંબોધન કરતા રોકવામાં આવ્યા તે સંસદીય લોકશાહી માટે લાલબત્તી સામન છે. ભારતીય સંસદીય વ્યવસ્થામાં રાજ્યપાલના હોદ્દાને ગરીમા, સંતુલન અને પરંચરાનું પ્રતીક ગણવામાં આવે છે. રાજ્ય વિધાનસભાના દરેક સત્રનો આરંભ રાજ્યપાલના સંબોધન સાથે થતો હોય છે. બંધારણ મુજબ રાજ્યપાલે રાજ્ય સરકારના મંત્રીમંડળ દ્વારા સ્વીકૃત ભાષણને વાંચવાનું હોય છે, તેમાં તેઓ પોતાનો વ્યક્તિગત મત આપી શકતા નથી, પણ કેરળ અને તામિલનાડુ વિધાનસભામાં જે કાંઈ બન્યું તેનાથી રાજભવન અને રાજ્ય સરકારો વચ્ચેના સંઘર્ષમાં ઉમેરો થયો છે. કેરળમાં પિનરાઈ સરકારનો આરોપ છે કે, રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરે મંત્રીમંડળે બહાલ કરેલા સંબોધનનું વાચન કર્યું ન

હતું. કેન્દ્રની આર્થિક નીતિને લીધે કેરળને જે મુશ્કેલીનો સામનો કરવો પડયો તે મુદ્દા રાજ્યપાલે વાંચ્યા ન હતા, તો તામિલનાડુમાં રાજ્યપાલ આર.એન. રવિએ નિયત સંબોધનમાં તથ્યો સાચા ન હોવાનું અને રાષ્ટ્રગાનનું માન જળવાયું ન હોવાનું કારણ આગળ ધરીને પ્રવચને વાંચ્યું ન હતું. દેશની સંઘીય વ્યવસ્થામાં રાજ્યપાલ માટે બંધારણીય મર્યાદાઓ પરિભાષિત કરાઈ છે, તેઓ તેમની ફરજ બંધારણના સંરક્ષક તરીકે બજાવે એવી અપેક્ષા રખાતી હોય છે, તેની કાર્યપદ્ધતિને રાજકારણથી પર રાખવાની હોય છે. રાજ્યપાલ વિધાનસભામાં ઊભા થઈને સંબોધન વાચવાનો ઈન્કાર કરીને રાજકીય વલણ લે એ પણ યોગ્ય ગણી શાકાય નહીં. એવું નથી કે, રાજ્યપાલના સંબોધનમાં વિવાદ થયો હોય એવો આ પ્રથમ પ્રસંગ હતો. તામિલનાડુ અને કેરળના બનાવોનો સાર અને સૂર એક સમાન છે. તામિલનાડુમાં રાજ્યપાલ અગાઉ પણ સંબોધન અધૂરું છોડીને જતા રહ્યા હતા, તો કેરળમાં અમુક ખરડા લાંબા સમયથી રાજ્યપાલની બહાલીની રાહમાં અટવાયા છે. ગયાં વર્ષે સવોચ્ચ અદાલતે એક મહત્ત્વના ચુકાદામાં કહ્યું હતું કે, રાષ્ટ્રપતિ કે રાજ્યપાલો ખરડાને બહાલી કેટલા સમયમાં આપે તેની સૂચના અદાલત આપી શકે નહીં. ખેરખર તો રાજ્યપાલો અને રાજ્ય સરકારોએ આવા સંઘર્ષને ટાળીને બંધારણીય વ્યવસ્થાને જાળવવા માટે ખાસ ધ્યાન આપવાની જરૂરત છે. બંનેએ આવા રાજકીય વિવાદ સર્જીને લોકશાહીના સંતુલનને ખોરવવાથી અળગા રહેવું જોઈએ.

### ચીન, બ્રાઝિલ વગેરે દેશો પણ રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદે જ છે

# ભારતે અત્યાર સુધી વેનેઝુએલા પાસેથી ક્રૂડ કેમ ના ખરીદ્યું?

## ગોયલે કરારની શરતોની વાત કરવાના બદલે રાહુલ ગાંધી લોકોને ગેરમાર્ગે દોરે છે

ભારત અને અમેરિકા વચ્ચે અંતે ટ્રેડ ડીલ એટલે કે વ્યાપાર કરારનું બધું નક્કી થઈ ગયું. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તો સોમવારે જ તેની જાહેરાત કરી નાખેલી પણ ભારતે ટ્રમ્પની વાતમાં હાજીયો નહોતો પૂરાવ્યો તેથી અવઢવ હતી. મંગળવારે સાંજે આપણા વ્યાપાર પ્રધાન પિયૂષ ગોયલે ટ્રમ્પની વાત સાચી હોવાનું જાહેર કર્યું પણ ભારત અને અમેરિકા વચ્ચેના ટ્રેડ ડીલની શરતો શું છે તેનો ફોડ ના પાડ્યો તેના કારણે હજુ અવઢવ તો છે જ.

ગોયલે કરારની શરતોની વાત કરવાના બદલે રાહુલ ગાંધી લોકોને ગેરમાર્ગે દોરે છે તેની પારાયણ શરૂ કરી દીધી. રાહુલ ગાંધીને ખોટા સાબિત કરવા માટે ગોયલે અમેરિકા સાથેના ટ્રેડ ડીલથી ખેડૂતો, માછીમારો, ઉદ્યોગો, નાના અને મધ્યમ કદના ઉદ્યોગો (એમએસએમઈ) વગેરેને બખ્ખાં થઈ જશે એ બધી વાતો પણ કરી પણ ખરેખર ડીલમાં શું છે તેની માંડીને વાત ના કરી. ગોયલે મોદીભક્તિ કરીને દાવો કર્યો કે, મોદીએ પોતાના ડોનલ્ડ ટ્રમ્પ સાથેના ગાઢ સંબંધો અને દોસ્તીનો ઉપયોગ કરીને ભારત માટે શક્ય શ્રેષ્ઠ કરાર કર્યો છે.

મીડિયાએ બહુ ઘોંચપરોણા કર્યા પછી ગોયલે મગનું નામ મરી ના જ પાડ્યું ને કરારની વિસ્તૃત વિગતો તો ના જ આપી. માત્ર એટલું બોલ્યા કે, કરારને લગતી ટેક્નિકલ પ્રક્રિયાઓ પૂરી થઈ જાય પછી ઔપચારિક રીતે સંયુક્ત જાહેરાત કરાશે. આ જાહેરાત ક્યારે કરાશે એ આપણને ખબર નથી પણ કોમેડી એ છે કે, કરારની વિગતો પૂરેપૂરી જાહેર થઈ નથી ત્યાં તો બહુમતી મીડિયાએ કરારને ઐતિહાસિક ગણાવીને તેનાં વખાણ શરૂ કરી દીધાં છે.ભેંસ ભાગોળે, છાસ છાગોળે ને ઘરમાં ઘમાઘમ જેવો માહોલ થઈ ગયો છે. ભારતને આ કરારથી કેવો જબરદસ્ત ફાયદો થશે ને ચીન-પાકિસ્તાન આ કરારથી બઘવાઈ ગયાં છે ત્યાંથી શરૂ કરીને ભારતના ક્યા ક્યા ઉદ્યોગોને ઘી-કેળાં થઈ જશે ત્યાં સુધીની વાતોનાં વડાં તળાવા માંડ્યાં છે. આ વાતો કેવી દમ વગરની છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ વેનેઝુએલા પાસેથી ક્રૂડની ખરીદીમાં ભારતને થનારા કહેવાતા ફાયદાની વાતો છે. આ કરારમાં ટ્રમ્પે એક શરત એવી મૂકી છે કે, ભારત રશિયા કે ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલ નહી ખરીદી શકે. એક આડ વાત પણ કરી લઈએ.

અમેરિકાના જાણીતા મીડિયા પર્સન ટકર કાર્લસને એવી કોમેન્ટ કરી છે કે, ભારત બહુ મોટો દેશ છે અને અમેરિકા ભારતને રશિયા પાસેથી ક્રૂડના ખરીદવાની ફરજ ના પાડી શકે. આ પ્રકારની ફરજ પાડવી કે શરતો મૂકવી એ કોઈ પણ દેશના સાર્વભૌમત્વનું અપમાન છે. ટકરભાઈની વાત સો ટકા સાચી છે પણ આ વાત આ દેશને સમજાવી જોઈએ ને?ખેર, મૂળ વાત પર પાછા આવીએ. ટ્રમ્પની ફાલતુ દલીલ એવી છે કે, ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદે છે તેના કારણે રશિયાનું અર્થતંત્ર બચી ગયું છે તેથી યુક્રેન પર બોમ્બ ઝીક્યા કરે છે. આડકતરી રીતે ટ્રમ્પ રશિયાના યુક્રેન સામેના યુદ્ધ માટે ભારત સહિતના ક્રૂડ ઓઈલ ખરીદતા દેશોને દોષિત ઠેરવી રહ્યા છે.

ચીન, બ્રાઝિલ વગેરે દેશો પણ રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદે જ છે પણ એ બધા દેશો ટ્રમ્પને ઘોળીને પી ગયા છે તેથી તેમના બકવાસને ગણકારતા નથી. આપણે ટૅરિફના કારણે રઘવાયા થયા તેમાં અમેરિકાના પગમાં આળોટી ગયા એટલે હવે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવાનું બંધ કરીશું ને તેના બદલે વેનેઝુએલા પાસેથી ક્રૂડ ખરીદીશું.અત્યાર લગી આપણે વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદતા નહોતા કેમ કે વેનેઝુએલા પાસેથી ક્રૂડની ખરીદી ફાયદાનો સોદો નથી. હવે અમેરિકાનું ફરમાન છે એટલે આપણે વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલ લેવું પડશે. મોદી સરકારે અમેરિકાનું ફરમાન માથે ચડાવ્યું છે એટલે અચાનક આપણા મીડિયાને વેનેઝુએલા પાસેથી ભારત ક્રૂડ ઓઈલ લેવાના ફાયદાનું બ્રહ્મજ્ઞાન થઈ ગયું છે અને વેનેઝુએલા પાસેથી ક્રુડની ખરીદીના શું ફાયદા થશે તેની વાતોનો મારો શરૂ થઈ ગયો છે. આ વાતો મોં-માથા વિનાની છે પણ આ વાતની એ લોકોને કોઈ શરમ નથી.

ભારત પહેલાં વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલ નહોતું ખરીદતું કેમ કે વેનેઝુએલાના ક્રૂડની ક્વોલિટી સારી નથી. વેનેઝુએલાનું ક્રૂડ હેવી ક્વોલિટીનું હોવાથી તેને રીફાઈન કરવું અઘરું છે. ભારત પાસે સારી રીફાઈનરીઓ હોવાથી તેને રીફાઈન તો કરી શકાય પણ તેનો ખર્ચ વધારે આવે ને કચરો પણ વધારે નિકળે. વેનેઝુએલાના ક્રૂડમાં સલ્ફરનું પ્રમાણ પણ વધારે હોય છે તેથી તેમાંથી બનતાં પેટ્રોલ-ડીઝલ સારી એવરેજ ના આપે. બીજું એ કે, વેનેઝુએલાથી ક્રૂડને ભારત લાવવાનો ટ્રાન્સપોર્ટેશનને ખર્ચ પણ બહુ મોંઘો પડે.

એક અંદાજ પ્રમાણે, બેરલદીઠ લગભગ ૪ ડોલરનો ખર્ચ વધી જાય. અત્યારે વૈશ્વિક સ્તરે ક્રૂડનો ભાવ ૬૦ ડોલરની આસપાસ છે એ જોતાં વેનેઝુએલાનું ક્રૂડ સાઉદી અરેબિયા, ઈરાક સહિતના દેશો કરતાં પાંચેક ટકા મોંઘું પડે. અત્યારે બીજો મોટો પ્રશ્ન અમેરિકાની દખલગીરીનો પણ છે. પહેલાં વેનેઝુએલા સ્વતંત્ર હતું પણ હવે તેના ક્રૂડ પર અમેરિકાનો કબજો છે તેથી અમેરિકાની શરતે ને ભાવે ક્રૂડ લેવું પડે.

રશિયા અને ઈરાન પાસેથી ક્રૂડની ખરીદીમાં આપણે આપણી શરતે ખરીદી કરતા હતા. ચૂકવણી રૂપિયામાં કરી શકતા ને આપણી ચીજો પણ બંને દેશોને આપી શકતા હતા. અમેરિકા તો ઉપરથી આપણને મૂંડી લેશે. ટેન્કરોના ઈન્સ્યોરન્સથી માંડીને ટ્રાન્સપોર્ટેશ સુધીનું બધું અમેરિકન કંપનીઓનું લેવું પડશે તેથી ખર્ચ વધશે. એ છતાં વેનેઝુએલાનું ક્રૂડ ખરીદવાથી ભારતને ફાયદો થશે એવી વાતો ચલાવાય છે. હે રામ!

અને આ તો હજુ શરૂઆત છે. આ કોરસ હજુ ઉગ્ર બનશે ને પછી શું શું જોવું પડશે તેનું ટ્રેલર પણ અત્યારે બતાવાઈ જ દેવાયું છે. મોદી અને ટ્રમ્પ વચ્ચે ૩૨ મિનિટની વાતચીત પછી કરાર અંગે સૈદ્ધાંતિક સહમતિ સધાઈ હતી. તેને કારણે કેટલાંક મીડિયાએ એવી હાસ્યાસ્પદ વાત પણ કરી નાખી છે કે, મોદીએ ૩૨ મિનિટમાં તો ટ્રમ્પને ઘૂંટણિયે પાડી દીધા.

ગોયલે પોતે સ્વીકાર્યું છે કે, ડોનલ્ડ ટ્રમ્પે લાદેલી ટૅરિફના કારણે ભારતની નિકાસને મોટો ફટકો પડ્યો હતો તેથી ભારત પાસે અમેરિકા સાથે ટ્રેલ ડીલ કર્યા વિના છૂટકો નહોતો. એ છતાં મોદીએ ટ્રમ્પને ઘૂંટણિયે પાડી દીધા એવા દાવા કરાય તેને ચાપલૂસીની ચરમસીમા ગણવી કે બુદ્ધિનું પ્રદર્શન? ભલા માણસ, સરકાર સત્તાવાર રીતે કરારની વિગતો જાહેર કરે તેની રાહ તો જુઓ? વિગતો જાહેર કરાય પછી કરવાં હોય એટલાં વખાણ કરજો પણ અત્યારે તો વગર લગ્ને મંગળિયાં ગાઈને ભૂંડા ના દેખાશો.

### બાંગ્લાદેશનું યોગ્ય નેતૃત્વ ન કરી શકી એવો આક્ષેપ

# હું બાંગ્લાદેશનું યોગ્ય નેતૃત્વ ન કરી શકી એવો આક્ષેપ

**• જૂન, ૧૯૯૬થી હું વડા પ્રધાન તરીકે પહેલા કાર્યભાર સાથે ઓફિસમાં દાખલ થઈ. ભારત સાથે ૩૦ વર્ષની પાણી વહેંચણી સંધિ પર હસ્તાક્ષર કર્યા. ઈન્ડેમ્નિટી એક્ટ રદ થયો.**

જે ઉંમરે હું દિલ્હીમાં રહીને મારી સુરક્ષા માટે ઝઝૂમી રહી છું એ જોતાં મને એવું સમજાય છે કે, ભારત મને બહુ લાંબા સમય માટે અહીં નહીં રાખે. મેં પહેલાં લંડન જવાનો પ્રયાસ કર્યો, પરંતુ યુનાઈટેડ કિંગડમ દ્વારા મારા રાજકીય આશ્રય મેળવવાની દરખાસ્તને નકારી કાઢવામાં આવી. યુએઈ, સાઉદી અરેબિયા, બેલારૂસ કે કતારમાં પણ જો મને આશ્રય મળ્યો હોત તો મેં સ્વીકાર્યો હોત.મારો ભત્રીજો ફિનલેન્ડ રહે છે એટલે મેં ત્યાં જવાનો પણ પ્રયત્ન કરી જોયો. મારો દીકરો સાજીદ વાઝેદ યુએસમાં રહે છે, પરંતુ યુએસ સરકારે બાંગ્લાદેશના મારા શાસન દરમિયાન મારી આકરી ટીકા કરી એટલું જ નહીં, ૩ વખત મને યુએન દ્વારા નોટિસ આપવામાં આવી, એથી યુએસ જવાનો પ્રશ્ન ઊભો થતો નથી.૧૯૯૧માં બીએનપીનો વિજય થયો, પરંતુ હું ૩ જગ્યાએથી ચૂંટણી લડી એમાંથી ૨માં હારી ગઈ. મેં મારી હાર સ્વીકારીને આવામી લીગના પક્ષ પ્રમુખ તરીકે રાજીનામું આપ્યું, પરંતુ મને પક્ષના નેતાઓએ વિનંતી કરીને પ્રમુખ તરીકે ચાલુ રહેવા આગ્રહ કર્યો. ૧૯૯૪માં બાંગ્લાદેશના રાજકારણે એક જબરજસ્ત વળાંક લીધો. મગુરારમાં ચૂંટણી યોજાઈ, પરંતુ બીએનપીના ઉમેદવારો ગોટાળા કરીને જીત્યા.૧૯૯૪થી સંસદનો બહિષ્કાર કરવાની શરૂઆત થઈ. જેનું નેતૃત્વ મેં લીધું. ખાલિદા ઝિયા અને મારી વચ્ચે અહીંથી પહેલી તિરાડ પડી. અત્યાર સુધીમાં મને સમજાઈ ગયું હતું કે, ખાલિદા ઝિયાએ મારો ઉપયોગ કરીને પોતાની સત્તા સ્થાપી-પરંતુ હવે એ નહીં ચાલે એવું અમે સૌએ મળીને નક્કી કર્યું. એક અઠવાડિયાની હડતાળ પાડવામાં આવી અને ૧૯૯૫ના અંતમાં અનેક સંસદ સભ્યોએ સામૂહિક રીતે રાજીનામું આપ્યું.

જૂન, ૧૯૯૬થી હું વડા પ્રધાન તરીકે પહેલા કાર્યભાર સાથે ઓફિસમાં દાખલ થઈ. ભારત સાથે ૩૦ વર્ષની પાણી વહેંચણી સંધિ પર હસ્તાક્ષર કર્યા. ઈન્ડેમ્નિટી એક્ટ રદ થયો. ચિત્તાગોંગ વિસ્તારમાં બળવાનો અંત લાવીને મેં યુનેસ્કોનો શાંતિ પુરસ્કાર જીત્યો. ૧૯૯૮માં બંગબંધુ બ્રીજ મેગા પ્રોજેક્ટ પૂરો કરીને નવી ઔદ્યોગિક નીતિ શરૂ કરી જેના પરિણામે બાંગ્લાદેશના અર્થતંત્રમાં જબરજસ્ત સુધારો થયો.૫મી પંચવર્ષીય યોજનામાં બેરોજગાર મહિલાઓ પર ધ્યાન આપીને અમે એક નવી જ દિશા ખોલી. એ સિવાય પણ અનેક નવી યોજનાઓ રજૂ કરીને અમે બાંગ્લાદેશને એક નવા વિશ્વમાં પ્રવેશ કરવા તૈયાર કર્યો. આ બધા છતાં ૨૦૦૧ની સામાન્ય ચૂંટણીમાં બીએનપી અન્ય પાર્ટીઓ સાથે અલાયન્સ કરીને ૨૩૪ બેઠકો જીતી. મારા પતિના વતનની સીટ પણ હું હારી ગઈ. રાષ્ટ્રપતિ અને કાર્યકારી સરકારની મદદથી ચૂંટણીમાં ગોટાળા કરીને ફોર પાર્ટી અલાયન્સ (બીએનપી)એ પોતાની સરકાર બનાવી. અમે ફરી એક વાર વિરોધ પક્ષમાં ગોઠવાયા.એ સમય દરમિયાન રાજકીય અશાંતિ અને હિંસામાં વધારો થયો. ૩ સાંસદને ગોળી મારવામાં આવી. આવામી લીગની જાહેરસભામાં ગ્રેનેડનો હુમલો થયો. જેમાં ૨૪ પાર્ટી વર્કર્સના મોત થયા. બીએનપીના વરિષ્ઠ ઉપાધ્યક્ષ તારીક રહેમાન સહિત અનેકને દોષિત ઠરાવવામાં આવ્યા જોકે, એ કેસને હાઈ કોર્ટમાં લઈ જઈને એમને નિર્દોષ જાહેર કરીને છોડાવવા માટે ખાલિદા ઝિયાએ ખૂબ મહેનત કરી. ૨૨ જાન્યુઆરી ૨૦૦૭ના રોજ યોજાનારી ચૂંટણી પહેલાના મહિનાઓ રાજકીય અશાંતિ અને વિવાદોથી ભરેલા હતા.ઓક્ટોબર ૨૦૦૬ માં ખાલિદા ઝિયાની સરકારના અંત પછી, વિરોધ પ્રદર્શનો અને હડતાળ થઈ, જે દરમિયાન આગામી મહિનામાં ૪૦ લોકો માર્યા ગયા, કારણ કે કાર્યકારી સરકારનું નેતૃત્વ કોણ કરશે તે અંગે અનિશ્ર્ચિતતા હતી. કાર્યકારી સરકારને બધા પક્ષોને ટેબલ પર લાવવામાં મુશ્કેલી પડી. આવામી લીગ અને મારા સાથીઓએ વિરોધ કર્યો અને આરોપ લગાવ્યો કે કાર્યકારી સરકારે બીએનપીની તરફેણ કરી.જાન્યુઆરી, ૨૦૦૭માં બાંગ્લાદેશની સ્થિતિ એટલી ખરાબ થઈ કે રાષ્ટ્રપતિ યાજુદ્દીન અહેમદને કટોકટી જાહેર કરવાની સ્થિતિ ઊભી થઈ. લેફ્ટ. જનરલ મોઈનઉદ્દીન અહેમદે સરકારનો કબજો લઈ લીધો. રાજકીય પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો અને ફકરુદ્દીન અહેમદ સેનાના સમર્થનથી ફરી એક વાર કંટ્રોલ લઈ શક્યા.૧૮ એપ્રિલ ૨૦૦૭ ના રોજ, સરકારે મારા પાછા ફરવા પર પ્રતિબંધ મૂક્યો, કારણ કે તેમણે ઉશ્કેરણીજનક નિવેદનો આપ્યાં હતાં અને મારા પાછા ફરવાથી અવ્યવસ્થા થઈ શકે છે. આને એક કામચલાઉ પગલું કહેવાયું. કાર્યકારી સરકાર ખાલિદા ઝિયા દેશ છોડવા માટે પણ પ્રયાસ કરી રહી હતી.મેં સ્વદેશ પાછા ફરવાનું વચન આપ્યું હતું, અને ૨૨ એપ્રિલ ૨૦૦૭ ના રોજ, હત્યાના આરોપમાં મારી ધરપકડ માટે વોરંટ જારી કરવામાં આવ્યું હતું. આ ‘સંપૂર્ણપણે ખોટો અને બનાવટી’ કેસ હતો. કોર્ટમાં આરોપો સામે પોતાનો બચાવ કરવાની માગણી કરી.૨૩ એપ્રિલ ૨૦૦૭ ના રોજ, ધરપકડ વોરંટ સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું, અને ૨૫ એપ્રિલ ૨૦૦૭ ના રોજ, મારા બાંગ્લાદેશ પ્રવેશ પરનો પ્રતિબંધ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો.યુનાઈટેડ સ્ટેટ્સ અને યુનાઈટેડ કિંગડમમાં ૫૧ દિવસ વિતાવ્યા પછી, ૭ મે ૨૦૦૭ ના રોજ હું ઢાકા પાછી ફરી, જ્યાં હજારો લોકોના ટોળા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. મેં એરપોર્ટ પર જ પ્રેસ કોન્ફરન્સ સંબોધી, પત્રકારોને કહ્યું કે સરકારે મને પાછી બોલાવવામાં આટલો વિલંબ ન કરવો જોઈતો હતો.૧૬ જુલાઈ ૨૦૦૭, મારી ધરપકડ મારા ઘરેથી કરવામાં આવી. મને ઢાકાની સ્થાનિક કોર્ટમાં લઈ જવામાં આવી.મારા પર ખંડણીનો આરોપ મૂકવામાં આવ્યો. જામીન નકારવામાં આવ્યા. મને જેલમાં રાખવામાં આવી. આ ધરપકડ રાજકીય રીતે પ્રેરિત હતી.૧૭ જુલાઈ ૨૦૦૭ના રોજ,ભ્રષ્ટાચાર વિરોધી પંચે મને અને ખાલિદા ઝિયા બંનેને નોટિસ મોકલી, અમને એક અઠવાડિયામાં અમારી સંપત્તિની વિગતો પ્રદાન કરવા સૂચના આપી. ૧૧ એપ્રિલના દિવસે મારી વિરુદ્ધ હત્યાના આરોપ દાખલ કરવામાં આવ્યા.૨ સપ્ટેમ્બર, પાવર પ્લાન્ટના બાંધકામ અને બીજા કોન્ટ્રાક્ટમાં મને ભ્રષ્ટાચારી સાબિત કરવામાં આવી. આ બધી પરિસ્થિતિમાં મારો દીકરો, મારી બહેન રેહાના અને મારા પિતરાઈ ભાઈ શેખ સલીમને પણ સંડોવવામાં આવ્યાં.

### ચોક્કસપણે, તે પુરુષને ક્ષણભરમાં સ્ત્રી વિરોધી’,અહંકારી’ અને પછાત વિચારધારાવાળો’ જાહેર કરી દેવામાં આવ્યો હોત.

# જ્યારે સ્ત્રી-પુરુષ સમાનતાના બેવડા ધોરણ રાખે ત્યારે

**• જો કોઈ પુરુષ જાહેરમાં પત્નીની કમાણી વિશે ટિપ્પણી કરે, તો સમાજ તેની એવી વલે’ કરી નાખે કેપ તેને સંસ્કાર વગરનો ગણવામાં આવે છે,**

તાજેતરમાં સોશિયલ મીડિયા પર ખેલ જગતની દિગ્ગજ ખેલાડી મેરી કોમની એક ટિપ્પણીએ મોટો વિવાદ છેડ્યો છે. મેરી કોમે એક ઈન્ટરવ્યૂમાં ગંભીરતાથી એવું નિવેદન આપ્યું કે તેનો પતિ એક પણ રૂપિયો કમાતો નથી અને આખો દિવસ ફૂટબોલ રમ્યા કરે છે. આ એક વાક્યએ ઈન્ટરનેટ પર ચર્ચાઓનું તોફાન ઊભું કરી દીધું છે.

સવાલ અહીં માત્ર એક ખેલાડીના અંગત જીવનનો નથી, પરંતુ સવાલ એ સામાજિક માનસિકતાનો છે, જે સ્ત્રી અને પુરુષ માટે સફળતા, કમાણી અને બલિદાનના માપદંડો અલગ-અલગ રાખે છે. આ ઘટનાએ એ કડવું સત્ય સપાટી પર લાવી દીધું છે કે આજે પણ આપણો સમાજ પુરુષ’ હોવાની વ્યાખ્યાને માત્રકમાણી’ સાથે જોડીને જુએ છે અને જયારે કોઈ પત્ની તેના પતિની બેરોજગારી કે ઓછી કમાણી પર કટાક્ષ કરે છે. ત્યારે તે સમાજમાં સ્વીકાર્ય બની જાય છે, પણ શું આ જ વાત કોઈ પુરષ બોલી શકે ખરો?



અહીં વિચારવા જેવી વાત એ છે કે જો આ જ સ્થાને કોઈ પ્રખ્યાત પુરુષ ખેલાડી કે સેલિબ્રિટીએ જાહેરમાં એવું કહ્યું હોત કે “મારી પત્ની કંઈ કમાતી નથી અને આખો દિવસ ઘરે બેસીને ટીવી જોયા કરે છે કે શોપિંગ કર્યા કરે છે,” તો શું થાત?

ચોક્કસપણે, તે પુરુષને ક્ષણભરમાં સ્ત્રી વિરોધી’,અહંકારી’ અને પછાત વિચારધારાવાળો’ જાહેર કરી દેવામાં આવ્યો હોત. તેના પર સ્ત્રીના અપમાનના આરોપ લાગત અને સોશિયલ મીડિયા પર તેને બાયકોટ કરવાની ઝુંબેશ શરૂ થઈ ગઈ હોત , પરંતુ જ્યારે મેરી કોમ જેવી વ્યક્તિ આવું બોલે છે ત્યારે તેનેમજબૂત સ્ત્રીનો આત્મવિશ્વાસ’ ગણીને જોવામાં આવે છે. આ તે બેવડા ધોરણ છે જે પુરુષકેન્દ્રી દૃષ્ટિકોણથી જોતા અન્યાયી લાગે છે. પુરુષ હંમેશાંથી એક પ્રોવાઈડર’ એટલે કે ઘર ચલાવનારની ભૂમિકામાં રહ્યો છે. જો તે કમાય નહીં તો સમાજની નજરમાં તેની કોઈ કિંમત રહેતી નથી. મેરી કોમના કિસ્સામાં તેના પતિ ઓન્લર કોમે પોતાની કારકિર્દીનો ભોગ આપીને મેરી કોમને વિશ્વ ચેમ્પિયન બનાવવા માટે ઘર સંભાળ્યું છે. એક પુરુષ જ્યારે પોતાની પત્નીની સફળતા માટે પાછળ રહીને પાયાનો પથ્થર બને છે. ત્યારે તેની એ મહેનતને’કંઈ ન કમાવા’ સાથે સરખાવવી એ તેના પુરુષત્વ અને તેના બલિદાનનું અપમાન છે. સમાજમાં આજે પણ એવી માનસિકતા ઘર કરી ગઈ છે કે પત્ની ભલે લાખો કમાતી હોય, પણ જો પતિ ન કમાતો હોય તો તેનેનકામો’ ગણવામાં આવે છે. કોઈ પુષ જ્યારે પત્નીની કમાણી પર નિર્ભર રહે છે, ત્યારે તેને ઘરજમાઈ’ કેબાયલો’ જેવા શબ્દોથી નવાજવામાં આવે છે, પરંતુ કોઈ સ્ત્રી પતિની કમાણી પર જીવે તો તેને સૌભાગ્યશાળી’ માનવામાં આવે છે. આ તફાવત જ પુરુષ વર્ગ માટે માનસિક દબાણ ઊભું કરે છે. મેરી કોમની કમેન્ટ પર જે બબાલ મચી તે એ વાતનો પુરાવો છે કે હવે પુરુષો પણ પોતાના સન્માન માટે અવાજ ઉઠાવતા શીખ્યા છે. પુરુષો પૂછી રહ્યા છે કે શું અમારું કામ, અમારો ત્યાગ અને અમારો સમય માત્ર એટલા માટે શૂન્ય છે, કારણ કે અમે બેંક બેલેન્સમાં વધારો નથી કરી રહ્યા? જો એક સ્ત્રી ગૃહિણી (હાઉસવાઈફ) તરીકે માન સન્માનની

હકદાર છે. તો એક પુષહાઉસહસબન્ડ’ તરીકે કેમ નહીં? શા માટે તેની મજાક ઉડાવવામાં આવે છે?

જો કોઈ પુરુષ જાહેરમાં પત્નીની કમાણી વિશે ટિપ્પણી કરે, તો સમાજ તેની એવી વલે’ કરી નાખે કેપ તેને સંસ્કાર વગરનો ગણવામાં આવે છે, પરંતુ સ્ત્રી જ્યારે આવું બોલે છે ત્યારે તેનેમોઢા પર બોલનારી’ (સ્ટ્રેટ ફોરવર્ડ) ગણીને છોડી દેવાય છે. આ અસમાનતા પુરુષને માનસિક રીતે તોડી નાખે છે. વાસ્તવમાં, લગ્ન એ એક ભાગીદારી છે જ્યાં બંનેના યોગદાનનું મૂલ્ય સરખું હોવું જોઈએ. જો ઓન્લર કોમે મેરી કોમના બાળકો ન સાચવ્યા હોત કે ઘરની જવાબદારી ન ઉપાડી હોત તો શું મેરી કોમ આટલા મેડલ જીતી શકી હોત? કદાચ ના. ..તો પછી કમાણીના આંકડા જોઈને કોઈના યોગદાનને ઓછું આંકવું એ કેટલી હદે યોગ્ય ગણાય ?આ વિવાદે એ વાત સાબિત કરી છે કે સ્ત્રી સશક્તિકરણનો અર્થ પુરુષને નીચા દેખાડવાનો ક્યારેય ન હોઈ શકે. સાચું સશક્તિકરણ એ છે જ્યાં બંને લિંગ એકબીજાના પૂરક બને, નહીં કે હરીફ !



# આ દુનિયામાં દરેકને પ્રેમ મળવો જોઈએ : મૃણાલ

## ધનુષ સાથે લગ્ન બાબતે મૃણાલે મૌન તોડ્યું

મૃણાલ હાલ તેના નવા સિંગલ 'ભીગી ભીગી'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. સાથે જ છેલ્લા કેટલાંક વખતથી તેનાં ધનુષ સાથે લગ્ન થવાની ચર્ચા પણ વારંવાર વાયરલ થઈ રહી છે. ત્યારે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં મૃણાલ ઠાકુરે આ અંગે ખુલાસો કર્યો છે અને પ્રેમ માટેના તેના વિચારો વ્યક્ત કર્યાં હતાં. મૃણાલે કહ્યું હતું કે પ્રેમ એવી બાબત છે કે જે વ્યક્તિને પોતાનાં એક સારા વર્ઝનનો પરિચય કરાવે છે.

એક ઈન્ટરવ્યુમાં મૃણાલે કહ્યું, "મને લાગે છે કે પ્રેમ એક સુંદર લાગણી છે અને આ દુનિયામાં દરેકને તેનો અનુભવ થવો જોઈએ. તે તમને એક સારી વ્યક્તિ બનવામાં મદદ કરે છે. તે ખરેખર તમારી અંદરના બાળકને ફરી મોટું કરવા અને તેની તકલીફો દુર કરવા જેવો અનુભવ છે. એ દુનિયાની સૌથી સુંદર બાબત સમાન છે. હું ખરેખર પ્રાર્થના કરું છું અને આશા રાખું છું કે દુનિયામાં દરેકને પ્રેમ મળે."

સ્ત્રી જ્યારે પ્રેમમમાં હોય છે, ત્યારે તેનામાં સમર્પણ ભાવ વધુ હોય છે, આ અંગે એક સ્પષ્ટતા કરતાં મૃણાલે જણાવ્યું, "જરૂરી નથી. હું આ વાતમાં સહમત નથી. જે પણ પ્રેમમાં હોય, તેનામાં સમર્પણભાવ હોય છે. પરંતુ પ્રેમમાં સ્વીકૃતિ પણ મહત્વની છે. ક્યારેક પ્રેમ પામવો અને પ્રેમની નોંધ લેવાય તે અઘરું હોય છે. પ્રેમની પરિભાષા બદલાઈ રહી છે."

આગળ મૃણાલ કહે છે, "જો કોઈ એક વાત સતત હોય તો એ પ્રેમ છે. તમે તેને કઈ રીતે સમજો છો, તે મહત્વનું છે, એક પ્રેમી તરીકે કે એક પ્રેમ પામનાર તરીકે. સ્ત્રી છે કે પુરુષ, તેનાથી કોઈ ફરક પડતો નથી. તમે પ્રેમમાં હોય એ વ્યક્તિ માટે તમે બધું જ કરો છો. તમે તેને સમર્પિત થઈ જાઓ છો." તેનું ગીત ભીગી ભીગી ઈર્શાદ કામિલે લખ્યું છે અને રહેમાને કમ્પોઝ કર્યું છે, તેમજ જસલીન રોયલે ગાયું છે. તેમાં તેની સાથે દલકીર સલમાન પણ છે.







# રણવીર સિંહની 'ધુરંધર ૨' અને યશની 'ટોક્સિક' સાથે 'ડાકોઇટ'એ ટક્કર ટાળી

અદિવી સેશ અને મૃણાલ ઠાકુરની ફિલ્મ 'ડાકોઈટ'ને વધુ અનુકૂળ થિયેટ્રિકલ રિલીઝ મળે તે માટે તેની રિલીઝ તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ ફિલ્મ પહેલા ૧૯ માર્ચના રોજ રિલીઝ થવાની હતી અને તેના કારણે બોક્સ ઓફિસ પર મોટી ટક્કર થવાની શક્યતા હતી, કારણ કે રણવીર સિંહની 'ધુરંધરઃ ધ રિવેન્જ' અને યશની 'ટોક્સિકઃ અ ફેરીટેલ ફોર ગ્રોન-અપ્સ' આ જ દિવસે રિલીઝ થઈ રહી. પરંતુ હવે ક્લેશ ટાળવા માટે ફિલ્મને મુલતવી રાખવામાં આવી છે.

'ડાકોઈટ'ના નિર્માતાઓએ ફિલ્મને પોસ્ટપોન કરવાનો નિર્ણય લીધો છે અને હવે ફિલ્મ ૧૦ એપ્રિલના રોજ રિલીઝ થશે. આ નિર્ણય ફિલ્મને વધુ સરળ અને સફળ થિયેટ્રિકલ રન મળે તે હેતુથી લેવામાં આવ્યો છે. નિર્માતાઓએ બંને મોટી ફિલ્મો અને તેમની ક્રિએટિવ ટીમ પ્રત્યે સન્માન વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે "ફિલ્મને તેનો યોગ્ય સમય અને અવસર મળે અને દર્શકો દરેક ફિલ્મને પોતાની રીતે માણી શકે." તે માટે આ નિર્ણય લેવાયો છે. ડેબ્યુ ડિરેક્ટર શૈનેલ ડિઓ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં અદિવી સેશ એક ઈન્સ્પેક્ટરની ભૂમિકા ભજવે છે. ફિલ્મની કહાની બે ભૂતપૂર્વ પ્રેમીઓની આસપાસ ફરે છે, જે અનેક લૂંટફાટને અંજામ આપવા મજબૂર થાય છે. ફિલ્મમાં પ્રકાશ રાજ અને અનુરાગ કશ્યપ પણ મહત્વની ભૂમિકામાં છે.



# અજયની 'ગોલમાલ ૫'માં અક્ષયકુમાર વિલન બનશે

બોલિવૂડની જાણીતી કોમેડી ફિલ્મ સિરીઝ ગોલમાલના પાંચમા ભાગના કાસ્ટિંગ અંગે એક મહત્વની ખબર આવી છે, તેના કારણે આ ફિલ્મ તરફ ઈન્ડસ્ટ્રીના ઘણા લોકોનું ધ્યાન ખેંચાયું છે. આ અંગેના વેરિટીના અહેવાલ મુજબ અક્ષય કુમાર પણ ગોલમાલની કાસ્ટમાં જોડાયો છે, જે આ ફિલ્મમાં અજય દેવગન સામે મુખ્ય વિલનના રોલમાં જોવા મળશે.

ગોલમાલ ફ્રેન્ચાઈઝી રોહિત શેટ્ટી દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે અને તેની શરૂઆત ૨૦૦૬માં પહેલી ગોલમાલ ફિલ્મ સાથે થઈ હતી. તેની મજબુત કાસ્ટ અને સુપર કોમેડી દ્વારા આ ફિલ્મ ઘણી લોકપ્રિય થઈ હતી. હવે આ ફિલ્મમાં એક મજબુક વિલન અને ફેન્ટસીનું તત્વ પણ ઉમેરવાની તૈયારી થઈ રહી છે.

અક્ષય કુમાર આ ફ્રેન્ચાઈઝીમાં જોડાવાથી ફિલ્મ વધુ મહત્વની બની ગઈ છે. અક્ષય કુમાર હેરાફેરી, હાઉસફુલ અને વેલકમ સહિત વિવિધ કોમેડી ફિલ્મમાં કામ કરી ચુક્યો છે અને ગોલમાલ યુનિવર્સમાં એક વિલનના રોલમાં તે એક નવા અવતારમાં જોવા મળશે. આ પહેલાં

તેની પ્રિયદર્શન સાથેની 'હૈવાન' પણ આવશે, જેમાં તેની સાથે સૈફ અલી ખાન પણ છે.

આ ફિલ્મમાં અજય દેવગન સાથે ફરી એ જ જુના કલાકારો જોવા મળશે, જેમાં અર્શદ વારસી, તુષાર કપૂર, શ્રેયસ તળપદે અને કુનાલ એખમુનો સમાવેશ થાય છે. તેમાં આ કલાકારો સિવાય જોની લીવર, સંજય મિશ્રા, મુકેશ તિવારી અને અશ્વિની કલસેકર જેવા જાણીતા અને મજબુત કલાકારો પણ છે. એવી પણ ચર્ચા છે કે શર્મન જોશી અને કરીના કપૂર પણ આ ફિલ્મમાં જોવા મળી શકે છે.

ફેબ્રુઆરીના અંત સુધીમાં મુંબઈ ફિલ્મ સિટીમાં ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ જશે, જે ૨૦૨૭ની શરૂઆતમાં રિલીઝ થઈ શકે છે. આ ફિલ્મમાં અજય દેવગન અને અક્ષય કુમાર પણ છઠ્ઠી વખત સાથે જોવા મળશે, આ પહેલાં તેઓ સુહાગ, ખાખી, ઈન્સાન, સૂર્યવંશી અને સિંઘમ અગેઇનમાં સાથે કામ કરી ચુક્યા છે.

# સન્ની દેઓલ અને અક્ષય ખન્ના ૨૮ વર્ષ બાદ ફરી સાથે ઓટીટી પર જોવા મળશે

## આ વર્ષે પ્રતીક ગાંધી, સૈફ અલી ખાન શ્રદ્ધા ડાંગરની હમ હિન્દુસ્તાનીની ચર્ચા







નેટફ્લિક્સે મંગળવારે પોતાના ૨૦૨૬ની કન્ટેન્ટ સ્લેટની જાહેરાત કરી હતી, જેમાં સન્ની દેઓલ અને અક્ષય ખન્ના ૨૮ વર્ષ બાદ ફરી સાથે જોવા મળશે. 'બોર્ડર' બાદ બંને અભિનેતા નેટફ્લિક્સની આવનારી લીગલ ડ્રામા સિરીઝ 'ઈક્કા'માં ફરી એકસાથે જોવા મળવાના છે. આ સિરીઝમાં સન્ની દેઓલ એક ઈમાનદાર અને સન્માનનીય વકીલની ભૂમિકામાં દેખાશે, જે ૧૯૯૩ની ફિલ્મ 'દામિની'માં તેના પાત્રની યાદ અપાવી શકે છે. જ્યારે અક્ષય ખન્ના આ ડ્રામામાં વિલનનો રોલ ભજવશે. સિરીઝનું ડિરેક્શન સિદ્ધાર્થ પી. મલ્હોત્રાએ કર્યું છે. આ સાથે દિયા મિર્ઝા, તિલ્લોત્તમા શોમે અને 'હીરામંડી' ફેમ સંજીદા શેખ પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે.

તાપસી પન્નુની 'ગાંધારી'

નેટફ્લિક્સે મંગળવારે તાપસી પન્નુ અભિનિત ફિલ્મ 'ગાંધારી'ના ફર્સ્ટ-લૂકની તસવીરો પણ રિલીઝ કરી છે. તસવીરો સાથે ઈન્સ્ટાગ્રામ પર લખવામાં આવ્યું, "તમે માતાનો પ્રેમ જોયો છે. હવે તેનો ક્રોધ જુઓ. 'ગાંધારી' જુઓ, જલ્દી આવી રહી છે, માત્ર નેટફ્લિક્સ પર." આ ફિલ્મનું દિગ્દર્શન દેવાશિષ મખીજાએ કર્યું છે અને તેને કનિકા ઢિલ્લોન દ્વારા કથા પિક્ચર્સના બેનર હેઠળ લખવામાં અને પ્રોડ્યુસ કરવામાં આવી છે. ફિલ્મમાં ઈશ્વાક સિંહ પણ મહત્વની ભૂમિકામાં છે.

'ફેમિલી બિઝનેસ': સત્તા, વારસો અને દ્રોહ

અનિલ કપૂર અને વિજય વર્મા હંસલ મહેતાની આવનારી ડ્રામા સિરીઝ 'ફેમિલી બિઝનેસ'માં સાથે જોવા મળશે. આ કહાની સત્તા, લોહીના સબંધ અને વિશ્વાસઘાતની આસપાસ ફરે છે.

અનિલ કપૂર એક દીર્ઘદ્રષ્ટા અબજોપતિની ભૂમિકા ભજવશે, જે બોર્ડ દ્વારા નિયુક્ત થયેલા નવા આવતા ટાયકૂન (વિજય વર્મા)ને પોતાનું સ્થાન સંભાળવા માટે તાલીમ આપે છે. જોકે, થોડા મહિના બાદ વિજયના પાત્રને નોકરીમાંથી કાઢી મુકવામાં આવે છે અને મેન્ટર અનિલ કપૂર ફરી પોતાનું સ્થાન પાછું લઈ લે છે. ત્યારબાદ વિજય બળવો કરે છે અને આ કોર્પોરેટની ટક્કર એક સંઘર્ષમાં ફેરવાઈ જાય છે.

'ટોસ્ટર': રાજકુમાર રાવ અને સાન્યા મલ્હોત્રા

રાજકુમાર રાવ અને સાન્યા મલ્હોત્રાની કોમેડી ડ્રામા ફિલ્મ 'ટોસ્ટર'નો પણ ફર્સ્ટ-લુક રિલીઝ થયો છે. વિવેક દાસ ચૌધરીએ ડિરેક્ટ કરેલી આ ફિલ્મ એક કંજુસ વ્યક્તિની વાર્તા કહે છે, જેને એક ટોસ્ટરનો અતિશય મોહ છે અને તેની આસપાસ હત્યા અને અફરાતફરી સર્જાય છે. આ ફિલ્મ પત્રલેખા અને રાજકુમાર રાવની પ્રોડક્શન કંપની 'કંપા ફિલ્મ્સ' હેઠળ બનેલી પહેલી ફિલ્મ છે.

'હમ હિંદુસ્તાની'નો ફર્સ્ટ-લૂક ટીઝર રિલીઝ

મંગળવારે જ નેટફ્લિક્સે પોતાની આવનારી પીરિયડ ડ્રામા સિરીઝ 'હમ હિંદુસ્તાની'નો ફર્સ્ટ-લૂક અને ટીઝર પણ રિલીઝ કર્યું છે. આ સિરીઝમાં સૈફ અલી ખાન અને પ્રતિક ગાંધી મુખ્ય ભુમિકામાં છે. આ સાથે આ સાઉથની અભિનેત્રી મિમી ચક્રવર્તીની હિન્દી ડેબ્યુ સિરીઝ પણ છે. સાથએ જ આ સિરીઝમાં નેશનલ એવોર્ડ વિજેતા ગુજરાતી એક્ટ્રેસ શ્રદ્ધા ડાંગર પણ જોવા મળશે. 'હમ હિંદુસ્તાની' ભારતની પ્રથમ સામાન્ય ચૂંટણીની કહાની રજૂ કરશે, જે ૧૯૫૦ના શરૂઆતના વર્ષોમાં યોજાઈ હતી. આ કહાની સ્વાતંત્ર્ય પછીના વર્ષોની છે આ સિરીઝમાં એવા અધિકારીઓની કહાની બતાવવામાં આવશે, જેઓ સીમિત સાધનો, વહીવટી મુશ્કેલીઓ અને રાજકીય દબાણ વચ્ચે દરેક નાગરિકને મતાધિકાર મળે તે માટે સંઘર્ષ કરે છે. આ વાર્તા જમીન સ્તરે કામ કરનારા લોકો પર પ્રકાશ પાડે છે અને ભારતની લોકશાહી પાયાની રચનામાં થયેલા વિશાળ પ્રયાસોને ઉજાગર કરે છે. આ સિરીઝમાં દીપક ડોબ્રીયાલ, મિમી ચક્રવર્તી, સારિકા અને શ્રદ્ધા ડાંગર પણ જોવા મળશે. વિવિધ પૃષ્ઠભૂમિમાંથી આવેલા પાત્રો દ્વારા ભારતના વૈવિધ્યસભર લોકશાહીનાં અવાજોને રજૂ કરવામાં આવશે. 'હમ હિંદુસ્તાની'નું લેખન અને દિગ્દર્શન રાહુલ ધોળકિયા કરી રહ્યા છે.

આ ઉપરાંત, આર. માધવન 'લેગસી' નામની કડક (ગ્રિટી) તમિલ ભાષાની નેટફ્લિક્સ ક્રાઈમ સિરીઝમાં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ સિરીઝ એક વૃદ્ધ માફિયા સરદારની કહાની કહે છે, જે પોતાના સામ્રાજ્યને બચાવવા માટે યોગ્ય વારસદાર શોધી રહ્યો છે. આ સિરીઝમાં નિમિષા સજાયન, ગુલશન દેવૈયા અને ગૌતમ કાર્તિક પણ છે. નેટફ્લિક્સે ઈન્સ્ટાગ્રામ પર ફર્સ્ટ-લુક ટીઝર સાથે લખ્યું, "સામ્રાજ્ય છે, સિંહાસન છે, બધું છે. પરંતુ એ સ્થાન માટે લાયક કોણ છે? 'લેગસી' જુઓ, જલ્દી આવી રહી છે—તમિલ, હિન્દી, તેલુગુ, કન્નડ અને મલયાલમમાં."

# નાગાલેન્ડના પહાડો, જ્યાં સૌંદર્ય સાથે યોદ્ધાઓની શૌર્યગાથાઓ છુપાયેલી છે

નાગાલેન્ડથી વિશેષ સંવાદદાતા નિયતિ રાણા જણાવે છે કે 'ગ્રીન વિલેજ' તરીકે ઓળખાતું ખોનોમા પથ્થરની દીવાલો, યોદ્ધાઓની કથાઓ, સંરક્ષણની સફળતા અને વન્યજીવ અભયારણ્યો સાથે સહેલાણીઓ અને પ્રવાસીઓ માટે ઉત્તમ સ્થળ છે

નાગાલેન્ડના પાટનગર કોહિમાથી નીકળતો માર્ગ પહાડોની વાદીઓમાં હળવેથી વળાંક લે છે અને અચાનક ખોનોમા નામનું સુંદર મજાનું નાનકડું ગામડું નજરે પડે છે, જ્યાં પગથિયાં જેવાં ખેતરો, સામે ગોઠવાયેલા પથ્થરના ઘરો અને તેમની પાછળ નીરવ શાંતિ અને ગૌરવ સાથે ઊભેલાં લીલાંછમ જંગલો, ઉપર મનને મોહી લે એવું સ્વચ્છ અને ભુરૂં આકાશ. પ્રથમ નજરે આ નાનકડું ગામ નાગાલેન્ડના અન્ય સુંદર ગામો જેવું જ લાગે. પરંતુ થોડો વધુ સમય રોકાશો તો ખોનોમા સમજાવશે કે તે સામાન્ય તો નથી.

અંગામી જનજાતિનું આ ગામ ક્યારેક 'ફોનોલ' નામના એક છોડ પરથી નામ ધરાવતું હતું. પરંતુ ઉચ્ચાર કરવામાં અડચણ અનુભવતા બ્રિટિશ અધિકારીઓએ તેને 'ખોનોમા' કહેવાનું શરૂ કર્યું અને છેવટે એ નામ રહી ગયું, પરંતુ ગામે પોતાની મૂળ પરંપરાઓ મક્કમતાપૂર્વક





જાળવી રાખી છે. આજે અહીં આશરે ૫૦૦ પરિવારોમાં વિસ્તરેલાં ૩૦૦૦થી ૪૦૦૦ લોકો વસે છે, જે પરંપરા અને વિચારપૂર્વકના પરિવર્તનથી ઘડાયેલી જીવનશૈલીનું જીવની જેમ જતન કરી રહ્યાં છે.

ખોનોમાનાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. લગભગ દરેક પરિવાર પાસે જમીન છે અને ખેતી પરંપરાગત 'ઝૂમ' પદ્ધતિથી થાય છે. ખેતરને એક વર્ષ વાવેતર કર્યા બાદ તેને કોરું છોડી દેવામાં આવે છે, જેથી જમીનની ફળદ્રુપતા પુનઃસ્થાપિત થાય. આ ચક્રમાં 'એલ્ડર' વૃક્ષનું મહત્વનું સ્થાન છે, જે જમીનમાં પોષક તત્વો પાછા લાવે છે. પાંચ વર્ષ બાદ ખેડૂત ફરી એ જ જમીન પર ખેતી કરે છે, જે દર્શાવે છે કે અહીં ટકાઉપણું કોઈ ફેશનનો શબ્દ નહીં, પરંતુ જીવંત જ્ઞાન છે.

ખેતરોમાં મુખ્યત્વે ડાંગર ઉગે છે, જ્યારે બટાકા, કોબી, લસણ અને મોસમી શાકભાજી પૂરક પાક તરીકે ઉગાડવામાં આવે છે. ઘરોની બહાર સાવ ગોઠવેલાં લાકડાંની બેઠકો અને બાંકડા એલ્ડર વૃક્ષની કાપેલી ડાળીઓમાંથી બનાવવામાં આવે છે; વૃક્ષને કાપવાનું કે ઉખાડી નાંખવાનું હોતુ નથી જેથી તે ફરીથી જીવંત બની જાય છે. લોકોનું દૈનિક જીવન પણ અહીં પર્યાવરણના નીતિ-નિયમોને અનુસરે છે.

# વિમેન્સ પ્રીમિયર લીગમાં આજે બેંગલોર-દિલ્હી વચ્ચે ફાઇનલ

## બીજી વાર ચેમ્પિયન બનીને મુંબઈની સરખામણી કરવાની કેપ્ટન મંધાનાને તક, દિલ્હી પ્રથમ ટાઇટલ માટે રમશે

વિમેન્સ પ્રીમિયર લીગ (WPL)ની ટીર૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરની કેપ્ટન સ્મૃતિ મંધાના પાસે ટાઇટલ જીતવાની ગણતરીમાં મુંબઈ ઇન્ડિયન્સની લગોલગ પહોંચી જવાની તક રહેલી છે કેમ કે અત્યાર સુધીની ત્રણ લીગમાંથી મુંબઈ બે વાર ચેમ્પિયન બન્યું છે અને બેંગલોર એક વાર ચેમ્પિયન બન્યું છે. આમ ગુરુવારે અહીં રમાનારી દિલ્હી કેપિટલ્સ સામેની ફાઇનલ જીતીને બેંગલોર બીજી વાર ચેમ્પિયન બની શકે છે. ગુરુવારે સાંજે ૭.૩૦ કલાકથી ફાઇનલ મેચનો પ્રારંભ થશે.

અહીંના કોટામ્બી સ્ટેડિયમ ખાતે રમાનારી ફાઇનલમાં બે પરમ મિત્ર મંધાના અને જેમિમાહ રોડ્રિગ્સની ટીમો આમને સામને થનારી છે. મંધાના તાજેતરના સમયમાં અંગત જીવનમાં મુશ્કેલીમાં હતી ત્યારે જેમિમાહે બિગ બેશની પોતાની કારકિર્દીના જોખમે પરત આવીને મુંબઈની પોતાની સાથીદારને સપોર્ટ કર્યો હતો પરંતુ ગુરુવારે બંને મિત્રો આમને સામને થનારી છે.

આ મેચ દિલ્હી કેપિટલ્સ માટે પણ એટલી જ મહત્વની છે કેમ કે દિલ્હી અત્યાર સુધી ફાઇનલ જીતવામાં કમનસીબ રહ્યું છે. ફાઇનલનો અભિશાપ તોડવાની તેની પાસે તક છે. વિમેન્સ પ્રીમિયર લીગની આ ચોથી સિઝન છે અને અગાઉની ત્રણેય ફાઇનલમાં દિલ્હી કેપિટલ્સ એક ટીમ હતી પરંતુ તેને ક્યારેય ફાઇનલ જીતવામાં સફળતા મળી નથી.

વર્તમાન ટુર્નામેન્ટમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને દિલ્હી કેપિટલ્સ બંને ટીમે શાનદાર પ્રદર્શન કરેલું છે અને આ બંને ટીમ કેટલીક રોમાંચક મેચો રમી છે ત્યારે ગુરુવારે પણ આ બે ટીમ




કોટામ્બી સ્ટેડિયમ ખાતે એવી જ રોમાંચક રમત રમે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

૨૦૨૪ની ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમે આ સિઝનમાં જોરદાર રમત દાખવી છે. ટીમે મુશ્કેલીના સમયમાંથી બહાર આવીને વળતો પ્રહાર કરીને અવારનવાર મેચો જીતેલી છે. આ સિઝનમાં બેંગલોરે તેના અભિયાનનો પ્રારંભ સળંગ પાંચ મેચ જીતીને કર્યો હતો અને આમ કરીને તે વિમેન્સ પ્રીમિયર લીગમાં આ સિદ્ધિ હાંસલ કરનારી પ્રથમ ટીમ બની હતી.

આ ઉપરાંત બેંગલોરની એક કે બે ખેલાડીએ સતત મજબૂત પ્રદર્શન કરીને પોતાની ટીમને આગળના લેવલ પર લઈ જવામાં મદદ કરી હતી. બેંગલોરની ટીમમાં મેદાન પર ઇનિંગ્સ દરમિયાન એક પેટર્ન બની ગઈ હતી અને એ મુજબ તમામ ખેલાડી આપોઆપ શાનદાર પ્રદર્શન કરી રહી હતી. હવે આ પ્રદર્શનમાં સાતત્ય દાખવીને ટીમે ફાઇનલમાં રમવાનું છે.

ઓસ્ટ્રેલિયાની ગ્રેસ હેરીસે યૂપી વોરિયર્સ સામે આક્રમક ૭૫ રન ફટકાર્યા તો ગૌતમી નાયકે ગુજરાત ટાઇટન્સ સામે ૭૩ રન ફટકાર્યા જેને કારણે બેંગલોરની ટીમ આ હરીફો સામે અનુક્રમે આઠ વિકેટે અને ૬૧ રનથી વિજય હાંસલ કરી શકી હતી. આ પ્રકારનું અંગત પ્રદર્શન સમગ્ર સિઝન દરમિયાન મંધાનાની ટીમને ફળ્યું છે.બેંગલોર માટે ગુરુવારની ફાઇનલમાં કેપ્ટન સ્મૃતિ મંધાના, ગ્રેસ હેરીસ, જ્યોર્જિયા વોલ અને રિચા ઘોષની રમત મહત્વની બની રહેશે. આ ચાર અથવા તો તેમાંથી કમસે કે બે બેટર પણ લાંબી ઇનિંગ્સ રમવા ટકી રહેશે તો ટીમ જંગી સ્કોર ખડકી શકે તેમ છે.

# ટીર૦ વર્લ્ડ કપમાં ભારતની ટીમ સૌથી ખતરનાક હશે: ધોની

## રોહિત અને કોહલીને ભૂતપૂર્વ કેપ્ટનનો ટેકો, બંનેને રમવું કે નહીં તેની સલાહ કોઈ આપી શકે નહીં

ભારતના મહાન ક્રિકેટર અને વર્લ્ડ ચેમ્પિયન ટીમના કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ સિનિયર બેટર રોહિત શર્મા અને વિરાટ કોહલીને સપોર્ટ કરતાં જણાવ્યું હતું કે આ બંને મહાન બેટર છે અને બંનેએ ક્યારે રમવું કે ના રમવું તે અંગે કોઈ તેમને સલાહ આપી શકે નહીં. તેમને કોઈએ આવી સલાહ પણ આપવી જોઇએ નહીં. આ ઉપરાંત ધોનીએ આ વખતના ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારતીય ટીમને સૌથી ખતરનાક ટીમ ગણાવી હતી. ભારત આ વખતે ટાઇટલ ડિફેન્ડ કરવા રમવાનું છે.




એક ખાનગી કંપનીના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત થયેલા ધોનીએ પત્રકારો સાથે વાત કરી હતી. ધોની ભાગ્યે જ ભારતીય ક્રિકેટ અંગે તેના અભિપ્રાય વ્યક્ત કરતો હોય છે પરંતુ બુધવારે રોહિત શર્મા (૩૮ વર્ષ) અને વિરાટ કોહલી (૩૭ વર્ષ) જેવા સિનિયર ખેલાડી ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ સુધી રમશે તેવા પ્રશ્નને એકાદ ક્ષણ માટે નજરઅંદાજ કરીને સોરી કહી ફરીથી સવાલ કરવા કહ્યું હતું અને પછી જણાવ્યું હતું કે શા માટે નહીં. શા માટે કોઈ ક્રિકેટર વર્લ્ડ કપમાં ન રમે. મારા માટે ઉંમર કોઈ માપદંડ નથી. પરફોર્મન્સ અને ફિટનેસ માપદંડ હોય છે. મને હંમેશાં એવી લાગણી થઈ છે કે કોઈ ખેલાડીને અને ખાસ કરીને રોહિત કે કોહલી જેવી કક્ષાના ખેલાડીને કોઈએ કાંઈ કહેવું જોઇએ નહીં. દરેક ખેલાડીને એક સમાન માપદંડથી તોલવા જોઇએ.

તેણે ભારપૂર્વક જણાવ્યું હતું કે મેં ભારત માટે રમવાનું શરૂ કર્યું ત્યારે મારી વય ૨૪ વર્ષની હતી અને કોઇએ મને કાંઈ કહ્યું ન હતું. હવે હું ભારત માટે દસ કે ૨૦ કે ગમે તેટલા વર્ષ રમું ત્યારે પણ કોઈએ મારી પાસે આવીને મારી ઉંમર કે કારકિર્દી વિશે કાંઈ કહેવું જોઇએ નહી.

૪૪ વર્ષીય ધોની હજી પણ આઈપીએલમાં રમે છે અને ચેન્નાઈ માટે રમવા માટે તેણે અનુભવ પર ભાર મૂક્યો હતો. તેણે જણાવ્યું હતું કે વિરાટ કોહલી કે રોહિત શર્મા અથવા તો કોઈ પણ ક્રિકેટર આગામી પાંચ વર્ષ પછી રમે, તેઓ વર્લ્ડ કપમાં રમે કે ન રમે તેનો નિર્ણય તેમણે જાતે જ કરવાનો છે. જો તેઓ ભારતીય ટીમ માટે સારી રમત દાખવી શકતા હોય તો તેમણે રમવું જ જોઇએ.

# પાકિસ્તાન માટે સુપર-૮માં પહોંચવું લગભગ અશક્ય, ભારતીય ટીમ સામે ન રમવાથી થશે મુશ્કેલી!

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ અને તેની સરકારના વર્લ્ડકપને લઈને રોજ નવા નાટકો જોવા મળે છે. જ્યારથી બાંગ્લાદેશ ક્રિકેટ ટીમને ICC દ્વારા ૨૦૨૬ ના T20 વર્લ્ડકપમાંથી બહાર રાખવામાં આવી છે, ત્યારથી CB વારંવાર ધમકીઓ આપી રહ્યું છે.

હવે સરકારની મંજૂરી મળ્યા પછી તેને T20 વર્લ્ડકપમાં ભાગ લેવા માટે પાકિસ્તાની ટીમને શ્રીલંકા મોકલી છે, પરંતુ ૧૫ ફેબ્રુઆરીએ ભારત સામેની મેચને બોયકોટ કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણય પાકિસ્તાન સરકારે લીધો હતો.




પીસીબી દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી, પરંતુ તેમનું મૌન સ્પષ્ટપણે દર્શાવે છે કે તેઓ સરકારના નિર્ણય સાથે ચાલવા તૈયાર છે, પરંતુ આનો અર્થ એ થઈ શકે છે કે તેમને ઝઝ તરફથી ભારે દંડનો સામનો કરવો પડી શકે છે.

જો પાકિસ્તાની ટીમ ભારત સામેની મેચમાં નહીં રમે, તો તેમના માટે સુપર ૮ માટે ક્વોલિફાય થવું પણ મુશ્કેલ બનશે, જેનું સૌથી મોટું કારણ કોલંબોનું હવામાન છે, જ્યાં વરસાદ સૌથી મોટો વિલન બની શકે છે.પાકિસ્તાની ટીમ ICC T20 વર્લ્ડકપ ૨૦૨૬માં કોલંબોમાં તેના ચારેય ગ્રુપ સ્ટેજ મેચ રમશે. તેમની પહેલી મેચ ૭ ફેબ્રુઆરીએ નેધરલેન્ડ્સ સામે અને આગામી મેચ ૧૦ ફેબ્રુઆરીએ યુએસએ સામે રમશે. બંને મેચ દરમિયાન હવામાનને લઈને એક્યુવેધર રિપોર્ટ મુજબ નેધરલેન્ડ્સ સામેની મેચ દરમિયાન વરસાદ પડવાની ૬૪% શક્યતા છે, જેના કારણે મેચ રદ થઈ શકે છે. જોકે, યુએસએ સામેની મેચમાં વરસાદ પડવાની શક્યતા ખૂબ ઓછી છે. તેથી જો પહેલી મેચ રદ થાય છે, તો તે ચોક્કસપણે પાકિસ્તાની ટીમને નુકસાન પહોંચાડશે.જો પાકિસ્તાની ટીમ ભારત સામેની તેની ત્રીજી મેચને બોયકોટ કરે છે, તો તેના નેટ રન રેટને સૌથી મોટું નુકસાન થશે. ૧૮ ફેબ્રુઆરીએ નામિબિયા સામેની તેમની બાકીની મેચમાં તેમના નેટ રન રેટમાં સુધારો કરવો મુશ્કેલ કાર્ય હશે. પરિણામે ૨૦૨૬ના T20 વર્લ્ડકપમાંથી પાકિસ્તાનનું ગ્રુપ સ્ટેજમાંથી બહાર થવું લગભગ નિશ્ચિત છે.જો પાકિસ્તાની ટીમ ૧૫ ફેબ્રુઆરીએ T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં ટીમ ઈન્ડિયા સામેની મેચને બોયકોટ કરે છે, તો ICC પ્લેઈંગ કન્ડિશનના કલમ ૧૬.૧૦.૭ હેઠળ, પાકિસ્તાન આપમેળે ૨ પોઈન્ટ ગુમાવશે અને તેના નેટ રન રેટ પર પ્રતિકૂળ અસર થશે. આનો સીધો અર્થ એ છે કે પાકિસ્તાની ટીમ સાથે એવું વર્તન કરવામાં આવશે કે જાણે તેને પોતાની સંપૂર્ણ ૨૦ ઓવર રમી હોય અને એક પણ રન ન બનાવ્યો હોય. આનાથી બીજી ટીમના નેટ રન રેટ પર કોઈ અસર થશે નહીં, પરંતુ પાકિસ્તાની ટીમના પ્રદર્શન પર ગંભીર અસર પડશે.

# અંડર-૧૯ વર્લ્ડ કપમાં અફઘાનને હરાવી ભારત ફાઇનલમાં

## સેમિફાઈનલમાં અફઘાનિસ્તાનનો ૩૧૦ રનનો સ્કોર ભારતે ત્રણ વિકેટે વટાવ્યો, ઓપનર જ્યોર્જની સદી

યુવાન પ્રતિભા વૈભવ સૂર્યવંશીની ૨૪ બોલમાં અડધી સદી ઉપરાંત ટીમને જરૂર હતી ત્યારે જ ફોર્મ હાંસલ કરનારા કેપ્ટન આયુષ મ્હાત્રે તથા ઓપનર એરોન જ્યોર્જે આકર્ષક બેટિંગ કરતાં ભારતીય અંડર-૧૯ ક્રિકેટ ટીમે બુધવારે રમાયેલી આઈસીસી અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં અફઘાનિસ્તાનને સાત વિકેટથી હરાવીને ટુર્નામેન્ટની ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. ભારતના વિજયમાં ઓપનર એરોન જ્યોર્જની સદી આકર્ષણરૂપ રહી હતી. જોકે અફઘાનિસ્તાન માટે બે ખેલાડીએ સદી ફટકારી હતી પરંતુ તેમના પ્રયાસ વ્યર્થ ગયા હતા. હવે શુક્રવારે હરારે ખાતે જ રમાનારી ફાઇનલમાં ભારતનો મુકાબલો ઇંગ્લેન્ડ અંડર-૧૯ ટીમ સામે થશે. ઇંગ્લેન્ડે અગાઉ ઓસ્ટ્રેલિયાને સેમિફાઈનલમાં હરાવ્યું હતું.




અહીં રમાયેલી સેમિફાઈનલ મેચમાં પ્રથમ બેટિંગ કરતાં અફઘાનિસ્તાને ૫૦ ઓવરમાં ચાર વિકેટે ૩૧૦ રનનો કપરો સ્કોર રજૂ કર્યો હતો પરંતુ ભારતે એટલી જ આસાનીથી આ ટારગેટ વટાવી દીધો હતો. ભારતે ૪૧.૧ ઓવરમાં ત્રણ વિકેટે ૩૧૧ રન કરી દીધા હતા.

મેચ જીતવા અને ફાઇનલમાં પ્રવેશવા માટે ૩૧૧ રનના ટારગેટ સામે રમતાં ભારત માટે એરોન જ્યોર્જ અને વૈભવ સૂર્યવંશીએ મજબૂત અને આક્રમક શરૂઆત કરી હતી. તેમાં ય વૈભવ ખતરનાક બેટિંગ કરી હતી. તેણે માત્ર ૨૪ બોલમાં અડધી સદી પૂરી કરી હતી. અંતે દસમી ઓવરમાં ટીમનો સ્કોર ૯૦ હતો ત્યારે વૈભવ ૩૩ બોલમાં ચાર સિક્સર અને નવ ચોગ્ગા સાથે ૬૮ રન ફટકારીને આઉટ થયો હતો.

જોકે વૈભવ સૂર્યવંશીને આઉટ કરતાં અફઘાન બોલર્સને કોઈ રાહત થઈ ન હતી કેમ કે ત્યાર પછી રમવા આવેલા કેપ્ટન આયુષ મ્હાત્રેએ ઓપનર જ્યોર્જ સાથે મળીને બીજી વિકેટ માટે ૧૦૧ બોલમાં ૧૧૪ રનની ભાગીદારી નોંધાવી હતી. આ બંનેની ભાગીદારીએ ભારતની સ્થિતિ વધુ મજબૂત કરી દીધી હતી.

આ ભાગીદારી મજબૂત બની રહી હતી અને જ્યોર્જ તથા મ્હાત્રે જ મળીને ટીમને ટારગેટ સુધી પહોંચાડી દેશે તેમ લાગતું હતું ત્યારે જ આયુષ મ્હાત્રે ૫૯ બોલમાં ૬૨ રન ફટકારીને આઉટ થયો હતો. તેણે પણ વૈભવની માફક ચાર સિક્સર ફટકારી હતી. મ્હાત્રે આઉટ થયો ત્યાં સુધીમાં તેણે ટીમને લગભગ સફળતા અપાવી દીધી હતી. ૩૮મી ઓવરમાં એરોન જ્યોર્જે તેની સદી પૂરી કરી હતી. અંતે તેણે ૧૦૪ બોલમાં ૧૧૫ રન ફટકાર્યા હતા. જ્યોર્જે ૧૫ચોગ્ગા તથા બે સિક્સર ફટકારી હતી. વિહાન મલ્હોત્રા ૩૮ રન અને વેદાંત ત્રિવેદી પાંચ રન સાથે અણનમ રહ્યો હતો.

અગાઉ અફઘાનિસ્તાને પણ શાનદાર બેટિંગ કરી હતી. ઓપનર ઓસ્માન સાદતના ૩૯ અને ખાલીદ અહેમદઝાઈના ૩૧ રન બાદ ફૈઝલ શિનોઝાદા અને ઉઝૈરઉલ્લાહ નૈઝલે ત્રીજી વિકેટ માટે ૧૩૦ બોલમાં ૧૪૮ રનની ભાગીદારી નોંધાવી હતી.

# એશિયન ચેમ્પિયનશિપમાં ઇશાએ ભારત માટે બે ગોલ્ડ મેડલ જીત્યા

## ઇશા સિંઘે ૧૦ મીટર એર પિસ્તોલ અને ટીમ ઇવેન્ટમાં સફળતા મેળવી, સમ્રાટને બ્રોન્ઝ મેડલ

ઓલિમ્પિયન ઈશા સિંઘે ગયા વર્ષનું તેનું ફોર્મ આ સિઝનમાં પણ જાળવી રાખતાં બુધવારે એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપ (રાઈફલ/પિસ્તોલ)માં બે ગોલ્ડ મેડલ જીતી લીધા હતા. તેણે વિમેન્સ વ્યક્તિગત ૧૦ મીટર એર પિસ્તોલમાં ગોલ્ડ અને ટીમ ઈવેન્ટમાં પણ ગોલ્ડ જીત્યો હતો. ભારતનો વર્લ્ડ ચેમ્પિયન સમ્રાટ રાણા બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

એશિયન ચેમ્પિયનશિપનો આ પ્રથમ દિવસ હતો. ૨૧ વર્ષીય ઈશા સિંઘ શરૂઆતમાં પાછળ હતી પરંતુ તેણે ફાઈનલમાં ૨૩૯.૮નો સ્કોર કર્યો હતો અને ચીની તાઈપેઈને બે શૂટર ચેંગ યેન-ચિંગ (૨૩૫.૪ સિલ્વર) અને યૂ આઈ-વેન (૨૧૭.૭ બ્રોન્ઝ)ને પાછળ રાખી દીધી હતી. આ ઉપરાંત તેણે ભારતની જ સાથી શૂટર સુરૂચિ સિંઘને પણ પાછળ રાખીને એશિયન ચેમ્પિયનશિપમાં બીજી વાર વ્યક્તિગત ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ઈશાએ છેલ્લે ચીનના નિંગ્બો ખાતે યોજાયેલા આઈએસએસએફ વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે ૨૦૨૪માં જાકાર્તા ખાતે તેણે માત્ર ૧૯ વર્ષની વયે એશિયન ટાઈટલ જીત્યું હતું.૧૯ વર્ષીય સુરૂચિ ફાઈનલમાં પ્રથમ દસ શોટ બાદ સરસાઈમાં મોખરે હતી પરંતુ આ તબક્કેથી તે નીચે સરી ગઈ હતી અને એલિમિનેશન રાઉન્ડમાં ચોથા ક્રમે રહી હતી જ્યારે પેરીસ ઓલિમ્પિક્સમાં બે મેડલ જીતનારી મનુ ભાકર આઠ શૂટરની ફાઈનલમાં પ્રવેશ્યા બાદ સાતમા ક્રમે રહી હતી. આ ઈવેન્ટમાં વિવિધ શૂટર્સ અપેક્ષા મુજબનું પ્રદર્શન કરી શક્યા ન હતા ત્યારે ઈશાએ ૧૦.૪ના ત્રણ સ્કોર કર્યા હતા અને ગોલ્ડ તરફ મોટી હરણફાળ ભરી હતી. ચીની તાઈપેઈની તેની બે નજીકની હરીફે પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું પરંતુ તેઓ ઈશા કરતાં થોડી પાછળ રહી ગઈ હતી.



# ATPLના લીગ તબક્કાનું ધમાકેદાર સમાપન થયું, રોમાંચ જારી

શહેરમાં યોજાયેલી અમદાવાદ ટેનિસ પ્રીમિયર લીગ (ATPL™e) દસમી સિઝનના લીગ સ્ટેજનું સમાપન થયું છે. ACTF કોર્ટ્સ પર આજનો દિવસ ધમાકેદાર અને રોમાંચક રહ્યો હતો. મેચનો ચોથો દિવસ કમાન્ડિંગ પ્રદર્શન, મજબૂત સ્કોરલાઇન્સ અને રોચક મુકાબલાનો દિવસ રહ્યો હતો. ટીમો નોકઆઉટ રાઉન્ડ અગાઉ તેમના અધિકારને સ્થાપિત કરવા માટે અવિરત લડાઈ લડી હતી.

Aisa સુપર કિંગ્સે સમગ્ર સિઝનનું સૌથી આક્રમક પ્રદર્શન કર્યું, ACTF સુપર કિંગ્સને એકતરફી સ્પર્ધામાં ૪૦-૧૨ થી હરાવ્યું. આલાપ શર્મા અને નિપમ ઠક્કરે ૧૧-૨ થી જીત મેળવીને હરીફને પ્રતિકારની સ્થિતિમાં પણ આવવા દીધા નહી. અનુજ તલાટી અને મયુર પટેલે આઠ મહત્વપૂર્ણ ગેમમાં જીત મેળવી. પ્રતીક રૂપારેલીયા અને લવલ ભટ્ટે ૯-૪ ના શાનદાર ફિનિશ સાથે ટીમની સર્વોપરિતા મહોર લગાવી. આ જોરદાર જીતથી આઈસા સુપર કિંગ્સ ગ્રુપ B માં બીજા ક્રમે પહોંચી ગયા, લીગમાં કુલ ૧૨૫ પોઈન્ટ અને સરેરાશ ૩૧.૨૫ રેન્ક સાથે સમાપન કર્યું. આમ તેણે પોતાને ટાઇટલના દાવેદાર તરીકે જાહેર કર્યા.



ટુર્નામેન્ટમાં સૌથી આકર્ષણ પ્રદર્શન ગાંધીનગર ટાઇટન્સનો નિયોન એવેન્જર્સનો ૪૨-૧૦ થી કારમો પરાજય હતો - જે દિવસનો સૌથી મોટો માર્જિન હતો. રવિરાજસિંહ જાડેજાએ ૧૦-૩ થી સિંગલ્સ જીત મેળવીને ટીમને આગળ ધપાવ્યું, જેનાથી ટીમને સફળતા મળી. તેજસ પટેલ અને સંજય પટેલે તેમના વિરોધીઓને ૧૧-૨ થી હરાવ્યા, ડૉ. લાલન અને મેહુલકુમાર પટેલે ૧૦-૩ થી વિજય મેળવ્યો, અને પ્રણવ પટેલે હર્ષદ લાલવાણી સાથે મળીને ૧૧-૨ થી અંતિમ ફટકો આપ્યો. ટાઇટન્સે ગ્રૂપ બીમાં કુલ ૧૧૦ અને ૩૦ ના સરેરાશ રેન્ક સાથે નોકઆઉટમાં જોરદાર ગતિ સાથે પ્રવેશ કર્યો. જ્યારે અન્યોએ પ્રભુત્વ જમાવ્યું, ત્યારે GUTC હોટશોટ્સે સાબિત કર્યું કે ચેમ્પિયનોએ પણ શા માટે સહન કરવું જોઈએ.




# સાવરકુંડલા માર્કેટ યાર્ડમાં બજેટ-૨૦૨૬ અંગે ખેડૂતો સાથે સંવાદ

## ખેડૂત સશક્તિકરણ માટે કેન્દ્ર સરકારની ઐતિહાસિક જોગવાઈઓ: મહેશ કસવાલા

સુરત, તા.૫

સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડ ખાતે VB–G RAM G યોજના અંતર્ગત ખેડૂતલક્ષી બજેટ–૨૦૨૬ અંગે કાર્યશાળા તથા કિસાન સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહી ખેડૂતો સાથે સીધો સંવાદ કરી બજેટની કૃષિ, સિંચાઈ, પાક વીમા, આધુનિક ટેકનોલોજી અને ગ્રામ વિકાસ સંબંધિત જોગવાઈઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ખેડૂતોના પ્રશ્નોના જવાબ આપીને સરકારની યોજનાઓનો લાભ લેવા અપીલ કરી હતી. કેન્દ્રીય બજેટ–૨૦૨૬ના પરિપ્રેક્ષ્યમાં VB–G RAM G યોજના અંતર્ગત સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડ ખાતે કાર્યશાળા તથા કિસાન સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ ખેડૂતો સાથે સીધો સંવાદ સાધી, કેન્દ્રીય બજેટ–૨૦૨૬માં સમાવિષ્ટ વિવિધ ખેડૂતલક્ષી યોજનાઓ અંગે વિસ્તૃત અને વ્યવહારુ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સરકાર દ્વારા ખેતી ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવેલી જોગવાઈઓ, ખેડૂતોની આવક વધારવાના ઉપાયો, ખેતી ખર્ચ ઘટાડવા માટેના પ્રયાસો, સિંચાઈ ક્ષેત્રની યોજનાઓ, પાક વીમા, ખેતીમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ તેમજ ગ્રામિણ માળખાગત વિકાસ અંગે વિગતવાર માહિતી આપી હતી. ધારાસભ્યશ્રીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારનું બજેટ–૨૦૨૬ ખેડૂત, ગ્રામિણ વિકાસ અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને વધુ મજબૂતી આપનારું છે. ખેડૂતોને સશક્ત બનાવવા, ખેતી ખર્ચ ઘટાડવા અને ઉત્પાદન વધારવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. તેમણે ખેડૂતોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈને પોતાની ખેતીને વધુ લાભદાયી બનાવવા અપીલ કરી હતી. કિસાન સંવાદ દરમિયાન ઉપસ્થિત ખેડૂતો દ્વારા વિવિધ પ્રશ્નો તથા સૂચનો રજૂ કરવામાં આવ્યા હતા, જેને ધારાસભ્યશ્રીએ સહર્ષ સ્વીકારી યોગ્ય માર્ગદર્શન અને જવાબ આપ્યા હતા. આ સંવાદ કાર્યક્રમથી ખેડૂતોમાં નવી જાગૃતિ અને વિશ્વાસનું વાતાવરણ સર્જાયું હોવાનું પણ જણાયું હતું. કિસાન સશક્તિકરણ અને ગ્રામ વિકાસ પ્રત્યેની મજબૂત પ્રતિબદ્ધતા સાથે આયોજિત આ VB–G RAM G કાર્યશાળા તથા કિસાન સંવાદ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં શહેર ભાજપ તેમજ તાલુકા ભાજપ સંગઠનના હોદેદારશ્રીઓ, નગરપાલિકા, તાલુકા તેમજ જિલ્લા પંચાયત સદસ્યશ્રીઓ, માર્કેટિંગ યાર્ડના હોદેદારશ્રીઓ, ખેડૂત મિત્રો તથા આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# સુરત જિલ્લા વકીલ મંડળ દ્વારા કેન્સર અંગે જનજાગૃતિ કાર્યક્રમ

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫

૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ 'વિશ્વ કેન્સર દિવસ' નિમિત્તે સુરત જિલ્લા વકીલ મંડળ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સંયુક્ત ઉપક્રમે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્સરના વધતા જતા કેસો અને તેની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, આશિર્વાદ ફાઉન્ડેશનના સહયોગથી મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર જાગૃતિ અંગે પી.પી.ટી. પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. ડીન્કી ગજીવાલા અને ડૉ. પૂર્વી વોરાએ ઉપસ્થિત મહિલાઓને કેન્સર સામે રાખવી પડતી તકેદારી અને નિદાન અંગેની જરૂરી માહિતી પૂરી પાડી હતી. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન ખજાનચી દિવ્યા કોસંબીયા, એલ.આર. ફેની પટેલ અને લેડી કાઉન્સીલ સભ્યોએ સંભાળ્યું હતું. આ કાર્યક્રમમાં સુરત જિલ્લા ન્યાયાલયના મહિલા કર્મચારીઓ અને મહિલા વકીલો મોટી સંખ્યામાં હાજર રહી કેન્સર જેવી ગંભીર બીમારી સામે રક્ષણ મેળવવાની વિસ્તૃત જાણકારી મેળવી હતી.



# બલકસ પ્રાથમિક શાળામાં ટીશા ઠાકોરે તિરંગો ફરકાવ્યો

## ગામમાં સૌથી વધુ ભણેલી દીકરીના હાથે ધ્વજ વંદનની પરંપરા

સુરત, તા.૫

ઓલપાડ તાલુકાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત બલકસ પ્રાથમિક શાળામાં દેશનાં ૭૭ માં પ્રજાસત્તાક પર્વની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. 'દીકરીની સલામ દેશને નામ' અંતર્ગત દરેક ગામોમાં સૌથી વધુ ભણેલી દીકરીનાં હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવે છે. જે સંદર્ભે હાલમાં એલ.એલ.બી.નો અભ્યાસ કરતી ગામની દીકરી ટીશા જિજ્ઞેશસિંહ ઠાકોરનાં હસ્તે ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો હતો. પોતાનાં પ્રાસંગિક ઉદબોધનમાં ટીશા ઠાકોરે ગર્વભેર જણાવ્યું હતું કે મને સ્વપનેય ખ્યાલ નહોતો કે મારા ગામની શાળામાં મારા જ હસ્તે ધ્વજ ફરકાવવાનો સંયોગ આવશે. આ અવસર મારા જીવનનો અવિસ્મરણીય પ્રસંગ બની રહેશે. તેણીએ આ અમૂલ્ય તક પાઠવવા બદલ શાળાનાં આચાર્ય મહેન્દ્રસિંહ ઠાકોર તથા ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે દેશની આન, બાન, શાન સમા તિરંગાને સલામી આપવા ગામનાં રહીશ અને ઓલપાડ તાલુકા ભાજપા પ્રમુખ કુલદીપસિંહ ઠાકોર, પત્રકાર જિજ્ઞેશસિંહ ઠાકોર સહિત ગામનાં અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ તકે તાલુકા ભાજપા પ્રમુખ કુલદીપસિંહ ઠાકોર દ્વારા દીકરી ટીશાનું શાલ ઓઢાડી સન્માનપત્ર અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. ઉજવણીનાં ભાગરૂપે શાળાનાં બાળકોએ ચોકલેટ, મીઠાઈ તથા અલ્પાહારની મિજબાની માણી હતી. કાર્યક્રમને સફળ બનાવવા શાળાનાં ઉપશિક્ષક ભરતભાઈ ટેલર સહિત શાળા વ્યવસ્થાપન સમિતિએ જહેમત ઉઠાવી હતી. એમ તાલુકાનાં પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# હજારો રત્નકલાકારો સહાયથી વંચિત, આરટીઈમાં પણ માહિતી છુપાવતી સરકાર

## 'આપ' ના કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ મુખ્યમંત્રીને પત્ર લખી રત્નકલાકારોને ન્યાય આપવાની ઉગ્ર માંગ કરી

સુરત, તા.૫

સુરતના હીરા ઉદ્યોગમાં ચાલી રહેલી મંદી વચ્ચે રત્નકલાકારોની હાલત કફોડી બની છે. સરકાર દ્વારા જાહેર કરાયેલી 'રત્નકલાકાર સહાય યોજના'ના લાભો હજુ પણ અનેક જરૂરિયાતમંદ રત્ન કલાકારો સુધી પહોંચ્યા નથી. આ ગંભીર બાબતે સુરત મહાનગરપાલિકાના આમ આદમી પાર્ટીના કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખી રત્નકલાકારોને ન્યાય આપવાની ઉગ્ર માંગ કરી છે. 'આપ' ના કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ મુખ્યમંત્રીને લખેલા પત્રમાં મુખ્ય માંગણીઓ કરતા જણાવ્યું હતું કે, લાયકાત ધરાવતા હોવા છતાં હજારો રત્નકલાકારોના ફોર્મ કોઈ પણ સ્પષ્ટ કારણ વગર નામંજૂર કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા યોગ્ય માર્ગદર્શનના અભાવે રત્ન કલાકારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બીજું કે, RTI કાયદાનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. યોજનામાં પારદર્શિતા લાવવા માટે રત્નકલાકારો દ્વારા હજારોની સંખ્યામાં RTI (માહિતી અધિકાર) કરવામાં આવી છે, પરંતુ સંબંધિત વિભાગ દ્વારા સમયમર્યાદામાં જવાબ આપવામાં આવતો નથી, અને જેમને આપવામાં આવ્યો છે તે અધુરો અને તમામને એક સમાન જવાબ આપવામાં આવ્યો છે. 'આપ' કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ મુખ્યમંત્રી સમક્ષ માંગણીઓ કરતા જણાવ્યું હતું કે, બાકી રહેલા તમામ રત્નકલાકારોને તાત્કાલિક સહાયની ચુકવણી કરવામાં આવે તેમજ ઈ નો અધુરો જવાબ અથવા તો જવાબ ન આપનાર અને વિલંબ કરનાર અધિકારીઓ સામે કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવે.



આંજણા વિસ્તારમાંથી પસાર થતી કેનાલમાં ખદબદતી ગંદકી અંગે ગઈકાલે પ્રતાપ દર્પણ દ્વારા એક ફોટો પ્રકાશિત કરીને સ્વચ્છ સુરત, સુંદર સુરતની છબી જાળવી રાખવા તંત્રનું ધ્યાન દોર્યુ હતું. ત્યારે આજે વહેલી સવારે મનપા દ્વારા આ ગંદકીને દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ હતી. (તસવીર : હનીફ મલેક)

### ભારતને ડરાવી શકશે નહીં

પહેલા પાનાનું ચાલુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતને ટાર્ગેટ કરી રહ્યા હતા અને ભારતે લાંબા સમય સુધી ૫૦ ટકા ટેરીફ ઘટાડવા મુદે કોઈ ઉતાવળ નથી અને કૃષિ તેમજ ડેરી ક્ષેત્ર માટે જે ફાયર વોલ બનાવી છે તેમાં કોઈ સમજુતી થશે નહીં તે વલણ લીધુ હતું અને અમેરિકા સાથેની દરેક વાટાઘાટ સમયે આ સ્પષ્ટ રાખ્યું હતું.

એટલું જ નહીં પ્રમુખ ટ્રમ્પે વડાપ્રધાન મોદીને અમેરિકા આવવા આમંત્રણ આપ્યું તેમાં પણ સારી રીતે ઈન્કાર કરી દેવાયો હતો અને ડોભલે રૂબિયો કે સ્પષ્ટ કહી દીધુ હતું કે પ્રમુખ ટ્રમ્પ કે તેના સાથીદારો ડરાવી-ધમકાવી શકશે નહીં.

ગત વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે પ્રમુખ ટ્રમ્પે જે ફોન કર્યો હતો તે સમયે પણ ભારતે આ સ્પષ્ટ વલણ લીધુ હતું. એટલું જ નહીં ભારત એ બાબતથી પણ સતત નારાજ હતું કે ઓપરેશન સિંદુરમાં યુધ્ધ વિરામનો ખોટો જશ લેવા પ્રમુખ ટ્રમ્પ પ્રયાસ કરી રહ્યા છે અને જે રીતે ભારત રશિયન ક્રુડ તેલ ખરીદતુ હતું તેથી અમેરિકાના ટ્રમ્પ તંત્ર દ્વારા રશિયા-યુક્રેન યુધ્ધને મોદીના યુધ્ધ તરીકે ગણાવી રહ્યા હતા.

ભારતે સ્પષ્ટ વલણ લીધુ હતું કે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુદત પુરી થાય ત્યાં સુધી તે રાહ જોવા તૈયાર છે અને ભારતનું ટફ વલણ અમેરિકા માટે અને ખાસ કરીને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટે નિર્ણય લેવાનું ફરજીયાત બનાવી લેવાયું હતું.

### વાટાઘાટો શરૂ

પહેલા પાનાનું ચાલુ

હતું, પરંતુ તેહરાને આગ્રહ રાખ્યો હતો કે વાટાઘાટો ફક્ત પરમાણુ મુદ્દાઓ પર કેન્દ્રિત હોવી જોઈએ.

જોકે, બંને પક્ષોએ પુષ્ટિ આપી કે મૂળ તુર્કીમાં યોજાનારી વાટાઘાટો હવે મસ્કતમાં યોજાશે ત્યારે આ ચિંતાઓ ઓછી થઈ ગઈ હોય તેવું લાગતું હતું. ઈરાને વાટાઘાટો માટે મસ્કતને પસંદ કરવાનો આગ્રહ રાખ્યો હોવાના અહેવાલ છે.

યુએસ અધિકારીઓએ શરૂઆતમાં આ માંગણીને નકારી કાઢી હતી અને વાટાઘાટોને સંપૂર્ણપણે બંધ કરવાની ધમકી આપી હતી. એક્સિઓસના જણાવ્યા મુજબ, પ્રદેશના ઓછામાં ઓછા નવ દેશોએ વ્હાઈટ હાઉસનો સંપર્ક કર્યો હતો, જેના કારણે નિર્ણયમાં ફેરફાર થયો હતો. આઉટલેટે એક યુએસ અધિકારીને ટાંકીને અહેવાલ આપ્યો હતો કે આ દેશોએ મીટિંગ ચાલુ રાખવા કહ્યું હતું જેથી તેઓ ઈરાનીઓનું કહેવું સાંભળી શકે.

ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાદાચીએ પુષ્ટિ આપી હતી કે, શુક્રવારે સવારે ૧૦ વાગ્યે મસ્કતમાં વાટાઘાટો યોજાશે. તેમણે મીટિંગ માટે જરૂરી તમામ વ્યવસ્થા કરવા બદલ ઓમાનનો આભાર માન્યો હતો.

### વડાપ્રધાન મોદી

પહેલા પાનાનું ચાલુ

છે અને બંને વચ્ચે અબજો ડોલરનો વેપાર થાય છે. વ્હાઈટ હાઉસે કહ્યું કે ખાસ દૂત સ્ટીવ વિટકોફ ટૂંક સમયમાં ઈરાની અધિકારીઓને મળશે.

ઈરાનના પરમાણુ કાર્યક્રમને રોકવા માટે વર્ષોથી લગાવવામાં આવેલા પ્રતિબંધોએ દેશને અલગ કરી દીધો છે. જોકે, વિશ્વ વેપાર સંગઠન કહે છે કે તેહરાને ૨૦૨૪ માં હજુ પણ લગભગ ૧૨૫ અબજ યુએસ ડોલરનો આંતરરાષ્ટ્રીય વેપાર કર્યો હતો, જેમાં ચીન સાથે ૩૨ અબજ યુએસ ડોલર, સંયુક્ત આરબ અમીરાત સાથે ૨૮ અબજ યુએસ ડોલર અને તુર્કી સાથે ૧૭ અબજ યુએસ ડોલરનો સમાવેશ થાય છે.

વાટાઘાટોમાં તાઈવાનનો મુદ્દો મુખ્ય મુદ્દો હતો. ચીન તાઈવાનને પોતાના પ્રદેશનો ભાગ માને છે અને તેના જોડાણની માંગ કરે છે. આ દરમિયાન, અમેરિકાએ તાઈવાનને ૧૦ અબજ ડોલરના શસ્ત્રો, મિસાઈલો અને ડ્રોન સપ્લાય કરવાની જાહેરાત કરી છે, જેનાથી ચીન નારાજ છે. ચીને અમેરિકાને આ મુદ્દાને સમજદારીપૂર્વક સંભાળવા ચેતવણી આપી છે

ટ્રમ્પ જે ગ્રીનલેન્ડને જોડવા માંગે છે તેનો ઉલ્લેખ બંને નેતાઓની વાતચીતમાં કરવામાં આવ્યો હતો કે નહીં તેની પુષ્ટિ થઈ નથી, પરંતુ યુરોપિયન દેશો તેનો વિરોધ કરી રહ્યા છે. વધુમાં, શી જિનપિંગે રશિયન રાષ્ટ્રપતિ પુતિન સાથે પણ વાત કરી.

### સેવામાં રહીને

પહેલા પાનાનું ચાલુ

IPS મેળવી શકશે નહીં. જ્યારે પ્રિલિમ્સ પછી, પરંતુ મેઈન્સ પહેલાં જો IAS અથવા IFS બને છે, તો મેઈન્સ લખવાની પરવાનગી મળશે નહીં.

સિવિલ સર્વિસ પરીક્ષા-૨૦૨૬માં જો ગ્રુપ-એ અથવા IPS મળે છે, તો ઉમેદવારને માત્ર એક જ વાર એટલે કે CSE-૨૦૨૭માં રેન્ક સુધારવાની તક મળશે. તક ત્યારે જ મળશે જ્યારે ઉમેદવારને તાલીમમાં જોડાવા ન દેવાની વન ટાઈમ એક્ઝેમ્પશન (એક વખતની છૂટ) મળે.

છૂટ ફાઉન્ડેશન કોર્સ સુધી મર્યાદિત રહેશે. જો ઉમેદવાર તાલીમમાં જોડાતો નથી, અને છૂટ પણ લેતો નથી, તો CSE-૨૦૨૬ અને CSE-૨૦૨૭ બંનેના આધારે મળેલી સેવા આપમેળે રદ થઈ જશે.CSE ૨૦૨૬માંથી પસંદ થયેલા ઉમેદવારો CSE ૨૦૨૭ આપવા માગતા હોય, તો પરવાનગી જરૂરી રહેશે. CSE ૨૦૨૮ અથવા તે પછી પરીક્ષા આપવા માટે રાજીનામુ ફરજિયાત રહેશે.

૨૦૨૫માં લગભગ ૧૦ લાખથી વધુ એસ્પિરન્ટ્સે અરજી ભરી હતી. જેમાંથી ૧૪,૧૬૧ એસ્પિરન્ટ્સ પ્રિલિમ્સ પાસ કરીને મેઈન્સ સુધી પહોંચ્યા. ૨,૭૩૬ને ઈન્ટરવ્યૂ માટે શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા, જ્યારે ૯૭૯ પદો માટે અંતિમ પસંદગી થઈ. આ પહેલા ૨૦૨૪માં લગભગ ૧૩ લાખથી વધુ અરજીઓ આવી અને લગભગ ૫.૮ લાખ પ્રિલિમ્સમાં સામેલ થયા. ૧,૦૦૯ પદો પર પસંદગી થઈ. આ જ રીતે ૨૦૨૩માં લગભગ ૧૩ લાખ અરજીઓ આવી અને ૧૦૧૬ પદો પર અંતિમ પસંદગી થઈ.

### ભારત કોઈ

પહેલા પાનાનું ચાલુ

હોય છે, જ્યારે રશિયા ભારતને ભારે અને સલ્ફરયુક્ત યુરલ્સ ક્રૂડ સપ્લાય કરે છે જેનો ઉપયોગ ભારતીય રિફાઈનરીઓ કરે છે. તેમણે કહ્યું, "ભારતને અમેરિકન તેલને અન્ય ગ્રેડ સાથે ભેળવવું પડશે, જેનાથી ખર્ચ વધી જશે."

ઈગોર યુશકોવે એમ પણ કહ્યું કે રશિયા ભારતને દરરોજ ૧.૫ થી ૨ મિલિયન બેરલ સુધી તેલ મોકલે છે. આ ખૂબ મોટી માત્રા છે. અમેરિકા આટલી મોટી માત્રામાં તેલ સરળતાથી ભારતને સપ્લાય કરી શકતું નથી. અમેરિકા પાસે એટલી ક્ષમતા કે તૈયાર સપ્લાય ચેઈન નથી જે આટલી ઝડપથી અને આટલા મોટા વોલ્યુમમાં મેચ કરી શકે.

જો ભારત અચાનક રશિયન તેલ ખરીદવાનું સંપૂર્ણપણે બંધ કરી દે અને અમેરિકા કે અન્ય કોઈ પાસેથી તેલ લેવાનો પ્રયાસ કરે, તો અમેરિકા માટે આટલું બધું તેલ ઉપલબ્ધ કરાવવું મુશ્કેલ બનશે. આનાથી ભારતમાં તેલની અછત સર્જાઈ શકે છે અથવા કિંમતો ખૂબ વધી શકે છે.

### ૩૧ કલાક જામ

પહેલા પાનાનું ચાલુ

હતો. ત્યારબાદ ક્ષતિગ્રસ્ત ટેન્કરને રસ્તા પરથી હટાવવામાં આવ્યું હતું. ત્યારે ધીમે ધીમે ટ્રાફિક જામ ખુલવાનું શરૂ થયું.

ગેસ લીક થયા બાદ પરિસ્થિતિને સંભાળવા માટે NDRF, SDRF અને ભારત પેટ્રોલિયમ (BPCL)ની ટીમો ઘટનાસ્થળે તૈનાત કરવામાં આવી હતી. પુણેથી મુંબઈ જતી લેન સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી હતી અને ટ્રાફિકને જૂના મુંબઈ-પુણે હાઈવે તરફ વાળવામાં આવ્યો હતો.

પરિસ્થિતિને અમુક હદ સુધી સંભાળવા માટે, પુણે લેનથી મુંબઈ તરફ ૧૫-૨૦ મિનિટના બ્લોકમાં વાહનો જઈ રહ્યા હતા. જોકે, બુધવારે સાંજ સુધી ગેસ લીક ??ચાલુ રહેતા જામ વધતો જ જઈ રહ્યો હતો. બુધવારે સાંજ સુધી વાહનોની કતારો લગભગ ૨૦ કિલોમીટર સુધી ફેલાઈ ગઈ હતી.

### પશ્ચિમ રેલ્વે

પેજ-૨ પાનાનું ચાલુ

ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૭૫૦૯ માટે બુકિંગ ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### સુરત કચેરીમાં

પેજ-૨ પાનાનું ચાલુ

કચેરી ની કાયમી ધોરણે નિમણુંક કરવામાં આવતી નથી. સદર કચેરી ઈન્ચાર્જ અધિકારીથી ચલાવવામાં આવે છે. હાલમાં ઈન્ચાર્જ ચેરિટી કમિશનર શ્રી સી.કે.જોશી સાહેબની રાજકોટ, ભાવનગર તથા સુરત ની કચેરીનો હવાલો સોંપવામાં આવ્યો છે.

સદર અધિકારી અઠવાડિયામાં બે દિવસ સુરત ખાતે આવે છે. સંયુક્ત ચેરિટી કમિશનરશ્રી ની કચેરીમાં અપીલ, રીવીઝન, સ્કીમ અરજી, સ્કીમ સુધારા અરજી, ટ્રસ્ટની મિલકતો વેચાણ કરવાની પરવાનગી અરજી ન્યાય પરચુરણ અરજી, દાવો દાખલ કરવા માટેની પરવાનગી અરજીઓ જેવા ઘણા પ્રશ્નો વર્ષોથી પેન્ડિંગ છે, જેનો નિકાલ થતો નથી. અને તેના કારણો સાર્વજનિક ટ્રસ્ટ અને તેના ટ્રસ્ટીઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે કે જેથી આ કચેરીમાં કાયમી ધોરણે અધિકારી ની નિમણુંક કરવાની જરૂરિયાત છે. સુરત ખાતે આવેલ જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરીમાં નાયબ ચેરિટી કમિશનરશ્રી ની જગ્યા સને-૨૦૨૪ થી કાયમી અધિકારી ની નિમણુંક કરવામાં આવેલ નથી અને જે અધિકારીને વધારાનો સુરત ની કચેરીનો ચાર્જ આપવામાં આવેલ છે. એ ઈન્ચાર્જ ચેરિટી કમિશનર અઠવાડિયામાં ૨ દિવસ સુરત ની કચેરીમાં આવે છે. અધિકારી ભૌગોલિક રીતે દૂર હોવાથી દક્ષિણ ગુજરાતના ટ્રસ્ટ સંબંધિત કામકાજમાં વિલંબ થઈ રહ્યો છે. સુરત ની કચેરીમાં આશરે ૨૦ થી ૨૫ હજાર જેટલા ટ્રસ્ટો નોંધાયેલા છે, તેમજ દર મહિને ૧૦૦ થી ૧૫૦ જેટલા નવા ટ્રસ્ટ ની નોંધણી દાખલ થાય છે. સુરતની કચેરીમાં ઈન્ચાર્જ અધિકારીના કારણે સમયસર ટ્રસ્ટની નોંધણીના હુકમો થતા નથી અને જે ટ્રસ્ટો ની નોંધણી થયેલ છે. તેમાં ટ્રસ્ટીઓના નામો ફેરફાર કરવાના રીપોર્ટોનો પણ સમયસર નિકાલ થતો નથી અને તેના કારણો પણ ઘણા કેસો પેન્ડિંગ રહે છે.

સંયુક્ત ચેરિટી કમિશનરશ્રી સુરત ની કચેરી તથા મદદનીશ ચેરિટી કમિશનરશ્રી સુરત ની કચેરીમાં મંજુર થયેલ સ્ટાફની જગ્યાએ ઘણા ઓછા સ્ટાફની નિમણુંક કરેલ છે. વળી બંને કચેરીમાં સ્ટેનોગ્રાફર નું મહેકમ રદ કરવામાં આવેલ છે. જેના કારણે સ્ટેનોગ્રાફર ની નિમણુંક થતી નથી. જે પણ પેન્ડિંગ કેસોનું મુખ્ય કારણ છે. સુરતની કચેરીમાં દર વર્ષે આશરે ૫ કરોડ જેટલો ફાળો તમામ નોંધાયેલ ટ્રસ્ટો તરફથી ભરવામાં આવે છે અને તે રકમમાંથી અધિકારીઓ તથા સ્ટાફ નો પગાર ચૂકવવામાં આવે છે. ત્યારે જો કાયમી અધિકારીની નિમણુંક કરવામાં આવે તો પણ સરકારી તિજોરીને કોઈ ભારણ પડવાનું નથી. અને ટ્રસ્ટોએ ભરેલ ફાળામાંથી જ ચેરિટી ક્ષેત્રના તમામ ખર્ચાઓ કરવામાં આવે છે તેમ છતાં સરકાર દ્વારા કાયમી અધિકારી અને પૂરતા સ્ટાફની નિમણુંક સુરતની ચેરિટી કચેરીમાં કરવામાં આવતી નથી. ટ્રસ્ટોની કામગીરીને સીધી અસર થઈ રહી છે જેને કારણે અરજદારો પણ હેરાન-પરેશાન થઈ રહ્યા છે.

### ચેમ્બર દ્વારા

પેજ-૨ પાનાનું ચાલુ

વિભાગો, પીએસયુઝ (પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ્સ) તેમજ કોર્પોરેટ સેગમેન્ટ્સ ભાગ લેશે અને પોતાની નવીન યોજનાઓ, ઉત્પાદનો અને સેવાઓનું પ્રદર્શન કરશે.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, ઉપરોક્ત તમામ સેગમેન્ટ્સના એક્ઝિબિટર્સ આ એક્સ્પોમાં ભાગ લેશે અને પોતાની અદ્યતન પ્રોડક્ટ્સ, ટેકનોલોજી તથા સેવાઓનું પ્રદર્શન કરશે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત આ એક્સ્પો ઉદ્યોગ સાહસિકો, રોકાણકારો, નીતિ નિર્માતાઓ, ટેકનોલોજી પ્રોવાઈડર્સ તેમજ વિદ્યાર્થીઓ માટે નેટર્વકિંગ, બિઝનેસની તકો અને જ્ઞાન વિનિમય માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરું પાડશે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ જણાવ્યું હતું કે, આ એક્સ્પોનો હેતુ ઉદ્યોગ, સરકાર અને ટેકનોલોજી વચ્ચે મજબૂત સહયોગ સ્થાપિત કરવાનો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના વિભાગો, પીએસયુઝ, ઔદ્યોગિક એકમો, સ્ટાર્ટઅપ્સ અને રિસર્ચ સંસ્થાઓને એક જ પ્લેટફોર્મ પર લાવી નવીનતા અને રોકાણ વચ્ચેનું અંતર ઘટાડવાનો આ એક્સ્પોનો મુખ્ય ઉદ્દેશ છે. ઊર્જા સુરક્ષા, સસ્ટેનેબલ વિકાસ અને ગ્રીન ટ્રાન્ઝિશનને પ્રોત્સાહન આપતા આ એક્સ્પો દ્વારા નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગકારો વચ્ચે સીધો સંવાદ શકય બનશે.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ જણાવ્યું હતું કે, રિન્યુએબલ એન્ડ કિલન એનર્જી સેકટરમાં સોલાર ફોટોવોલ્ટેઈક સિસ્ટમ્સ, (પીવી પેનલ્સ, ઈન્વર્ટર્સ, માઉન્ટિંગ સિસ્ટમ્સ), વિન્ડ એનર્જી સોલ્યુશન્સમાં બાયોમાસ અને બાયોએનર્જી ટેકનોલોજી, હાઈડ્રો પાવર સિસ્ટમ્સમાં એનર્જી સ્ટોરેજ (બેટરીઝ, સુપરકેપેસિટર્સ, બીએમએસ), ગ્રીન હાઈડ્રોજન અને ફ્યુઅલ સેલ ટેકનોલોજી, ન્યુક્લિયર પાવર સોલ્યુશન્સ અને ઈવી શીટ મેન્યુફેકચરર્સ દ્વારા તેઓની પ્રોડકટનું પ્રદર્શન કરવામાં આવશે.

ચેમ્બરના ઓલ એક્ઝિબિશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુંમરે જણાવ્યું હતું કે, સપોટ'ગ સર્વિસિસ એન્ડ સોલ્યુશન્સમાં ઈપીસી કોન્ટ્રાકટર્સ અને એન્જિનિયરિંગ સર્વિસિસ, રિન્યુએબલ એનર્જી ફાઈનાન્સ અને ઈન્શ્યોરન્સ, સર્ટિફિકેશન, કોમ્પ્લાયન્સ અને ટેસ્ટિંગ લેબ્સ, કન્સલ્ટિંગ અને પ્રોજેકટ ડેવલપમેન્ટ ફર્મ્સ, ગવર્નમેન્ટ અને પબ્લિક સેકટર, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સંસ્થાઓ અને સ્ટાર્ટઅપ્સ, સર્ટિફિકેશન એજન્સીઝ, પી.એમ.સી. (પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી), એ.એમ.સી. (એન્યુઅલ મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ), સ્કેડયુલિંગ એન્ડ ફોરકાસ્ટીગ એજન્સીઝ, સ્કાડા સિસ્ટમ પ્રોવાઈડર્સ તેઓની પ્રોડકટનું પ્રદર્શન કરશે.

ચેમ્બરના ઓલ એક્ઝિબિશન્સ કો—ચેરમેન શ્રી નિરવ માંડલેવાલાએ જણાવ્યું હતું કે, ઈલેકિટ્રકલ ઈકિવપમેન્ટ અને કોમ્પોનન્ટસમાં કેબલ્સ અને કન્ડકટર્સ, સ્વિચેસ, સર્કિટ બ્રેકર્સ અને રિલેઝ, કેપેસિટર્સ, ઈન્ડકટર્સ અને રેસિસ્ટર્સ, ઈલેકિટ્રકલ એન્કલોઝર્સ અને કંટ્રોલ સિસ્ટમ્સ (વીસીબી પેનલ, એચ.ટી./એલ.ટી. પેનલ્સ), પાવર ટૂલ્સ અને ટેસ્ટ ઈકિવપમેન્ટ, ઈલેકિટ્રક મોટર્સ, ડ્રાઈવ્સ અને જનરેટર્સનું પ્રદર્શન કરાશે.

એનર્જી—પાવર—ઈલેકિટ્રકલ એક્ષ્પોના એડવાઈઝર શ્રી દીપક કુમાર શેઠવાલા અને ચેરમેન શ્રી ભાવેશ ટેલરે જણાવ્યું હતું કે, સસ્ટેનેબિલિટી અને ગ્રીન ટેક સેગમેન્ટમાં એનર્જી મેનેજમેન્ટ સિસ્ટમ્સ (ઈ.એમ.એસ.), આઈ.ઓ.ટી. અને એ.આઈ. આધારિત એનર્જી મોનિટરિંગ, બિલ્ડિંગ એનર્જી એફિશિયન્સી સોલ્યુશન્સ, ઈવી ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રકચર, બેટરી રિસાયકલિંગ અને સરકર્યુલર ટેકનોલોજી, પાવર જનરેશન અને ડિસ્ટ્રિબ્યુશન, પાવર પ્લાન્ટ્સ અને જનરેશન ઈકિ?વપમેન્ટ (કન્વેન્શનલ અને હાઈબ્રિડ), સ્માર્ટ ગ્રિડ્સ અને માઈક્રોગ્રિડ્સ, પાવર ટ્રાન્સફોર્મર્સ અને સબસ્ટેશન્સ, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન ઈકિ?વપમેન્ટ, કંટ્રોલ પેનલ્સ અને સ્વિચગિયર, લોડ મેનેજમેન્ટ સિસ્ટમ્સ, હાઈ વોલ્ટેજ અને લો વોલ્ટેજ ઈકિવપમેન્ટ, એચ.ટી.એમ.સી., મીટર્સ, ડીજી સેટ્સનું પ્રદર્શન કરવામાં આવશે.

### સુરતના ઘણા

પેજ-૨ પાનાનું ચાલુ

છે. હું તો માત્ર નિમિત છું, રાજ્ય સરકાર અને પ્રજા જે નક્કી કરે છે, તેને વાસ્તવિકતા આપવાની મારી જવાબદારી છે. શહેરના સર્વાંગી વિકાસ માટે કોલાબોરેટિવ એપ્રોચ ખૂબ જ જરૂરી છે એમ તેમણે ઉમેર્યું હતું. સુરતમાં ડેપ્યુટી કમિશનર તરીકે અગાઉ ફરજ બજાવી ચૂકયો છું, અહીથી નીકળ્યો ત્યારે સુરતનું બજેટ રૂ. ૪,૦૦૦ કરોડનું હતું, આજે રૂ. ૧૧,૦૦૦ કરોડ સુધી પહોંચી ગયું છે. આ બદલાવ દર્શાવે છે કે સુરત હવે સ્માર્ટ સિટી ૨.૦ માટે તૈયાર છે. ગુજરાત સરકાર પણ સુરત ઈકોનોમિક રિજનનું આયોજન કરી રહી છે. સુરતમાં રિજીયોનલ ઈકોનોમિક ડેવલપમેન્ટ માટે જરૂરી ક્ષમતા છે. સુરતે હવે આસપાસના વિસ્તારોના વિકાસમાં પણ આગેવાની લેવાની છે.

તેમણે ઉમેર્યુ હતું કે, સુરતના વિકાસમાં તેમણે સીધી કે આડકતરી રીતે ભૂમિકા ભજવી છે. સુરત પોલીસ સાથે ટ્રાફિક વ્યવસ્થાના મુદ્દે સંકલન સાધી લેવામાં આવ્યું છે. સુરતે અત્યાર સુધી જે સિદ્ધિઓ મેળવી છે, તેને ટકાવી રાખવી અને સાથે જ સુરતને આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ લઈ જવાનો પ્રયાસ કરવાનો છે. આગામી પેઢીને આરોગ્ય, શિક્ષણ અને ઉચ્ચ જીવનધોરણની દૃષ્ટિએ શ્રેષ્ઠ તકો અને એડવાન્ટેજ આપવા પર ભાર મૂકતા તેમણે કહ્યું હતું કે, દુનિયા જે રીતે ઝડપથી બદલાઈ રહી છે, તે પ્રમાણે બાળકોમાં મજબૂત 'કોર માઈન્ડસેટ' વિકસાવવાની જરૂર છે. અભ્યાસક્રમમાં જ્યારે ફેરફાર થશે ત્યારે પણ સુરત મહાનગરપાલિકાની શાળાઓમાં વધારાના પ્રયત્નો કરીને બાળકોને ગુણવત્તાયુક્ત જ્ઞાન આપવામાં આવશે. ભારત સરકારની નવી નીતિઓ અને લોકોની લાગણી સાથે આ પ્રયાસો ચોક્કસ સફળ થશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

શ્રી નાગરાજને જણાવ્યું હતું કે, ડીટીએસ (DTS) ફ્રેમવર્કમાં થોડો ગેપ છે, જેને પૂર્ણ કરવા પ્રયાસ કરાશે. ડી એટલે ડાયમંડ અને ટી એટલે ટેક્ષ્ટાઈલ, આ બે પીલર ખૂબ મજબૂત છે, પરંતુ હવે સ્ટાર્ટ—અપના પીલરને પણ મજબૂત કરવાની જરૂર છે. જ્યારે હું ડેપ્યુટી કમિશનર હતો ત્યારે સુરતમાં સ્ટાર્ટ—અપ કલ્ચર વિકસાવવાનો પ્રયાસ થયો હતો, જેમાં ચેમ્બરે પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. સ્કૂલ અને કોલેજોમાં કોમ્યુનિટી બનાવવાના પ્રયાસો પણ થયા હતા એમ તેમણે યાદ કરાવ્યું હતું.

સ્કીલ ડેવલપમેન્ટ અંગે તેમણે જણાવ્યું હતું કે, હવે અમલીકરણ પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. માસ સ્કિલિંગ અને ન્યૂ જનરેશન સ્કિલિંગ પર ફોકસ કરાશે. આ બધું લોકભાગીદારીથી જ શકય બનશે. ઉદ્યોગ સાહસિકો, પ્રોફેશનલ્સ, બુદ્ધિજીવીઓ, સમાજસેવકો અને નાગરિકોએ આ દિશામાં સક્રિય ફાળો આપવો પડશે એમ તેમણે કહ્યું હતું. સુરતને એક મજબૂત બ્રાન્ડ બનાવવાની દિશામાં વિચાર રજૂ કરતા તેમણે કહ્યું કે, સુરતને બ્રાન્ડ બનાવે એવા કયા પ્રોજેકટ લઈ શકાય? કે જેનો લાભ સમગ્ર શહેરને થાય એવા સૂચનો પણ મને આપી શકાશે. સ્ટાર્ટ—અપ, ઈનોવેશન અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટના ક્ષેત્રે સુરતની અલગ ઓળખ ઊભી કરવા ખાસ પ્રયાસ કરીશું. શહેરના વિકાસ માટે નાગરિકોના ઋણ ચૂકવવાનો પ્રયાસ કરીશ એમ તેમણે ઉમેર્યું હતું.

સ્વચ્છતા અંગે શ્રી નાગરાજને જણાવ્યું હતું કે, એક મહિના સુધી વિશેષ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરી સુરતને ડસ્ટ ફ્રી બનાવવા માટે શોર્ટ ટર્મ અને લોન્ગ ટર્મ બંને પ્રકારના ઉપાયો અમલમાં મૂકવામાં આવશે. એર પોલ્યુશન ઘટાડવા માટે પણ ખાસ પ્રયાસ કરાશે. ધાર્મિક સ્થળો, ગાર્ડન, સરકારી કચેરીઓ તેમજ ઔદ્યોગિક એકમોમાં સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવશે. માર્ચ મહિનામાં યોજાનાર સર્વેક્ષણ માટે લોકોની સક્રિય ભાગીદારી જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું. 'સુરત શહેર મારું છે' આવો ભાવ દરેક નાગરિકમાં ઊભો કરવાનો છે તેમ કહીને તેમણે પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સમારોહમાં સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સમારોહનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ શ્રી એમ. નાગરાજનનો પરિચય આપ્યો હતો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
ગુરૂવાર, તા.૦૫ ફેબ્રુઆરી ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# મેટ્રો ટ્રેનની અંડર ગ્રાઉન્ડ કામગીરીને કારણે વાયબ્રેશનથી અનેક ઈમારતો જોખમરૂપ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

મહીધરપુરા પોલીસ સ્ટેશન અને ટાવર વચ્ચે ચાલતી અંડર ગ્રાઉન્ડ મેટ્રોની કામગીરીને પગલે ત્રણ વર્ષથી કોમર્સ બિલ્ડીંગ અને આસપાસના લોકો જીવના જોખમે રહેવા મજબુર બન્યા છે. મહાકાય મશીનોથી થતા ખોદકામને કારણે બિલ્ડીંગોમાં સતત વાયબ્રેશન આવતું રહે છે. એસવીએનઆઈટી દ્વારા આ અંગે રિપોર્ટ કરાયો છે કે, આ બિલ્ડીંગ રહેવા માટે જોખમી છે. જોકે બિલ્ડીંગમાં રહેતા ૨૦૦ થી ૩૦૦ પરિવારો જેમનો ધંધો પણ મેટ્રોની કામગીરીને કારણે અસરગ્રસ્ત થયો છે તેમને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા ભાડુ પણ ચુકવવામાં આવ્યું નથી. એક પછી એક મિટીંગ છતાં પણ મેટ્રો રેલ કોર્પોરેશનના અધિકારીઓ અસરગ્રસ્તોને ખો આપી રહ્યા છે.

મહીધરપુરા પોલીસ સ્ટેશનથી ઐતિહાસિક ક્લોક ટાવર વચ્ચે અંડર ગ્રાઉન્ડ મેટ્રોની કામગીરી ચાલી રહી છે. વર્ષ ૨૦૨૩થી ચાલતી આ કામગીરી હજી બે વર્ષ સુધી ચાલનાર હોય કોમર્સ હાઉસ સહિત આસપાસના રહીશો કે જેમની

## રાજમાર્ગમાં અસરગ્રસ્તોની રજુઆતને કોઈ ગણકારતું નથી

મેટ્રો રેલની કામગીરીને કારણે પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહેલા કોમર્સ હાઉસ સહિત આસપાસના રહીશો આર્થિક બોજા હેઠળ ઘેરાઈ ગયા છે. કેટલાક રાજમાર્ગ પર જ અલગ-અલગ ચીજ-વસ્તુઓની પેઢી દર પેઢી દુકાનો ધરાવે છે પણ મેટ્રોને કારણે તેમના ધંધાને અસર પહોંચી છે. ત્રણ વર્ષમાં ધંધો ઠપ્પ થવા સાથે તેમને જીએમઆરસીએ ભાડુ આપવાની હૈયાધરપત આપી હોય આજદિન સુધી અસરગ્રસ્તોને ભાડુ ચુકવાયું નથી. આ મુદ્દે જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલ, ધારાસભ્ય અરવિંદ રાણા, મ્યુનિસીપલ કમિશનરને રજુઆત કરાઈ હતી તેમ છતાં કોઈ નિરાકરણ આજદિન સુધી આવ્યું નથી.

## અસરગ્રસ્તોને ત્રણ વર્ષથી ભાડુ ચૂકવાતુ નથી : દોરીવાલા

કોમર્સ હાઉસ બિલ્ડીંગમાં રહેતા અને મેડીકલ સ્ટોર્સ સંચાલક હરેકૃષ્ણ દોરીવાલાએ જણાવ્યું હતું કે, મેટ્રોની કામગીરી દરમિયાન પાણીની લાઈનો તેમજ ડ્રેનેજ લાઈનો તૂટી છે. ગંદકીની સાથે સ્થાનિકો બોરીંગનું દુષિત પાણી પીવા મજુબર બન્યા છે. બીજી તરફ આર્થિક ફટકો પણ સ્થાનિકોને પડ્યો છે. ભવિષ્યમાં મેટ્રોની જે સુવિધા મળવાની છે તે કેટલાય પરિવારો માટે આર્થિક સંકટ લઈને આવી છે. જે અસરગ્રસ્ત મિલ્કતો છે તેના માલિકોને છેલ્લા ત્રણ વર્ષથી ભાડુ પણ ચુકવાયું નથી.

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનનાં અધિકારીઓ કલેક્ટર અને અસરગ્રસ્તો સાથેની સંકલન મિટીંગમાં સમસ્યા બાબતે કોઈ પ્રત્યુતર ન આપી શક્યા હોવાની પણ સ્થાનિકોએ જણાવ્યું છે. વર્ષ ૨૦૨૩થી ચાલતી રાજમાર્ગ ટાવર પાસેની મેટ્રો કામગીરી દરમિયાન અસરગ્રસ્તોને ભાડુ આપવાની વાતને આજે ત્રણ વર્ષ વિતી ગયા છે તેમ છતાં કોઈને ભાડુ ચુકવાયું નથી. અસરગ્રસ્તોની કલેક્ટર સાથે સંકલન મિટીંગ મળી હતી જેમાં સ્થાનિકોએ કરેલા પ્રશ્નોના મેટ્રોના અધિકારીઓ પાસે કોઈ જવાબ ન હતા.





# માછલી પીઠમાં ભયગ્રસ્ત વધુ એક બિલ્ડિંગને તાકીદે ખાલી કરાવાઈ

## દરિયામહેલ અને હિબા રેસિડેન્સીની બિલ્ડિંગોમાં તિરાડો પડી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

સુરત શહેરમાં પૂરજોશ સાથે આકાર લઈ રહેલ મેટ્રો ટ્રેન પ્રોજેક્ટની કામગીરી દરમિયાન ચોક બજાર અને લાલગેટ વિસ્તારમાં તેની ગંભીર સાઈડ ઈફેક્ટ સામે આવી રહી છે લાલગેટ વિસ્તારમાં તો છેલ્લા ૧૫ દિવસની અંદર જ ત્રણ વખત મહાકાય ભુવા પડતા સ્થાનિકોમાં ભારે ભયનો માહોલ પેદા થયો છે. તદુપરાંત ગઈકાલે માછલીપીઠ વિસ્તારની એક મિલકતના ગ્રાઉન્ડ ફ્લોર પાસે મોટો ભૂવો પડ્યો હતો. તેની અસર આસપાસના વિસ્તારમાં પડી રહી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. ગત સાંજે માછલી પીઠ વિસ્તારની બિલાલ નામની બિલ્ડીંગ ખાલી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

ચોક બજાર વિસ્તારમાં આવેલ સુરત ક્રાઈમ બ્રાન્ચમાં પણ મેટ્રો ટ્રેનના કારણે સાઈડ ઈફેક્ટ હવે દેખાઈ રહી છે જેના કારણે ક્રાઈમ બ્રાન્ચ કચેરીમાં પણ લોખંડના ટેકા મુકવામાં આવ્યા છે. તાત્કાલિક ગઈકાલે ક્રાઈમ બ્રાન્ચનો પોલીસ સ્ટાફ ખાલી કરી પાંડેસરા ક્રાઈમ બ્રાન્ચની નવી યુનિટ ખાતે સ્થળાંતર કરવામાં આવ્યો છે.

તદુપરાંત ચોક બજાર વિસ્તારમાં આવેલા દરિયા મહેલ અને હિબા રેસીડેન્સીમાં પણ તિરાડો પડતા સ્થાનિક વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે. ચોક બજાર અને લાલગેટ વિસ્તારમાં ભુવો પડવાની ઘટનાને પગલે અહીંના કેટલાક રહીશો હવે અન્ય વિસ્તારમાં વસવાટ કરવા માટે જવા મજબૂર બની રહ્યા છે. ગઈકાલે માછલીપીઠ વિસ્તારમાં બનેલી જે મિલકતના ઘરના દરવાજે ભુવા પડવાની ઘટના બની હતી તે મિલકતની નજીક આવેલી એક અલ બિલાલ નામની બિલ્ડીગને પણ ખાલી કરી દેવામાં આવી છે. અને આ બિલ્ડીગના રહીશોને અન્ય સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યા છે.

### સામા રમઝાન માસમાં મેટ્રો કામગીરીથી લોકો ભયભીત

આ વિસ્તારના અગ્રણી તુફેલ પટેલે જણાવ્યું હતું કે મેટ્રોની અંડર ગ્રાઉન્ડ કામગીરીને પગલે ચોક બજાર અને લાલગેટ વિસ્તારમાં ભુવો પડવાની ઘટના બની રહી છે. સામે પવિત્ર રમજાન માસ હોય ચોક બજાર અને લાલગેટ વિસ્તારમાં મોટાભાગના મુસ્લિમ સમાજના લોકો વસે છે જ્યારે ભુવો પડવાની ઘટનાને લઈને અહીં સ્થાનિકોમાં ભયનો માહોલ પેદા થયો છે. સામે રમજાન માસ હોય તે જ સમયે ભુવો પડવાની ઘટના બાદ સ્થાનિકોમાં સ્થળાંતર થવાનો માહોલ જોવા મળી રહ્યો છે. કોઈ મોટી દુર્ઘટના ન બને અને સ્થાનિકો માટે યોગ્ય વ્યવસ્થા કરી આપવા સરકાર તરફથી ઠોસ કામગીરી કરવામાં આવે તેવી માગ પણ તુફેલ પટેલે કરી હતી.

# વરાછાની પરિણીતાના આપઘાત કેસમાં સાસરિયા વિરૂદ્ધ ગુનો દાખલ કરાયો

## પતિ, સાસુ, સસરા, નણંદ વગેરે પરિણીતાને ત્રાસ આપતા હતા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

વરાછા વિસ્તારમાં રહેતી પરિણીતાને સંતાનો થયા બાદ કોઈને કોઈ કારણોસર શારીરિક માનસિક ત્રાસ આપી આત્મહત્યા કરવા મજબુર કરાઈ હોય પરિણીતાએ ગઈ તા.૧ ફેબ્રુઆરીના રોજ પોતાના બેડરૂમના બાથરૂમમાં ઝેરી દવા ગટગટાવી લીધી હતી. આ મામલે મૃતકના પરિવાર દ્વારા વરાછા પોલીસ સ્ટેશનમાં પતિ સાસુ-સસરા તેમજ નણંદ અને મિત્ર સામે આત્મહત્યા દુષ્પ્રેરણાનો ગુનો નોંધાવ્યો છે.

વરાછા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર વરાથા માતાવાડી વસંત ભાખાની વાડી પાસે એફીલ ટાવરમાં રહેતા અને હીરા પેઢીમાં મેનેજર તરીકે નોકરી કરતા સુનિલ મોહનભાઈ વાઘાણીએ તેની પત્નીને લગ્ન બાદ ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. સસરા મોહનભાઈ, સાસુ ગૌરીબેન તેમજ નણંદ સંગીતા વાઘાણી અને મિત્ર કમલેશ છગનભાઈ ધોરાજીયા પરિણીતાને સતત ત્રાસ આપતા હોય પિયરમાં સારા નરસા પ્રસંગમાં પરિણીતાને જવા દેવામાં આવતી ન હોય પરિણીતાએ ગઈ તા.૧ ફેબ્રુઆરીના રોજ બપોરના સમયે તેના બેડરૂમમાં બાથરૂમમાં ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જેનું સારવાર દરિમમયાન ગત ૨ ફેબ્રુઆરીના રોજ મોત થયું હતું. આ મામલે ગઈકાલે વરાછા પોલીસ સ્ટેશનમાં આત્મહત્યા દુષ્પ્રેરણાનો ગુનો નોંધાયો છે.

# બ્રેઈનડેડ જાહેર થયેલા તુષાર ઘેલાણીનું હાર્ટ એટેકથી મોત થતા અંગદાન થયું નહીં

## અંગદાન માટેની પ્રક્રિયા ચાલી રહી હતી તે દરમિયાન જ કાર્ડિયાક એરસ્ટથી તુષાર ઘેલાણીનું અવસાન

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

સુરતના જાણીતા બિલ્ડર તુષાર ઘેલાણીનું અવસાન થયું છે. અંગદાનની તેમની ઈચ્છા હોવા છતાં હાર્ટ એટેક (કાર્ડિયાક અરેસ્ટ) આવતાં માત્ર ચક્ષુદાન જ થઈ શક્યું છે. તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવશે અને આજે બપોરે ૨:૩૦ વાગ્યે અંતિમ યાત્રા કાઢવામાં આવશે. તેમ જાણકાર સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

તુષાર ઘેલાણીના અવસાનના સમાચાર મળતાં જ 'ડોનેટ લાઈફ' સંસ્થાના પ્રતિનિધિઓ મહાવીર હોસ્પિટલ પહોંચી ગયા હતા. તેમના મિત્ર વર્તુળમાં ઉદ્યોગકારે સહિત અનેક મોટી હસ્તીઓએ હોસ્પિટલમાં પહોંચીને પરિવારને સાંત્વના આપી હતી. અંગદાનની પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં જ તુષારભાઈને કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો, જેના કારણે અંગદાન ન થઈ શક્યું અને માત્ર આંખો (ચક્ષુદાન) જ લેવામાં આવ્યા છે.

તુષાર ઘેલાણી સુરતના રિયલ એસ્ટેટ અને કન્સ્ટ્રક્શન ક્ષેત્રમાં જાણીતા નામ હતા અને તેમના અવસાનથી શહેરના બિલ્ડર અને ઉદ્યોગકાર વર્ગમાં શોકનું મોજું ફરી વળ્યું છે. તેમના પરિવાર અને મિત્રોમાં ભારે શોકનો માહોલ છે. અંતિમ યાત્રા આજે બપોરે ૨:૩૦ વાગ્યે કાઢવામાં આવશે, જેમાં મોટી સંખ્યામાં લોકો ભાગ લેશે તેવી શક્યતા છે.

આ ઘટના અંગદાનના મહત્વ અને તેની સમયસર પ્રક્રિયાને લઈને પણ ચર્ચા જગાવી રહી છે. તુષાર ઘેલાણીના પરિવારે તેમના અંગદાનની ઈચ્છાને માન આપીને ચક્ષુદાન કર્યું છે, જે અન્ય લોકો માટે પણ પ્રેરણારૂપ બની રહેશે.





નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસના પાછળના ભાગે આવેલી ઓવરહેડ પાણીની ટાંકી એ હદે જર્જરીત થઈ ગઈ છે કે, લોખંડના સળિયા દેખાવા લાગ્યા છે. આ જોખમી ટાંકી ગમે ત્યારે ધરાશાયી થાય એ પહેલાં તંત્ર નક્કર પગલાં લે તે જરૂરી થઈ પડ્યું છે. (તસવીર : હનીફ મલેક)

## અમેરિકા દ્વારા ટેરિફમાં ઘટાડાથી

# સુરત સહિત સમગ્ર ગુજરાતના હીરા ઉદ્યોગમાં તેજીના નવા દ્વાર ખુલશે

## ટેરિફ કટથી હીરાની નિકાસ વધવાની સાથે હીરા ઉદ્યોગનું ભવિષ્ય પણ સુરક્ષિત થયું

**સુરત, તા.૫**

અમેરિકાએ ભારતીય માલસામાન પર લાદેલો ૫૦ ટકાટેરિફ તાત્કાલિક અસરથી ઘટાડીને૧૮ટકાકર્યોછે.આ નિર્ણયથી ભારતના હીરા અને ઝવેરાત ઉદ્યોગને મોટો લાભ થશે, જે છેલ્લા ૭ મહિનાથી સંકટનાવાદળોથીઘેરાયો હતો.

અમેરિકા ભારતના હીરા-ઝવેરાત ઉદ્યોગનો સૌથી મોટુ બજાર છે. હીરા અને ઝવેરાતની કુલ નિકાસમાં અમેરિકાનો હિસ્સો લગભગ ૩૦ ટકા છે અને વાર્ષિક અંદાજે ૧૦ અબજ ડોલર (૧૦બિલિયનડોલર)ની નિકાસ થાય છે. જેમાંથી ૭ થી૮ અબજ ડોલર હીરાની નિકાસ હોય છે,



પરંતુ ૨૦૨૫ માં અમેરિકાએ પહેલાં ૨૫% અને પછી વધારાના ૨૫%નો ટેરિફ લાદ્યો હતો. જેના કારણે કુલ ટેરિફ ૫૦% થતાગત એપ્રિલથી ડિસેમ્બર-૨૦૨૫ દરમિયાન અમેરિકામાં ભારતીય હીરા-ઝવેરાતની નિકાસ પાછલા વર્ષે ૬.૯૫ અબજ ડોલરની તુલનાએ ૪૪.૪% ઘટીને માત્ર ૩.૮૬ અબજ ડોલર રહી ગઈ હતી. ગત ડિસેમ્બર ૨૦૨૫ માં આ નિકાસ ૫૦% થી વધુ ઘટી ગઈ હતી.

### હીરા તથા જેમ-જ્વેલરી સેક્ટરને મોટુ બજાર મળશે : દિનેશ નાવડિયા

સુરતના કતારગામ સ્થિત ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટીટ્યૂટના ચેરમેન દિનેશભાઈ નાવડિયાએ ટેરિફ ઘટાડાની ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, વધુ પડતા ટેરિફના કારણે સુરતના હીરાના પોલિશિંગ યુનિટ્સમાં લાખો કામદારો પર નોકરીનું સંકટ મંડરાઈ રહ્યું હતું. ઉદ્યોગને માર્જિન પર ભારે દબાણ આવ્યું હતું, કેશફ્લો અટવાઈ ગયો હતો. હવે ૧૮% ના ટેરિફ થતા હીરાઉદ્યોગમાંનવીઉર્જાનોસંચારથશે.ઈન્સ્ટિટ્યુશનલ ઈક્વિટીઝના અહેવાલ અનુસાર આ ટેરિફ કટથી હીરાના નિકાસકારોને હવે વધુ સસ્તી કિંમતે માલ વેચવાની તક મળશે. જેથી નવા ઓર્ડર પાછા મેળવી શકાશે, જેનાથી મધ્યમ ગાળાના વિકાસ અને રોજગારીને મજબૂતી મળશે.

ટેરિફ ઘટાડવામાં વડાપ્રધાન નરેન્દ્રમોદીની રાજનીતિક કુનેહના ફરી એકવાર દેશવાસીઓને દર્શન થયા છે એમ જણાવી નાવડિયાએ ઉમેર્યુંકે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અગાઉ યુરોપનાર૭દેશોનાયુરોપિયનયુનિયન સાથે કરવામાં આવેલી ટ્રેડ ડીલ અને હવે અમેરિકાના ટેરિફ ઘટાડવાના નિર્ણયથી ડાયમંડ ઈન્ડસ્ટ્રી, જેમ એન્ડ જ્વેલરી સેક્ટરને મોટુંબજારમળશેઅને લાંબાગાળે મોટો આર્થિક ફાયદો થશે. આ રાહતથી માસ-માર્કેટ અને મિડ-પ્રાઈસ સેગ્મેન્ટમાં અમેરિકાના ખરીદદારો ફરીથી ભારતીય હીરા અને ઝવેરાત તરફ વળશે. લેબગ્રોન ડાયમંડ્સની વધતી હરીફાઈ વચ્ચે પણ નેચરલ ડાયમંડ્સની માંગ પણપૂર્વવતથશે.સુરતના હીરા બજારમાં ફરી રોનક આવશે એમજણાવીતેમણેવધુમાંકહ્યુંકે, ટેરિફકાપનો નિર્ણય ભારત-અમેરિકા વેપાર સંબંધોમાં નવો અધ્યાય ખોલશે. આગામી મહિનાઓમાં ડાયમંડ નિકાસમાં ઝડપી વૃદ્ધિ થશે અને સુરત-મુંબઈના હીરા-ઝવેરાત હબ ફરીથી ધમધમી ઊઠશે. ભારતના હીરા-ઝવેરાત ઉદ્યોગ માટે આ એક નવી ઉર્જા આપશે. જેનાથી હીરાની નિકાસ વધવાની સાથે હીરા ઉદ્યોગનું ભવિષ્ય પણ સુરક્ષિત થયું છે.ટેરિફ ૫૦% થી ઘટીને ૧૮ % થતા CVD (Chemical Vapour Deposition)અને HPHT (હાઈપ્રેશર, હાઈટેમ્પરેચર) ડાયમંડ ક્ષેત્રે રોજગારીની વિપુલ તકો સર્જાશેઃ શાંતિભાઈ ધાનાણી (ખજાનચી, ડાયમંડ એસોસિએશન)

### અમેરિકાએ ટેરિફ ઘટાડતા હીરા ઉદ્યોગમાં ખુશી : શાંતિજીભાઈ ધાનાણી

સુરત ડાયમંડ એસોસિએશનના ખજાનચી શાંતિજીભાઈ ધાનાણીએ પ્રતિક્રિયા આપતા જણાવ્યુંકે, અમેરિકા સરકાર દ્વારા ભારતીય ડાયમંડ પરના ઈમ્પોર્ટ ટેરિફમાં ૫૦% થી ઘટાડો કરી ૧૮% કરવામાં આવતા સુરતના હીરા ઉદ્યોગમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. ટેરિફ ઘટવાથી ખાસ કરીને લો-વેલ્યુ ધરાવતા CVD (Chemical Vapour Deposition)અને HPHT (હાઈપ્રેશર, હાઈટેમ્પરેચર) ડાયમંડ ક્ષેત્રે રોજગારીની વિપુલ તકો સર્જાશે અનેતેનીમાંગમાં મોટો ઉછાળો આવશે. અત્યાર સુધી ૫૦% જેટલો ઊંચો ટેરિફ હોવાને કારણે અમેરિકામાં ડાયમંડ મોકલવામાં મુશ્કેલીઓ પડતી હતી, જે હવે ઘણી હળવી થશે. આનાથી સુરત અને દક્ષિણ ગુજરાતના હીરા ઉદ્યોગમાં નવી તેજી આવશે.

તેમણે કહ્યુંકે,સુરતની વિવિધ ફેક્ટરીઓમાં અંદાજે ૮ થી ૧૦ લાખ રત્નકલાકારો કાર્યરત છે. ટેરિફમાં ઘટાડાને પરિણામે કામના ભારણમાં વધારો થતાં રત્નકલાકારોની આજીવિકા વધુ સુદ્રઢ બનશે. માત્ર સુરત જ નહીં, પરંતુ સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં પણ બંધ થયેલા કારખાનાઓ ફરી ધમધમતા થવાની અને ગ્રામીણ અર્થતંત્રને વેગ મળશે. રિયલ ડાયમંડ અને જ્વેલરી ક્ષેત્રમાં સકારાત્મકબદલાવઆવશેએમજણાવી શ્રી ધાનાણીએકહ્યું કે, રિયલ ડાયમંડ હજુ પણ હાઈ-વેલ્યુ ધરાવે છે. આગામી સમયમાં સરકાર જ્વેલરી પરના ટેરિફ અંગે પણ વાટાઘાટો કરી રાહત અપાવે તેવી ઉદ્યોગકારોની માંગ છે. જો જ્વેલરી પરનો ટેરિફ પણ ઘટશે તો આ ક્ષેત્રમાં હરણફાળ પ્રગતિ જોવા મળશે.

# ફેમિલી કોર્ટમાં પિતાની ગેરહાજરીના કારણે પુત્રીની કસ્ટડીનો દાવો રદ

## દીકરીના કસ્ટડી માટે દાવો કરનાર પિતા લાંબા સમયથી કોર્ટમાં હાજર રહેતા ન હતા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

ગાર્ડિયન એન્ડ વોર્ડ્સ એક્ટ હેઠળ ૩ વર્ષની સગીર દીકરીની કસ્ટડી મેળવવા પિતા દ્વારા કરવામાં આવેલી અરજી સુરત ફેમિલી કોર્ટે ફગાવી દીધી હતી.ભાવનગરના રહેવાસી પિતાએ સુરત ખાતે રહેતી પત્ની વિરુદ્ધ ગાર્ડિયન એન્ડ વોર્ડ્સ એક્ટ હેઠળ ૩ વર્ષની સગીર દીકરીની કસ્ટડી મેળવવા દાવો કર્યો હતો. કેસની સુનાવણી દરમિયાન પિતા લાંબા સમયથી પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહ્યા હતા અને કોર્ટમાં હાજર રહેતા નહોતા. પત્ની તરફે હાજર રહેલા એડવોકેટ જાવેદ મુલતાનીએ દલીલ કરી હતી કે, અરજદાર જાણીજોઈને કાર્યવાહીમાં વિલંબ કરી રહ્યા છે. વધુમાં પતિ વિરુદ્ધ ભરણપોષણના ૧,૬૫,૫૦૦ બાકી હોવાથી વોરંટ પણ નીકળ્યું છે.બંને પક્ષોની રજૂઆત અને પિતાની સતત ગેરહાજરીને ધ્યાને રાખી પ્રિન્સિપલ જજ એ.એસ. દેસાઈએ આ કેસને "પ્રોસિડીંગ ડિસમિસ ફોર ડિફોલ્ટ" ગણી રદ કરવાનો હુકમ કર્યો હતો. આ નિર્ણય સાથે હવે સગીર દીકરીનો કબજો માતા પાસે સુરક્ષિત રહેશે. આ કેસમાં માતા તરફે વકીલ તરીકે જાવેદ મુલતાની, જુનેદ મન્સૂરી અને રેખા માલિ હાજર રહ્યા હતા.

## જાહેર અભિનંદન



ભારતીય જનતા પાર્ટી સુરત જીલ્લા લઘુમતી મોર્ચાના મહામંત્રી તરીકે સુફીયાનખાન સિકંદરખાન પઠાણની નિમણૂક થતા બલેશ્વર ગામ તથા સમાજના આગેવાનો દ્વારા ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છા પાઠવે છે.

૧ કેતન ભાઈ પટેલ
૨ અશોકભાઈ રાઠોડ
૩ સાજીદ એમ. પઠાણ
૪ બિસ્મીલ્લાહ ડી. પઠાણ
૫ આરીફ શેખ
૬ ઈમરાન એચ. પઠાણ
૭ રશીદ એસ. તાય
૮ અરશદ પટેલ
૯ જાવીદ બી. પઠાણ
૧૦ સલીમ એસ. પઠાણ
૧૧ મોહસીન પઠાણ
૧૨ અજીમ પઠાણ
૧૩ ઈકબાલભાઈ મુલ્લા

બલેશ્વર ગામ વતી ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છા..

લિ. સુફિયાનખાન સિકંદરખાન પઠાણ
મહામંત્રી, લઘુમતી મોરચા, સુરત જિલ્લા, બલેશ્વર, તા.પલસાણા